પ્રાપ્તિસ્થાન

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા (ઉ. ગુ.)

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

અનુક્રમણિકા



: મુદ્રણસ્થાન :
ચંદ્રિકા પ્રિન્ટરી,
મીરઝાપુર રોડ,
અમદાવાદ.

પ્રસ્તાવના

આ અગાઉ આ ગ્રંથની ચાર આવૃત્તિ છપાઈ ચૂકી છે. ચોથી આવૃત્તિની ૨૦૦૦ નકલ ખલાસ થતા આ આવૃત્તિની ૩૦૦૦ નકલો છપાવેલ છે

આ આવૃત્તિમાં ચોથી આવૃત્તિની માફક પહેલો અને બીજો કર્મગ્રથ જ છપાવેલ છે. અને તેમા ચોથી આવૃત્તિ પ્રમાણે ટીપ્પણરૂપે **કર્મગ્રંથ-પ્રદીપ** પણ લેવામા આવેલ છે. જે કર્મગ્રથના અભ્યાસીઓના બુદ્ધિવિકાસ માટે ઉપયોગી થશે તેમજ બીજા કર્મગ્રથના પ્રદીપમા સસ્થાના ભૂતપૂર્વ સ્વ. વિદ્યાર્થી શિવલાલ સૌભાગ્યચંદનુ લખેલ **સત્તા પ્રકરણ** પણ વિસ્તૃત માહિતી જાણવા ઇચ્છનાર માટે દાખલ કરવામા આવેલ છે.

આ આવૃત્તિની સાઇઝ અભ્યાસકોને ઉપયોગી થાય તે હેતુથી ક્રાઉન ૮ પેજી સાઈઝને બદલે ક્રાઉન સોળપેજી રાખવામા આવેલ છે.

આ આવૃત્તિમાં જે કાઈ સ્ખલનાઓ જણાય તે સુજ્ઞ વાચકોને જણાવવા વિનતિ છે જેથી હવે પછીની આવૃત્તિમા યોગ્ય સુધારો થઇ શકે.

દૃષ્ટિદોષથી કે પ્રેસદોષથી થયેલ ભૂલો અંગે ક્ષમા યાચીયે છીએ. ખાસ ભૂલોનું શુદ્ધિપત્રક આપવામાં આવેલ છે. તે પ્રમાણે સુધારી લેવા વિનતિ છે.

લિ૦

વકીલ ચીમનલાલ અમૃતલાલ શાહ

મહેસાણા — શ્રી બાબુલાલ જેશિંગલાલ મહેતા

માહ સુદ ૫ — ઓ. સેક્રેટરીઓ

વિ. સં. ૨૦૩૩ — શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા

શ્રી જીવવિજયજી મહારાજ કૃત–

સ્તબકાર્થઃ

मङ्गलाचरणम्

[आर्या छन्द]

प्रणिपत्य जिनं वीरं, वृत्त्यनुसारेण जीवविजयाह्वः ।
वितनोमि स्तबुकार्थं कर्म्मग्रन्थे सुगमरीत्या ॥ १ ॥

गहनार्थोऽयं ग्रन्थो मन्दधियां वृत्तयोऽपि दुर्बोधाः ।
तेषामनुग्रहकृते न्याय्यं स्तबुकार्थकरणं मे ॥ २ ॥

[શ્રી વીર પરમાત્માને પ્રણામ કરી; જીવવિજય નામનો હું મુનિ કર્મગ્રંથનું સરલ વિવેચન રચું છું. ૧

આ ગ્રંથ તો મહાન્ છે જ, અને બાળ જીવોની બુદ્ધિ મંદ હોય છે, તેથી તેઓના લાભ માટે આ ટુંક વિવેચન કરવાનો મારો પ્રયાસ સફળ થશે. ૨.]

પ્રશ્ન–"કર્મગ્રંથ" તે શું કહીએ?

ઉ૦ જીવ–મિથ્યાત્વાદિક હેતુએ કરીને કરીએ–આત્મા સાથે પુદ્ગલ બાંધિયે, તે–કર્મ કહીએ.

क्रियते, इति कर्म्म, इति व्युत्पत्तेः

તે કર્મ્મનું=મૂળોત્તર પ્રકૃતિભેદે કરી, તથા–પ્રકૃતિ: સ્થિતિઃ રસઃ પ્રદેશાદિઃ ભેદે કરી તથા–બંધઃ ઉદયઃ ઉદીરણાઃ અને સત્તાદિ: ભેદે કરી. કથન–રચવું–પ્રતિપાદન છે જેને વિષે=તે કર્મ્મગ્રંથ કહીએ.

તિહાં–પ્રથમ કર્મ્મવિપાક નામે કર્મ્મગ્રંથ કહે છેઃ

(૧)

કર્મવિપાક કર્મગ્રંથ:

મંગળાચરણઃ વિષયઃ પ્રયોજનઃઅને કર્મનો વ્યુત્પત્ત્યર્થ:

सिरि-वीर-जिणं वंदिअ, कम्म-विवागं समासओ वुच्छं ।
कीरइ जिएण हेउहिं जेणं-तो भन्नए "कम्मं." ॥ १ ॥

શબ્દાર્થ :–

સિરિવીર=શ્રી વીર જિનેશ્વરને, વંદિય=વંદન કરીને. કમ્મ-વિવાગં=કર્મ-વિપાક સમાસઓ=ટુંકામા. વુચ્છં= કહીશ કીરઇ=કરાય છે. જિએણ=જીવે. હેઉહિ=હેતુ-ઓવડે. જેણું=જેથી. તો=તેથી. ભન્નએ=કહેવાય છે. કમ્મં=કર્મ ૧.

ગાથાર્થ :–

શ્રી મહાવીરસ્વામીને વંદન કરી, કર્મવિપાક

[નામનો ગ્રન્થ] હું હુંકામાં કહેવાનો છું.

જેથી—

જીવે હેતુઓ વડે "કરાય" છે,

તેથી—

"કર્મ" કહેવાય છે. ૧

સિરિ=શ્રી તે-અતિશય, પ્રાતિહાર્યાદિક તીર્થંકરલક્ષ્મી. તેણે કરી સહિત એવા વીર=તે-પરીસહાદિક સહવા સમર્થ. જિણં=તે-રાગદ્વેષના જીપણહાર. એહવા **શ્રી વીરજિન** પ્રત્યે **વંદિય**-વાંદીને કર્મનો જે વિપાક=પ્રકૃતિપ્રતિપાદનરૂપ, તે **સમાસઓ**-સંક્ષેપથકી કહીશ.

એટલે-કર્મવિપાક નામા પહેલો કર્મગ્રંથ કહું છું.

હવે—

કર્મ. તે શું? તે કહે છે.

અંજનચૂર્ણના ડાબડાની પેઠે નિરંતર પુદ્ગલે કરીને ભર્યા લોકને વિષે **ક્ષીર-નીરને** ન્યાયે: અને **લોહાગ્નિને** ન્યાયે. કર્મપુદ્ગલની વર્ગણા જીવે પોતાના આત્મા સંઘાતે -મિથ્યાત્વ. અવિરતિ: કષાય: યોગ: રૂપ અભ્યંતર હેતુઓએ કરી. તથા "**પડિણીયત્તણનિન્હવ**" ઇત્યાદિ બાહ્ય હેતુઓએ કરીને,-સંબદ્ધ કરીએ, તે કર્મ કહીએ.

તે કર્મ: રૂપી: છે, અરૂપી નથી. આત્માને [illegible] ઉપઘાત થાય છે, તે માટે.

ઇહાં– કોઈ કહેશે, કે– " આત્માને રૂપી કર્મ્મનો કીધો ઉપઘાતઃ અનુગ્રહઃ કેમ ઘટે ? "

તેનો ઉત્તર એ છે, કે " હાદ્યા મનુષ્યને પણ મદ્ય-પાનાદિકે મતિનો ઉપઘાત થાય છે. અને બ્રાહ્મી પ્રમુખ ઔષધિએ અનુગ્રહ પણ થતો દીસે છે.

એ પુદ્ગલયોગે જેમ બાહ્યથકી અરૂપી જીવને ઉપઘાતઃ અનુગ્રહઃ થાતો દીસે છે, તેમ કર્મ્મવર્ગણાએ કરીને જીવને ઉપઘાત· અનુગ્રહઃ થાય છે. "

તથા–જીવ સમયે સમયે શુભાશુભ કર્મ્મ બાંધે છે, છોડે છે. પણ **પ્રવાહથકી કર્મબંધ અનાદિ છે.**

" अणाइयं तं पवाहेणं–इति वचनात्. "

અન્યથા–કર્મની આદિ કહીએ. તો–તે કર્મ્મબંધ થકી પૂર્વે, જીવ કર્મ્મરહિત હોવો જોઈએ; અને તે **"કર્મ્મબંધ** રહિતને કર્મ્મબંધ થયો." કહિયે, તો સિદ્ધને પણ કર્મ્મ-બંધ થાય.

તે માટે કર્મ્મબંધ તે અનાદિ છે.

ઇહાં, કોઈ કહે કે–" અનાદિ સંયોગનો વિયોગ કેમ થાય ? "

તત્રોત્તર—

" કંચન અને ઉપલનો સંયોગ અનાદિનો છે, તેનો તથાવિધ સામગ્રીવશે વિયોગ થાય છે, તેમ જીવ–કર્મનો પણ

તથાવિધ સામગ્રીવશે ભવસ્થિતિ પરિપાકે આત્યંતિક વિયોગ થાય છે. ફરી તેને પાછો સંયોગ ન થાય. काञ्चनोपलवत. ॥१॥

તે કર્મના-લાડુના દૃષ્ટાંતપૂર્વક ચાર પ્રકારે: અને મૂળોત્તર ભેદો:—

पयइ-ठिइ-रस-पएसा तं चउहा मोअगस्स दिट्ठंता ।
मूल-पगइट्ठ-उत्तर-पगइ-अडवन्न-सय-भेयं ॥ २ ॥

શબ્દાર્થ :— **પયઇ-ઠિઇ-રસ-પએસા**= પ્રકૃતિ: સ્થિતિ રસ: અને પ્રદેશ ને આશ્રયીને **તં**=તે. **ચઉહા**=ચાર પ્રકારે. **મોઅગસ્સ**=લાડુના **દિટ્ઠંતા**=દૃષ્ટાંતે કરીને. **મૂલ-પગઇટ્ઠ-ઉત્તર-પગઇ અડવન્નસય-ભેયં**=મૂળ પ્રકૃતિએ આઠ, અને ઉત્તર પ્રકૃતિએ એકસો અઠ્ઠાવન ભેદોવાળું. ૨.

ગાથાર્થ :

મૂળ પ્રકૃતિએ આઠ: અને ઉત્તર પ્રકૃતિએ એકસો અઠ્ઠાવન ભેદોવાળું તે કર્મ પ્રકૃતિ સ્થિતિ: રસ: અને પ્રદેશ. ને આશ્રયીને લાડુ દૃષ્ટાંતે ચાર પ્રકારે છે. ૨

કર્મના સ્વભાવ: તે-પ્રકૃતિ ૧ કાળનું માન: તે-સ્થિતિ ૨ કર્મ પુદ્ગલના શુભ-અશુભ રસનું તીવ્ર-મંદપણું. તે અનુભાગ ૩. અને પુદ્ગલના દળિયાનું માન:તે-પ્રદેશ કહીએ-૪.

એમ ચાર પ્રકારે કર્મ છે તે મોદક-લાડુઆને દૃષ્ટાંતે જાણવાં.

प्रकृतिस्तु स्वभावः स्यात् स्थितिः कालावधारणम् ।
अनुभागो रसो ज्ञेयः प्रदेशो दल–संचयः ॥ १ ॥

"એ મોદકના દૃષ્ટાંત થકી જાણવો." તે કેમ?

તે કહે છે—

જેમ–કોઈ વાતાપહારી સુંઠાદિ દ્રવ્યે નિષ્પન્ન મોદક તે–પ્રકૃતિએ–સ્વભાવે–વાયુનેજ ટાળે. વળી પિત્તાપહારી દ્રવ્યે નિષ્પન્ન, તે પિત્તનેજ ટાળે; વળી–કફાપહારી દ્રવ્યે નિષ્પન્ન, તે કફને ટાળે. તેમ–કર્મ પણ, કોઈક જ્ઞાનને આવરે, કોઈ દર્શનને–દેખવાને આવરે, ઈત્યાદિ–તે **પ્રકૃતિ** કહીએ. ૧

તથા–કોઈક મોદક એક દિન જ રહે, કોઈક બે દિન રહે; યાવત્ કોઈ માસ લગે રહે, તે ઉપરાંત–વિણસે. તેમ–કોઈ કર્મની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ: કોઈકની ૩૦ કોડાકોડી સાગર પ્રમાણ: કોઈકની ૭૦ કોડાકોડી સાગર પ્રમાણ: હોય, ઈત્યાદિ. એ **સ્થિતિ** કહિયે ૨.

તથા–સ્નિગ્ધઃ રૂક્ષઃ મધુરઃ કટુકાદિકઃ **રસ.** તે કોઈક મોદકનો એક ગુણ હોયઃ કોઈકમાં દ્વિગુણ: ત્રિગુણઃ ચતુર્ગુણઃ પણ હોય. તેમ–કર્મનો કોઈ વખત એકસ્થાનીય રસ હોયઃ અને કોઈ વખત તીવ્ર: તીવ્રતર: કષાયને યોગે દ્વિસ્થાનીય: ત્રિસ્થાનીયઃ ચતુઃસ્થાનીય. રસ હોય. એ–**રસ** કહીએ ૩.

તે મોદકના પ્રદેશ તે–કણિયા રૂપ. તે કોઈ એક પસલી પ્રમાણઃ કોઈ એક પાશેરઃ અધશેરઃ શેરઃ પ્રમાણ

હોય. તેમ–કોઈ કર્મના દળિયા કોઇકને થોડાઃ કોઇકને ઘણા.
એ–પ્રદેશ ૪.

એ મોદકનો દૃષ્ટાંત જાણવો.

હવે, તે કર્મની મૂળ પ્રકૃતિઃ આઠ છે, અને તે મૂળ પ્રકૃતિની ઉત્તરપ્રકૃતિ=તે ઉત્તરભેદ; એકસો અઠ્ઠાવન છે. ॥૨॥

ઉત્તર ભેદોની સંખ્યા સાથે મૂળ પ્રકૃતિનાં નામો.—

इह नाण-दंसणावरण-वेय-मोहाउ-नाम-गोआणि ।
विग्घं च पण-नव-दु-अट्ठवीस-चउ-तिसय-दु-पण-विहं ॥३॥

શબ્દાર્થ :—ઇહ=અહીં નાણ–દંસણાવરણ–વેઅ–મોહાઉ–નામ–ગોઆણિ=જ્ઞાન અને દર્શનાવરણીય વેદ્ય મોહઃ આયુપ નામ ગોત્રઃ વિગ્ઘ—અંતરાય. પણ નવ–દુ–અટ્ઠવીસ–ચઉ–તિસય–દુ–પણ–વિહં= પાચ નવ બે અઠ્ઠાવીશઃ ચાર એકસો ત્રણઃ બે. તથા પાચ. ભેદોવાળું. ૩

ગાથાર્થ—

અહીં—પાંચઃ નવઃ બે અઠ્ઠાવીશ ચારઃ એક સો ત્રણ બે અને પાંચ ભેદો વાળા જ્ઞાન-દર્શનનાં આવરણ. વેદનીય મોહનીય આયુપ નામઃ ગોત્ર અને અંતરાય (કર્મ) છે. ૩

ઇહિં=પ્રવચનને વિષે.

વિશેષાવબોધરૂપ-જ્ઞાનને આવરે–ઢાંકે, તે-જ્ઞાનાવરણીય કર્મ કહીએ ૧.

સામાન્યાવબોધરૂપ–દર્શનને એટલે–ઇંદ્રિયના વિષયને આવરે. તે–**દર્શનાવરણીય** કર્મ ૨.

સાતા–અસાતાપણે વેદવું પડે. તે **વેદનીય કર્મ** ૩.

મુંઝવે–વિકળ કરે–સમ્યક્ત્વ: ચારિત્ર. થકી તે **મોહનીય કર્મ** ૪.

અન્ય–ભવાંતરને પમાડે, તે **આયુ: કર્મ** ૫.

શુભાશુભપણું પમાડે. તે **નામકર્મ** ૬.

ઉંચ–નીચ પણે ગાઇએ–બોલાવીએ, તે **ગોત્રકર્મ** ૭.

દાનાદિક લબ્ધિનો અંતરાય કરે, તે–વિઘ્ન–**અંતરાય કર્મ** ૮.

એ આઠ કર્મનાં નામ કહ્યાં.

હવે એહની ઉત્તર પ્રકૃતિની સંખ્યા કહે છે·—

જ્ઞાનાવરણીય **પાંચ** ભેદે છે ૧.

દર્શનાવરણીય **નવ** ભેદે છે ૨.

વેદનીય **બે** ભેદે છે ૩.

મોહનીય **અઠ્ઠાવીશ** ભેદે છે ૪.

આયુષ કર્મ **ચ્યાર** ભેદે છે ૫.

નામકર્મ **એકસો ત્રણ** ભેદે છે ૬.

ગોત્રકર્મ **બે** ભેદે છે ૭

અને અંતરાયકર્મ **પાંચ** ભેદે છે ૮.

એવં—આઠ કર્મની એકસોઅઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિ જાણવી. એ આઠ કર્મનો ઉપન્યાસક્રમ કહીએ છીએઃ—

ઈહાં જ્ઞાનઃ દર્શનઃ તે જીવનું લક્ષણ છે.

"चेतनालक्षणो जीवः" इति वचनात् .

તે—જ્ઞાનઃ દર્શનઃ વિનાનો જીવ, તે અજીવપણું પામે.

તે બે માહે પણ જ્ઞાન મુખ્ય છે.—સાકારોપયોગ—વિશેષોપયોગ માટે.

સાકારોપયોગવંત જીવને સર્વ લબ્ધિ ઊપજે. મોક્ષપ્રાપ્તિ સમયે પણ સાકારોપયોગવંત હોય. તે માટે જ્ઞાન મુખ્ય છે.

તે જ્ઞાનને આવરે—ઢાકે, તે જ્ઞાનાવરણીય કર્મ.

તે—એટલા માટે પ્રથમ કહ્યું ૧.

તે પછી—બીજે સમયે કેવળીને અનાકારોપયોગ-સામાન્યોપયોગ—દર્શનોપયોગ હોય. તે દર્શન આવરે—ઢાંકે, તે દર્શનાવરણીય કર્મ.

તે માટે, જ્ઞાનાવરણીય પછી દર્શનાવરણીય કહ્યુ ૨.

એ બે આવરણીય કર્મો પોતપોતાનો વિપાક દેખાડતાં સુખ—દુઃખ વેદનીય—વિપાકનો હેતુ થાય.

તે માટે, તે પછી—વેદનીય કહ્યું ૩.

માના—અમાના વેદનીયને ઉદયે જીવને અવશ્ય રાગ—દ્વેષ કષાય ઉપજે,

તે માટે, તે પછી મોહનીય કહ્યુ ૪.

મોહનીયે મુંઝાયા જીવ બહુ આરંભાદિકે કરીને નરક-તિર્યં ચાદિકનું આયુ બાંધે

તે માટે-તે પછી **આયુઃ કર્મ** કહ્યુ.

ભવથકી ભવાંતરે જાતા જીવને નિશ્ચે ઉદય આવે, તે **આયુ** કહિયે.

યદ્યપિ કર્મ તો સર્વ ઉદયે આવે જ, પણ શેષ ૭ કર્મ-તે ભવે. તથા ભવાતરેઃ તથા ઘણે ભવેઃ પણ ઉદય આવે, અને **આયુઃ કર્મ** તો તે ભવે ઉદય આવે જ નહીં, ભવાતરે (અનતર ભવે) જ ઉદય આવે, એ વિશેષ છે. ૫

આયુને ઉદયે અવશ્ય **ગતિ-જાત્યાદિક નામકર્મનો** ઉદય હોય

તે માટે, તે પછી-**નામકર્મ** કહ્યુ ૬.

નામકર્મને ઉદયે અવશ્ય **ઊંચ-નીચાદિક ગોત્રનો** ઉદય હોય.

તે માટે, તે પછી-**ગોત્રકર્મ** કહ્યુ ૭

ઊંચ-નીચ ગોત્રને ઉદયે અનુક્રમે **દાનઃ લાભાદિકનો** ઉદય-વિનાશ થાય

તે માટે-તે પછી **અંતરાય કર્મ** કહ્યું ૮.

એ આઠ કર્મનો ઉપન્યાસક્રમ કહ્યો. ॥૩॥

૧લું-પાંચ ભેદે જ્ઞાનાવરણીય કર્મઃ

પાચ જ્ઞાનઃ મતિજ્ઞાનઃ વ્યઞ્જનાવગ્રહુ—

मइ-सुअ-ओही-मण-केवलाणि नाणाणि तत्थ-मइ-नाणं ।
वंजण-वग्गह चउहा मण नयण-विणिंदिय-चउक्का. ॥ ४ ॥

દ્રવ્યનુ. તથા—સર્વ જીવાજીવના સર્વ પર્યાયનુ: સમકાળે જાણવું, તે—**કેવળજ્ઞાન** કહીએ ૫.

એ પાચ જ્ઞાન કહીએ.

તે માંહે—

પહેલા બે જ્ઞાન, તે—**પરોક્ષ** જ્ઞાન છે, ત્રણ **પ્રત્યક્ષ** જ્ઞાન છે.

હવે—

પ્રથમ—

મતિજ્ઞાન અઠ્ઠાવીશ ભેદે છે.

તે અઠ્ઠાવીશ ભેદ કહે છે:—

ઇંદ્રિયને પ્રાપ્ત વિષયપદાર્થનું અવ્યક્તપણે જાણવું—તે—**વ્યંજનાવગ્રહ** કહીયે.

તે ચાર ભેદે હોય.

તે કહે છે:—

મનઃ અને નયનઃ—તે ચક્ષુ ઇંદ્રિયઃ એ બે વિના, શેષ ચાર ઇંદ્રિયનો વ્યંજનાવગ્રહ હોય.

મન. અને ચક્ષુ.નો વિષય અપ્રાપ્યકારી છે—પુદ્ગલ અણફરસ્યે વિષય જાણે. તે માટે, તે—મનઃ અને ચક્ષુનો વ્યઞ્જનાવગ્રહ ન હોય ૪.

મતિજ્ઞાન—ચાલુ—

અર્થાવગ્રહઃ ઇહા. અપાયઃ ધારણા. તથા શ્રુતજ્ઞાનના ભેદો—

अत्थुग्गह-ईहा-ऽवाय-धारणा करण-माणसेहिं छ-हा ।
इय अट्ठ-वीस-भेअं. चउ-दस-हा वीस-हा व सुयं ॥५॥

શબ્દાર્થ—અત્થુગ્ગહ-ઇહાઽવાય-ધારણા=અર્થાવગ્રહ, ઇહા, અપાય, અને ધારણા, કરણ-માણસેહિં=ઇંદ્રિયો અને મન વડે કરીને. છ-હા=છ પ્રકારે. ઇય=એ પ્રમાણે અટ્ઠ-વીસ-ભેયં=અઠ્ઠાવીસ પ્રકારે ચઉ-દસહા=ચઉદ પ્રકારે. વીસ-હા=વીશ પ્રકારે. સુયં=શ્રુતજ્ઞાન. વ=અથવા. ૫.

ગાથાર્થ :—

ઇંદ્રિયોઃ અને મનઃ વડે કરીને અર્થાવગ્રહઃ ઇહાઃ અપાયઃ અને ધારણાઃ છ પ્રકારે છે.

એમ અઠ્ઠાવીશ ભેદે મતિજ્ઞાન છે.

શ્રુતજ્ઞાન-ચૌદ પ્રકારેઃ અથવા વીશ પ્રકારે છે.

ઇંદ્રિયને વિષયપ્રાપ્ત પદાર્થનુ સામાન્યપણે જાણવું. તે-અર્થાવગ્રહ કહીયે ૧

"એ શું હશે ?" એ વિચારવું, તે-ઇહા ૨.

તેનુ નિર્ધારવું, તે-અપાય કહીએ ૩.

તે ધારી રાખવું, તે-ધારણા ૪.

એ ચારે કરણ [પાચ ઇંદ્રિય]. અને છઠ્ઠું મનઃ એમઃ છ છ ભેદે હોય.

એમ-૬×ચાર=ચોવીશ ભેદ થયા. અને ચાર ભેદ વ્યંજનાવગ્રહ, એમ અઠ્ઠાવીશ ભેદે મતિજ્ઞાન હોય.

ઇહા-મતિજ્ઞાન બે ભેદે છે:—

શ્રુતનિશ્રિતઃ અને ૨ અશ્રુતનિશ્રિતઃ

તિહાં-

જે પ્રાયે શ્રુતના અભ્યાસ વિના-સહેજે જ વિશિષ્ટ ક્ષયોપશમને વશે મતિ ઉપજે, તે-અશ્રુતનિશ્રિત કહીયે.

તે ચાર ભેદે છેઃ-ઔત્પાતિકી ૧, વૈનયિકી ૨, કાર્મ્મિકી ૩, પારિણામિકી ૪. એ ચાર બુદ્ધિ.

સહેજે-પોતાની મેળેજ ઉપજે, તે-ઔત્પાતિકી બુદ્ધિ ૧.

ગુરુનો વિનયઃ શુશ્રુષા-સેવા કરતા આવે, તે વૈનયિકી બુદ્ધિ. ૨.

કર્મ્મ કરતાં ઉપજે, તે-કાર્મ્મિકી ૩.

પરિણામ તે દીર્ઘકાળનું પૂર્વાપર અર્થનું અવલોકન, તે-પારિણામિકી બુદ્ધિ ૪.

એહનું વિશેષ સ્વરૂપ. नंदीसूत्रः आवश्यकवृहद्वृत्तिः પ્રમુખ થકી જાણવું.

અને જે શ્રુતને અભ્યાસે શ્રુતસ્મરણપૂર્વક ઇંદ્રિયાર્થથકી વ્યવહાર સંપજે. તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહિયે.

તે પણ ચાર ભેદે છે—

અવગ્રહ ૧. ઇહા ૨. અપાય ૩. ધારણા ૪.

હિત વાંળી અવગ્રહ બે ભેદે—

શ્રોત્રેંદ્રિયનો વ્યંજનાગ્રહ ૧.

તે પછી-"કોઇએ મ્હને સાદ દીધો." એહવું અવ્યક્ત જ્ઞાન, તે-શ્રોત્રેંદ્રિયનો અર્થાવગ્રહ ૨.

"એ અમુક પુરુષનો કે અમુક સ્રીનોઃ સાદ જણાય છે." એહવી વિચારણા, તે-ઇહા ૩.

એ તો "ખર સ્વર. માટે અમુકનો જ સાદ છે," એહવો નિશ્ચય થાય, તે-અપાય ૪.

તે વાર પછી તેને ઘણા કાળ લગી ધારી રાખે, તે-ધારણા ૫.

૨. કોઇક પુરુષે અવ્યક્ત રૂપ દીઠું :

તે રૂપના પુદ્ગળ અપ્રાપ્યકારી હોવાથી ચક્ષુને ફરસત નથી, માટે-તેનો વ્યંજનાવગ્રહ ન હોય.

દેખવાને પ્રથમ સમયેજ અવ્યક્ત જ્ઞાનરૂપ ચક્ષુરિંદ્રિયનો અર્થાવગ્રહ થાય.

તે પછી-"એ સ્થાણુઃ કે પુરુષઃ? સ્થાણુ તે સ્થિર હોય, પુરુષ તો હાલે ચાલે." એહવી વિચારણા, તે-ઇહા ૨.

"એ તો નિશ્ચયે સ્થાણુ છે. સ્થિર હોવા માટે." એહવું જ્ઞાન, તે-અપાય ૩.

ને પછી-તેને ધારી રાખે, તે-ધારણા-૪.

૩ કોઇક પુરુષે અવ્યક્ત ગંધ સુંઘ્યો-આઘ્રાયો.

તે ગંધના પુદ્ગળ ઘ્રાણેંદ્રિય સાથે બદ્ધ—સ્પૃષ્ટ થયા, ત્યારે-અતિ અવ્યક્તપણે થયું જે ગંધ જ્ઞાન, તે-ઘ્રાણેંદ્રિયનો વ્યંજનાવગ્રહ ૧.

તે પછી—"કાંઇક સુગંધ આવે છે." એવું અવ્યક્ત-જ્ઞાન. તે-ઘ્રાણેંદ્રિયનો અર્થાવગ્રહ ૨.

"એ કપૂર કે સુંઠનો ગંધ?" એહવી વિચારણા, તે ઇહા ૩.

"એ તો શીતળ, માટે કપૂરનો જ ગંધ." તે અપાય ૪.

ત્યાર પછી તેને ધારી રાખે, તે—ધારણા ૫.

૪ કોઇક પુરુષે અવ્યક્તપણે રસ આસ્વાદ્યો.

તે રસના પુદ્ગળ રસનેંદ્રિય સાથે બદ્ધ—સ્પૃષ્ટ થયા, તે સમયે અતિ અવ્યક્તપણે થયું જે રસનું જ્ઞાન, તે-રસનેંદ્રિયનો વ્યંજનાવગ્રહ ૧.

તે પછી "કાંઇક સ્વાદ જણાય છે." એહવું અવ્યક્ત જ્ઞાન તે રસનેંદ્રિયનો અર્થાવગ્રહ ૨.

તે પછી "એ ગોળ કે સાકર હશે?" એવી વિચારણા. તે—ઇહા ૩.

"એ તો અતિ મધુર. માટે સાકરનો જ રસ." એવું નિશ્ચય જ્ઞાન તે—અપાય ૪.

તે પછી—તેને ધારી રાખે, તે—ધારણા ૫.

૫ કોઇક પુરુષે અવ્યક્તપણે ફરસ વેદ્યો.

તે ફરસના પુદ્ગળ સ્પર્શનેંદ્રિય સાથે બદ્ધઃ સ્પૃષ્ટ થયા. તે સમયે અતિ અવ્યક્ત સ્પર્શનું થયું જે જ્ઞાન, તે **સ્પર્શનેંદ્રિયનો વ્યંજનાવગ્રહ ૧.**

તે પછી "કાંઈ મ્હારે શરીરે સ્પર્શ થયો." એવું અવ્યક્ત જ્ઞાન, તે **સ્પર્શનેંદ્રિયનો અર્થાવગ્રહ ૨.**

'એ રજ્જુ કે સર્પ હશે?" એવી વિચારણા તે-ઇહા ૩.

"એ તો સુકુમાળ જણાય છે, માટે નિશ્ચે સર્પનો સ્પર્શ." એવું જ્ઞાન, તે-**અપાય ૪.**

તે પછી તેને ધારી રાખે, તે-**ધારણા ૫.**

૬ કોઇક પુરુષ અવ્યક્ત સ્વપ્ન દેખી જાગ્યો.

તે સ્વપ્નમાંહે કોઈક વસ્તુ સંભવી, તેના પુદ્ગળ મનને ફરસતા નથી, તે માટે **વ્યંજનાવગ્રહ** ન હોય.

ચિંતવવાને પ્રથમ સમયે જ અવ્યક્ત જ્ઞાનરૂપ મનનો **અર્થાવગ્રહ** થાય. ૧.

તે પછી "એ સ્વપ્નમાં મેં શું દીઠું?" એવી વિચારણા, તે-ઇહા ૨.

"એ તો મ્હેં અમુક જ સ્વપ્ન દીઠું. એવો નિર્ધાર તે-અપાય ૩.

તે પછી-તેને ધારી રાખે, તે-ધારણા ૪.

એ **મતિજ્ઞાનના ૨૮ ભેદો** નંદીસૂત્રને અનુસારે વિવરીને દેખાડયા.

તે માહે—ચ્યાર બુદ્ધિ ભેળવીયે; ત્યારે ૩૨ થાય.

તથા **જાતિસ્મરણ** પણ અતીત—સંજ્ઞી પંચેદ્રિયનાં—ભવ સંખ્યાતા (અસંખ્યાતા પણ) દેખે. તે પણ **મતિજ્ઞાન** કહિયે. આચારાંગે તેને **ધારણાનો** ભેદ કહ્યો છે.

તથા—**મતિજ્ઞાનના** ૨૮ ભેદના—

બહુ ૧ઃ ક્ષિપ્ર ૫ઃ સંદિગ્ધ ૯ઃ
અબહુ ૨ઃ અક્ષિપ્ર ૬ઃ અસંદિગ્ધ ૧૦ઃ
બહુવિધ ૩ઃ નિશ્રિત ૭ઃ ધ્રુવ ૧૧ઃ
અબહુવિધ ૪ઃ અનિશ્રિત ૮ઃ અધ્રુવ ૧૨ઃ એ બાર ભેદ છે.

એહનો અર્થ—

કોઈક—અનેક વાજીંત્રના શબ્દ સામટા સાભળીને—

"ઈંડા આટલી ભેરી આટલા શંખ વાગે છે." એમ સર્વ પૃથક્ પૃથક્ શબ્દ ગ્રહે, તે **બહુગ્રાહી** ૧.

અને કોઈ અવ્યક્તપણે "વાજીંત્ર વાગે છે." એટલું જ જાણે પણ વિશેષ ન જાણે, તે—**અબહુગ્રાહી** ૨.

કોઈક—"મધુર. મંદ્રત્વાદિઃ" બહુ ધર્મોપેત જાણે તે—**બહુવિધગ્રાહી** ૩.

અને કોઈક—એક. બેઃ પર્યાયોપેત ગ્રહે. તે—**અબહુવિધગ્રાહી** ૪.

ભાવ થકી:-મતિજ્ઞાની-આદેશે-સર્વ ભાવ જાણે, પણ દેખે નહીં.

એ મતિજ્ઞાનના ભેદ કહ્યા.

હવે શ્રુતજ્ઞાનનું વિવેચન કરે છે.

યદ્યપિ-મતિ-શ્રુત તો સંલગ્નજ છે-

जत्थ मइ-नाणं तत्थ सुय-नाणं जत्थ सुय-नाणं तत्थ मइ-नाणं इति वचनात्.

તથાપિ-પૂર્વે મતિ જ્ઞાન. પછી શ્રુત જ્ઞાન છે.

मइ-पुव्वं जेण सुअं, न मई सुअ-पुव्विआ इत्यागमवचनात्,

તથા-મતિ તે શ્રુતનો હેતુ છે, અને શ્રુતઃ તે મતિનું ફળ છે.

તથા-મતિ. તે-મૂળગું આપણું સ્વરૂપ કોઇને કહી ન શકે, અને શ્રુત. તે અક્ષરરૂપ છે. તે માટે-પૂર્વે મતિ અને તે પછી:-શ્રુત જ્ઞાનઃ-છે.

હવે-શ્રુત જ્ઞાનના ૧૪: અથવા ૨૦: ભેદ છે. ૫

તિહાં-પ્રથમ ચૌદ ભેદ કહે છે:—

अक्खर-सन्नी सम्मं साइअं खलु स-पज्जवसिअं च ।
गमियं अंग-पविट्ठं सत्त वि एए स-पडि-वक्खा ।।५।।

શબ્દાર્થ—અક્ખર-સન્ની-સમ્મં=અક્ષરઃ સંજ્ઞિઃ સમ્યક્. સાઇઅં=સાદિઃ ખલુ=જ. સપજ્જવસિઅં=

સપર્યવસિત-અંતસહિત-સાંત. ગમિઅં=ગમિક. અંગ-પવિટ્ઠં=અંગપ્રવિષ્ટ. સત્ત=સાત. વિ=પણ. એએ=એ. સપડિ-વક્ખા=વિરુદ્ધ સહિત. ૬.

ગાથાર્થ :-

વિરુદ્ધ સહિત-અક્ષરઃ સંજ્ઞિઃ સમ્યક્; સાદિઃ સપર્યવસિતઃ ગમિકઃ અંગપ્રવિષ્ટઃ એ સાતેય ॥૬॥

અક્ષર શ્રુત ૧:	અનાદિ શ્રુત ૮.
અનક્ષર શ્રુત ૨:	સપર્યવસિત શ્રુત ૯:
સંજ્ઞિ શ્રુત ૩:	અપર્યવસિત શ્રુત ૧૦:
અસંજ્ઞિ શ્રુત ૪:	ગમિક શ્રુત ૧૧:
સમ્યક્ શ્રુત ૫:	અગમિક શ્રુત ૧૨:
મિથ્યાશ્રુત ૬:	અંગપ્રવિષ્ટશ્રુત ૧૩:
સાદિશ્રુત ૭·	અંગબાહ્યશ્રુત ૧૪.

એમ-સાતે ય સૂત્રોક્ત ભેદ, તે પોતાના પ્રતિપક્ષી સહિત કહેવા, એટલે ચૌદ ભેદ શ્રુતજ્ઞાનના જાણવા.

એ ચૌદ ભેદનું વિવેચન કરે છે :—

અક્ષર શ્રુત ત્રણ પ્રકારે—

સંજ્ઞાક્ષર ૧: વ્યંજનાક્ષર ૨: લબ્ધ્યક્ષર ૩:

એમઃ—સંજ્ઞાક્ષર· તે—અઢાર ભેદે લિપિ—અક્ષરના આકાર—જાણવા. તેના નામ.—

"हंस-लिवी भूय-लवी जक्खा तह रक्खसी अ बोधव्वा ।
उड्डी जवणी तुरुक्की कीरी दविडी अ सिंधविआ ॥१॥

मालविणी नडि नागरि लाड-लिवी पारसी अ बोधव्वा ।
तह अ निमित्तीअ लिवी चाणक्की मूलदेवी अ ॥२॥

તથા—વ્યંજનાક્ષરઃ તે અકારાદિ હકાર પર્યંત બાવન અક્ષર મુખે ઉચ્ચરવારૂપ.

એ બે અજ્ઞાનાત્મક છે, પણ—શ્રુતના કારણ માટે—શ્રુત કહીએ.

લબ્ધ્યક્ષરઃ તે અર્થને પ્રત્યયે કરીને ગર્ભાક્ષર લાધે, એ અક્ષરે કરીને અભિલાપ્ય ભાવ પ્રતિપાદવા. જે માટે-લોકમાં અનંતા ભાવ અનભિલાપ્ય છેઃ—

पन्नवणिज्जा भावा अणंतभागो उअणभिलप्पाणं ।
पन्नवणिज्जाणं पुण, अणंत-भागो सुअ-निबद्धो ॥१ ॥

એ અક્ષર શ્રુત કહિયે ૧.

અનક્ષરઃ તે ક્ષ્વેડિત· શિર.કંપન હસ્તચાલનાદિઃએ કરી "મુજને તેડે છે. વારે છે." ઈત્યાદિ અભિપ્રાયનું જાણવું. તે અનક્ષરશ્રુત ૨.

સંજ્ઞા ૩ છે—

દીર્ઘકાલિકી ૧ઃ હેતુવાદોપદેશિકી ૨ઃ દૃષ્ટિવાદોપદેશિકી ૩.

તિહા—

"એ કેમ કરવું ? કેમ થાશે ?" ઇત્યાદિ અતીતઃ અનાગતઃ ઘણા કાળનું ચિંતવવું, તે— **દીર્ઘકાલિકીઃ ૧.**

જે તાત્કાલિક ઇષ્ટઃ–અનિષ્ટઃ વસ્તુ જાણીને પ્રવૃત્તિઃ નિવૃત્તિઃ થાય, તે–**હેતુવાદોપદેશિકી ૨.**

ક્ષાયોપશમિક જ્ઞાને કરી સમ્યગ્દષ્ટિપણું હોય, તે–**દૃષ્ટિવાદોપદેશિકી ૩.**

એ ત્રણ્ય સંજ્ઞા છે.

ત્યા–વિકલેન્દ્રિય. અને અસંજ્ઞીઃને **હેતુવાદોપદેશિકી** સંજ્ઞા છે. અને સજ્ઞિ પંચેંદ્રિયને **દીર્ઘકાલિકી** સંજ્ઞા છે. તે માટે–સર્વ **આગમમાંહે દીર્ઘકાલિકી સંજ્ઞાએ** સંજ્ઞિપણું કહીએ તે સજ્ઞિનું શ્રુત, તે–**સંજ્ઞિશ્રુત ૪.**

મન રહિત–અસજ્ઞિનું શ્રુત, તે–**અસજ્ઞિશ્રુત** કહીએ ૩.

સમ્યગદૃષ્ટિ પ્રણીત તથા મિથ્યાદૃષ્ટિ પ્રણીતઃ પણ સમ્યગ્દૃષ્ટિ પાસે આવ્યું, તે **સમ્યક્શ્રુત** કહિયે, યથાવસ્થિત ભાવના અવગમ થકી, ૫.

તેહજ–મિથ્યાદૃષ્ટિને હાથે આવ્યું **મિથ્યા શ્રુત** કહિયે, યથાવસ્થિત બોધના અભાવ થકી ૬ યતઃ—

मदमदजविसेसणाओ, भवहेऊ, जहिच्छओवलंभाओ ।
नाणफलाभावाओ, मिच्छदिट्ठिस्स अन्नाणं ॥१॥

पूर्वान्तर्गतयं गाथा तथा—

દ્રવ્ય થકી–

એક પુરુષ આશ્રયિને.—	ઘણા પુરુષ આશ્રયિનેઃ—
સાદિ-સપર્યવસિત છે.	અનાદિ-અપર્યવસિત છે.

ક્ષેત્ર થકી–

ભરત–ઐરવત આશ્રયીનેઃ	મહાવિદેહ આશ્રયીનેઃ–
સાદિ–સપર્યવસિત છે.	અનાદિ-અપર્યવસિત છે.

કાળ થકી–

ઉત્સર્પિણી–અવસર્પિણી આશ્રયીને –	નો–ઉત્સર્પ્પિણી-અવસર્પ્પિણી આશ્રયીનેઃ–
સાદિ–સપર્યવસિત છે.	અનાદિ અપર્યવસિત છે.

ભાવ થકી–

ભવસિદ્ધિયા આશ્રયીનેઃ—
સાદિ-સપર્યવસિત છે.

नट्ठम्मि अ छाउमत्थिए नाणे—इति वचनात्.

ક્ષાયોપમિકભાવે અનાદિ–અપર્યવસિત છે ૭–૮–૯–૧૦.

ગમાઃ તે–સરખા પાઠ. જ્યા હોય, તે ગમિકશ્રુતઃ दृष्टिवादगतम् ११.

અગમિકઃ–તે અણસરખા અક્ષરઃ આલાવાઃ જ્યાં હોય, તે અગમિકશ્રુતઃ कालिकश्रुतगतम् १२.

તે પદનો સમુદાય ઘણા પદનું જ્ઞાન. તે-**પદસમાસ શ્રુત** ૬.

સંઘાત શ્રુતઃ—गइ इंदिए अ काए ०-

ઈત્યાદિ ગાથાએ ઉક્ત દ્વારનો એક દેશ-જે ગત્યાદિક, તેહનો પણ એક દેશ-દેવગત્યાદિક, તેહની જે માર્ગણાનું જ્ઞાન, તે-**સંઘાતશ્રુત** ૭.

તે-બે ત્રણ માર્ગણાનુ જ્ઞાન, તે-**સંઘાતસમાસશ્રુત** ૮.

ગત્યાદિક એક દ્વારે જીવની માર્ગણાનું જ્ઞાન, તે-**પ્રતિપત્તિશ્રુત** ૯.

બેથી માંડી સર્વ માર્ગણાનું જ્ઞાન, તે **પ્રતિપત્તિ-સમાસશ્રુત** ૧૦.

संत-पय-परूवणया० ઈત્યાદિક **અનુયોગ** કહીએ તે માંહેલા એકનું જ્ઞાન, તે-**અનુયોગશ્રુત** ૧૧.

તે-બે ત્રણ અનુયોગનુ જાણવું, તે **અનુયોગસમાસ-શ્રુત** ૧૨.

પ્રાભૃતને અંતર્વર્તિ અધિકાર વિશેષ, તે **પ્રાભૃતપ્રાભૃત શ્રુત** ૧૩.

તે-બે ત્રણ પ્રાભૃતપ્રાભૃતનુ જ્ઞાન, તે-**પ્રાભૃતપ્રાભૃત સમાસશ્રુત** ૧૪.

વસ્તુને અંતર્વર્તિ અધિકાર, તે-**પ્રાભૃતશ્રુત** ૧૫.

તે-બે ત્રણનું જ્ઞાન, તે **પ્રાભૃતસમાસશ્રુત** ૧૬.

પૂર્વાન્તર્વર્તિ અધિકાર, તે **વસ્તુશ્રુત ૧૭.**
તે-બે: ત્રણ'નું જ્ઞાન, તે-**વસ્તુસમાસશ્રુત ૧૮.**
ઉત્પાદપૂર્વાદિક. એક પૂર્વનુ જ્ઞાન તે-**પૂર્વશ્રુત૧૯.**
તે બે ત્રણ નું જ્ઞાન તથા-સંપૂર્ણ ચૌદ પૂર્વનું જ્ઞાન,
તે-**પૂર્વસમાસશ્રુત ૨૦.**

એ-વીસ ભેદ શ્રુતજ્ઞાનના સંક્ષેપથકી વર્ણવ્યા.
વિસ્તાર **બૃહત્કર્મપ્રકૃતિથકી** જાણવો.
એ—શ્રુતજ્ઞાની—

દ્રવ્યથી—ઉપયોગવંત થકો—સર્વ દ્રવ્ય જાણે: દેખે.
કાળ થકી·—ઉપયોગવંત શ્રુતજ્ઞાની:—સર્વકાળ જાણે: દેખે.
ભાવ થકી:ઉપયોગવંત શ્રુતજ્ઞાની:—સર્વ ભાવ જાણે· દેખે.
ક્ષેત્ર થકી:-ઉપયોગવંત શ્રુતજ્ઞાની.-સર્વ ક્ષેત્ર-લોકાલોક જાણે: દેખે.

તે માટે જ-સંપૂર્ણ શ્રુતજ્ઞાની તે કેવળી સરખો કહીએ.
એ પ્રકારે **શ્રુતજ્ઞાનના** ભેદ કહ્યા. ॥ ૭ ॥

અવધિજ્ઞાન. તેના છ ભેદો: મન પર્યવજ્ઞાન: તેના બે ભેદો· અને કેવળ-જ્ઞાન

अणुगामि-वड्ढमाणय-पडिवाइ-इयर-विहा छ-हा ओही ।
रिउ-मइ-विउल-मई मण-नाणं केवलमिग-विहाणं ॥८॥

શબ્દાર્થઃ—અણુગામિ-વડ્ઢમાણય-પડિવાઇ=અનુગામિઃ વર્ધમાનક પ્રતિપાતિ ઇયિર-વિહા=વિરુદ્ધ પ્રકારે. છ-હા=છ પ્રકારે. ઓહી=અવધિજ્ઞાન. રિઉ-મઇ-વિઉલ-મઇ=ઋજુમતિ વિપુલમતિઃ મણ-નાણં=મન.પર્યવજ્ઞાન. કેવલં=કેવલજ્ઞાન. ઇગ-વિહાણં=એક પ્રકારનું. ॥ ૮ ॥

અનુગામી વર્દ્ધમાનકઃ અને પ્રતિપાતી અને વિરુદ્ધ પ્રકારે એમ છ પ્રકારે અવધિજ્ઞાન.

ઋજુમતિઃ અને વિપુલમતિઃ મનઃપર્યાયજ્ઞાન છે.

અને કેવળજ્ઞાન એક પ્રકારે છે. ॥ ૮ ॥

હવે અવધિજ્ઞાનના ભેદ કહે છે.—

અનુગામી અવધિજ્ઞાન ૧,	હીયમાન અવધિજ્ઞાન ૪;
અનનુગામી અવધિજ્ઞાન ૨,	પ્રતિપાતી અવધિજ્ઞાન ૫
વર્દ્ધમાન અવધિજ્ઞાન ૩,	અપ્રતિપાતી અવધિજ્ઞાન ૬

એ ત્રણ ભેદ સૂત્રોક્ત અને તે થકી-ઇતર ત્રણ ભેદ એવં છ ભેદે અવધિજ્ઞાન હોય.

અવધિજ્ઞાન બે ભેદે છે—

૧. ભવ-પ્રત્યયિકઃ ૨. ગુણ-પ્રત્યયિકઃ

ભવ-પ્રત્યયિક તે-દેવતા નારકી ને હોય, અને ગુણપ્રત્યયિક તે- મનુષ્ય તિર્યંચ ને હોય.
તે-ગુણપ્રત્યયિક છ ભેદે છે.

તેનું વિવેચન નીચે પ્રમાણે—

અને પ્રતિપાતિ: તે–વિધ્યાત પ્રદીપની પરે સમકાળે-સામટું જાય. એ વિશેષ છે.

એ છ ભેદે અવધિજ્ઞાન જાણવું.

એ અવધિજ્ઞાની—

દ્રવ્યથી:—

જઘન્યપણે–અનંતા રૂપી દ્રવ્ય જાણે: દેખે.

ઉત્કૃષ્ટપણે–સર્વ રૂપી દ્રવ્ય જાણે: દેખે.

ક્ષેત્રથકી:—

જઘન્યથી અંગુળનો અસંખ્યાતમો ભાગ જાણે: દેખે

ઉત્કૃષ્ટપણે અલોકને વિષે લોક જેવડાં અસંખ્યાતા ખંડુક જાણે: દેખે.

કાળ થકી:—

જઘન્યથી-આવલિકાનો અસંખ્યાતમો ભાગ જાણે: દેખે.

ઉત્કૃષ્ટપણે–અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી: લગે અતીત: અનાગત: કાળ જાણે: દેખે.

ભાવ થકી:—

જઘન્યથી—અનંતા ભાવ જાણે: દેખે.

ઉત્કૃષ્ટપણે પણ અનંતા ભાવ જાણે: દેખે-સર્વ ભાવનો અનંતમો ભાગ જાણે: દેખે.

એ પ્રમાણે અવધિજ્ઞાન કહ્યું.

વિભંગજ્ઞાન તે-મિથ્યાત્વીને હોય, તે માટે-મલીન છે.

ભાવથી અવળું સવળું જાણેઃ દેખે, પણ તેઃ અવધિજ્ઞાનનીજ જાતિ છે, તે માટે–ભેળું જાણવું.

હવે મનઃપર્યવજ્ઞાનના ભેદ કહે છેઃ—

અઢી દ્વીપમા જે સંજ્ઞિપચેંદ્રિય જીવના મનોગત ભાવ જાણે તે **મનઃપર્યવજ્ઞાન** કહીએ.

તે–બે ભેદે છેઃ—

૧. ઋજુમતિઃ **૨ વિપુલમતિઃ**

જેમ–"એણે ઘડો ચિંતવ્યો છે." એટલોજ સામાન્યપણે મનનો અધ્યવસાય ગ્રહે, તે–**ઋજુમતિ ૧.**

તથા "એણે ઘડો ચિંતવ્યો છે,

તે દ્રવ્ય થકીઃ—સુવર્ણનોઃ સુકુમાળઃ" ઇત્યાદિ વિશેષગ્રાહિણી મતિઃ–તે–**વિપુલમતિ** ૨ કહીયે.

એ **મનઃપર્યવજ્ઞાનના** બે ભેદ કહ્યા.

હવે—તે મનઃપર્યવજ્ઞાનીઃ—

દ્રવ્ય થકીઃ—

ઋજુમતિઃ–અનંતા–અનંતપ્રદેશી સ્કંધ જાણેઃ દેખે.

વિપુલમતિઃ—તે–વિશુદ્ધપણેઃ જાણેઃ દેખે

ક્ષેત્ર થકીઃ—

ઋજુમતિઃ—

હેઠે–રત્નપ્રભાના ક્ષુલ્લક પ્રતર લગે.

ઉંચું–જ્યોતિષીના ઉપરના તલા લગે.

तत्रोत्तरम्—

જેમ=અતિઘન-પટલમાં હે રહ્યા સૂર્યનો પ્રકાશ કટકુટ્યાવ-રણુવિવરે પેઠો થકો ઘટાદિક પ્રકાશે, તેમ–કેવળાવરણ છતે **મત્યાવરણાદિકને** ક્ષયોપશમે કાંઈક પ્રકાશ કરે; તે **મત્યાદિક જ્ઞાન** કહેવાય.

અને સર્વાવરણ ટળે, તો સૂર્યની પરે કેવળજ્ઞાન જ કહેવાય, પણ અનેરાં જ્ઞાન ન કહેવાય.

હવે તે **કેવળજ્ઞાની:—**

દ્રવ્ય થકી:—

કેવળજ્ઞાની રૂપી–અરૂપી સર્વ દ્રવ્ય જાણે: દેખે.

ક્ષેત્ર થકી:—

કેવળજ્ઞાની લોક: અલોક: સર્વ: ક્ષેત્ર જાણે: દેખે

કાળ થકી:—

કેવળજ્ઞાની સર્વ અતીત અનાગત. વર્તમાન: કાળ સમકાળે જાણે: દેખે.

ભાવ થકી:—

કેવળજ્ઞાની સર્વ જીવ: અજીવ.ના સર્વ ભાવ જાણે· દેખે

એ પ્રકારે કેવળજ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

એ પાંચ જ્ઞાનના ભેદ કહ્યા. ॥૮॥

દૃષ્ટાંત પૂર્વક જ્ઞાનાવરણીય કર્મ: અને રજું ન દર્શનાવરણીય કર્મ :

एसिं जं आवरणं पडुव्व चक्खुस्स तं तया-ऽऽवरणं ।
दंसण-चउ पण-निद्दा वित्ति-समं दंसणा-ऽऽवरणं ॥९॥

શબ્દાર્થ—એસિં=એ જ્ઞાનોનું, જં=જે. આવરણં =આચ્છાદન. પડુવ્વ=પાટાની પેઠે ચક્ખુસ્સ=આંખના. તં=તે. તયા-ऽऽવરણં=તેનું આવરણ. દંસણચઉ=દર્શનાવરણીય ચાર. પણ–નિદ્દા=પાંચ નિદ્રા. વિત્તિ–સમ= પોળીઆ–પહેરેગીર જેવું. દંસણા-ऽऽવરણં=દર્શનાવરણીય કર્મ ૯.

ગાથાર્થ.

ચક્ષુના પાટાની પેઠે એ જ્ઞાનોનું જે આચ્છાદનઃ તે-તે આવરણ કર્મ છે.

ચાર દર્શનઃ અને પાંચ નિદ્રાઃ છે. દર્શનાવરણીયકર્મ પ્રતિહારી જેવું છે. ાા૯ાા
હવે જ્ઞાનાવરણીય કર્મ્મઃ તે શું કહીએ ? તે કહે છે—

એ પાંચ જ્ઞાનના જે આવરણ, તેને જ્ઞાનાવરણીય કહીએ.

આવરણઃ તે–આખના પાટાની પેરે. જેમ આખે પાટો આવ્યે કાંઈ સૂઝે નહિ. તેમ–મતિજ્ઞાનનાં આવરણ આડા આવે. તેથી મતિ ઉપજે નહિ. તે–મતિજ્ઞાનાવરણીય કહીએ ૧,

શ્રુતજ્ઞાનનાં આવરણ આડાં છતે શ્રુત આવડે નહિ, તે–શ્રુતજ્ઞાનાવરણીય કહીએ. ૨,

ઇહાં—એકેંદ્રિયઃ બેઇંદ્રિયઃ તેઇંદ્રિયઃ ને તો મૂળથી ચક્ષુ હોયજ નહિ.

ચઉરિંદ્રિયઃ પચેંદ્રિયઃ ને ચક્ષુ હોય, તો પણ વિક્ષુસે, તિમિરાદિકે તેજહીન હોય

એ ચક્ષુર્દર્શનાવરણના ઉદયથી એકેંદ્રિયઃ અને વિકલેંદ્રિયઃ ને ઇદ્રિય ન્યૂન હોય.

પંચેંદ્રિયને સર્વ ઇદ્રિય પૂરી હોય, તો પણ હીણી હોય-બધિરઃમૂકાદિકઃ હોય, તે-અચક્ષુદર્શનાવરણનો ઉદય.

અવધિઃ કેવલઃ ન હોય, તેને અવધિદર્શનાવરણઃ કેવળદર્શનાવરણનો ઉદય કહીએ.

ઇહા કોઇક કહે, જે—

"અવધિ અને કેવળ દર્શન કહ્યાં, તેમ મન પર્યવ દર્શન કેમ ન કહ્યુ ?"

तत्रोत्तरम्—

મન.પર્યવજ્ઞાની તથાવિધ ક્ષયોપશમને પરવડાપણે [પ્રકટતા-વિશાળતાવડે] કરીને, પ્રથમઃ અને પછીઃ પણ મનના ભાવ વિશેષપણે જ ગ્રહે, સામાન્યપણું હોય નહિ તે માટે દર્શન ન કહ્યું. ॥ ૧૦ ॥

પાંચ નિદ્રા-૧ નિદ્રાઃ ૨ નિદ્રા-નિદ્રાઃ ૩ પ્રચલાઃ ૪ પ્રચલા-પ્રચલાઃ

सुह-पडिबोहा निद्दा निद्दा-निद्दा य दुक्खपडिबोहा ।
पयला ठिओवविट्ठस्स पयल-पयला उ चंकमओ ॥११॥

શબ્દાર્થ :-સુહ-પડિબોહા=સુખ-પ્રતિબોધા-જેમા સહેલાઈથી જગાય. નિદ્દા=નિદ્રા. નિદ્દા-નિદ્દા=નિદ્રાનિદ્રા. દુક્ખ-પડિબોહા=દુ:ખ-પ્રતિબોધા-જેમા મુશ્કેલીથી જગાય. પયલા=પ્રચલા ઠિઓવવિટ્ઠસ્સ=સ્થિતોપવિષ્ટસ્ય -ઉભા રહેલા અને બેઠેલાને પયલ-પયલા=પ્રચલા-પ્રચલા-પ્રચલાપ્રચલા. ઉ=તુ-તો, ચ કમઓ ચંક્રમતઃ-ચાલતાને. ॥ ૧૧ ॥

ગાથાર્થ—

જેમાં-સહેલાઇથી જાગી શકાય. તે-નિદ્રા. મુશ્કેલીથી જાગી શકાય. તે-નિદ્રાનિદ્રા : ઉભા રહેલાં કે બેઠેલાને આવે. તે-પ્રચલા: અને ચાલતાંને આવે તે-પ્રચલા પ્રચલા : ॥ ૧૧ ॥

સુખે-લઘુ શબ્દ કર્યેજ જાગે, તે-નિદ્રા કહીએ ૧,

દુઃખે-ઘણું ઘોલના કર્યે જાગે. તે નિદ્રાનિદ્રા [અત્યંત નિદ્રા] કહીએ ૨.

ઊભો થકો બેઠો થકોઃ ઊંઘે તે પ્રચલા કહીએ ૩,

પ્રચલા થકી પણ અત્યંત : કે-જેથી ચાલતો થકો પણ ઊંઘે. તે-પ્રચલા-પ્રચલા કહીએ ૪ ॥ ૧૧ ॥

૫ થિણદ્ધિઃ ત્રજું વેદનીયકર્મ.

નારકે અને તિર્યંચોમાં અસાતાઃ હોય છે.

દર્શનમોહઃ અને ચારિત્રમોહઃની અપેક્ષાએ બે પ્રકારે મદિરા જેવું મોહનીય કર્મ છે. ।।૧૩।।

પ્રાયઃ—દેવતાઃ અને મનુષ્યનેઃ વિષે **સાતા વેદનીયનો** ઉદય હોય, પણ નિશ્ચે નહિ; કેમકે—ચ્યવનકાળે તથા ગર્ભાવાસે ચિત્તની ઉદ્વેગતાએ દુઃખ પણ હોય છે

અને તિર્યંચઃ નારકીનેઃ પ્રાયે **અસાતા વેદનીયનો** ઉદય હોય, તે પણ નિશ્ચય નહી, કેમકે—જિનજન્માદિ કાળે **નારકીને** પણ સુખ હોય

તથા, પટ્ટ—હસ્તીઃ તુરગમાદિકઃને **સાતા** પણ હોય.

એ બે ભેદે **વેદનીય** કમ્મં કહ્યું.

હવે **મોહનીય** કમ્મં કહે છેઃ—

મદિરાપાન સરખું **મોહનીયકર્મ** છે,

જીવને મુંઝાવેઃ વિવેકથી વિકળ કરેઃ તે—**મોહનીય** બે ભેદે છે.—

યથાવસ્થિત તત્ત્વનું શ્રદ્ધાનઃ તે **દર્શન** કહીએ, તેને વિષે મુંઝવે, તે—**દર્શન—મોહનીય ૧.**

અને ચારિત્રઃ તે—શુદ્ધાચરણ, તેહને વિષે મુંઝવે, તે—**ચારિત્ર—મોહનીય ૨.** કહીએ. ।।૧૩।।

ત્રણ દર્શનમોહનીય કર્મઃ

दंसण—मोहं ति—विहं सम्मं मीसं तहेव मिच्छत्तं ।
सुद्धं अद्ध—विसुद्धं अ—विसुद्धं तं हवइ कमसो ।।१४।।

શબ્દાર્થ :—દંસણ-મોહં=દર્શન મોહનીય- તિ-વિહં=ત્રણ પ્રકારે, સમ્મં=સમ્યક્ત્વ. મીસં=મિશ્ર- તહેવ= તથૈવ=તેમજ. મિચ્છત્તં=મિથ્યાત્વ. સુદ્ધં-શુદ્ધ. અદ્ધ-વિસુદ્ધં-અર્ધવિશુદ્ધ. અ-વિસુદ્ધં-અશુદ્ધ. તં=તે. હવઇ-હોય છે. કમસો=અનુક્રમે ॥૧૪॥

ગાથાર્થ.

દર્શન-મોહનીય ત્રણ પ્રકારે છે-સમ્યક્ત્વ: મિશ્ર: અને મિથ્યાત્વ: તે-અનુક્રમે-શુદ્ધ: અર્ધશુદ્ધ: અને મેલું: હોય છે. ॥૧૪॥

દર્શનમોહનીય ત્રણ પ્રકારે છે, તેનાં નામ—

સમ્યક્ત્વમા મુંઝવે. તે-સમ્યક્ત્વ મોહનીય ૧.

મિશ્રપણામા મુંઝવે, તે-મિશ્ર મોહનીય ૨.

તેમજ વળી મિથ્યામતિમા મુંઝાઈ રહે, તે-મિથ્યાત્વ-મોહનીય: કહીએ ૩.

જેમ—મદન કોદ્રવ ધાન્ય—

શોધ્યું: ખાંડ્યું: તુસ રહિત: તે વિકાર ન કરે.

અર્ધ શોધ્યું: કાંઈક વિકાર કરે.

અને અણુશોધ્યું: અણુખાંડ્યું. તુસ સહિત: તે-ઘણો વિકાર કરે.

તેમ-મિથ્યાત્વના પુદ્ગળ—

શુદ્ધ કર્યા, તે સમ્યક્ત્વ-મોહનીય ૧.

અર્દ્ધશોધ્યા, તે મિશ્ર મોહનીય ૨.

અને અણુશોધ્યા–મલીનઃ તે મિથ્યાત્વ મોહનીય ૩. ॥૧૪॥

સમ્યક્ત્વનું સ્વરૂપ.

जीय-अजीय–पुण्ण-पावा–ऽऽसव-संवर-बंध-मुक्ख-निज्जरणा ।
जेणं सद्दहइ तयं, सम्मं खइगा-ऽऽइ-बहु-भेअं ॥१५॥

શબ્દાર્થઃ–જીઅ–અજીઅ–પુણ્ણ–પાવા–ऽऽસવ–સંવર–બંધ–મુક્ખ–નિજ્જરણા–જીવઃ અજીવઃ પુણ્યઃ પાપ· આશ્રવઃ સવર· બંધઃ મોક્ષ. અને નિર્જરાઃ જેણું–જેણે કરીને. સદ્દહઈ–શ્રદ્ધાય–શ્રદ્ધા કરાય, તયં–તે, સમ્મં–સમ્યક્ત્વ. ખઈગા-ऽऽ-બહુ-ભેયં–ક્ષાયિકાદિક-ઘણા ભેદોવાળું. ॥ ૧૫ ॥

ગાથાર્થ.

જેથી–જીવઃ અજીવ· પુણ્યઃ પાપઃ આશ્રવઃ સંવરઃ બંધ· મોક્ષઃ અને નિર્જરાઃની શ્રદ્ધા થાય, તે ક્ષાયિકઃ વગેરેઃ ઘણા ભેદોવાળું સમ્યક્ત્વ છે. ॥૧૫॥

વળી, તેનું સ્વરૂપ કહે છે·—

ચેતના લક્ષણ : જીવતત્ત્વ ૧૪ ભેદે. ૧ :

જડ લક્ષણ તે અજીવતત્ત્વઃ ૧૪ ભેદે ૨ ·

શુભ પ્રકૃતિનો ઉદયઃ તે–પુણ્યતત્ત્વઃ ૪૨ ભેદે ૩ :

અશુભ પ્રકૃતિનો ઉદય. તે–પાપતત્ત્વ ૮૨ ભેદે ૪ :

मीसा न राग–दोसो जिण–धम्मे अंत-मुहू जहा अन्ने ।
नालियर-दीव-मणुणो मिच्छं जिण-धम्म-विवरीअं ॥१६॥

શબ્દાર્થ:–મીસા=મિશ્રથી. રાગ–દોસો=રાગ-દ્વેષ. જિણ-ધમ્મે=જૈનધર્મ ઉપર. અંત–મુહૂ=અન્તર્મુહૂર્ત સુધી. જહા=જેમ. અન્ને=અન્ન ઉપર, નાલિયર-દીવ-મણુણો=નાળિયેર દ્વીપના મનુષ્યને. મિચ્છં=મિથ્યાત્વ. જિણ-ધમ્મ-વિવરીઅં=જૈન-ધર્મથી–વિપરીત. ॥૧૬॥

ગાથાર્થ :

જેમ નાળિયેરદ્વીપના માણસોને અન્ન ઉપર રાગ કે દ્વેષ ન હોય, તેમ મિશ્ર મોહનીય કર્મથી જૈન ધર્મ ઉપર અન્તર્મુહૂર્ત સુધી રાગ કે દ્વેષ ન હોય. મિથ્યાત્વ જૈનધર્મથી વિપરીત હોય છે. ॥૧૬॥

મિશ્ર મોહનીયને ઉદયે જિનધર્મને વિષે રાગ પણ ન હોય, અને દ્વેષ પણ ન હોય, સમભાવ હોય.

તે–મિશ્રપણું અંતર્મુહૂર્ત પ્રમાણુજ હોય. દૃષ્ટાંત કહે છે, કે–

જેમ–અન્ન ઉપર નાળિયેરદ્વીપના મનુષ્યને રાગ પણ ન હોય, અને દ્વેષ પણ ન હોય. કેમકે–તે મનુષ્યે અન્ન દીઠું–સાંભળ્યું નથી, તે માટે એ મિશ્રમોહનીય કહીએ.

જિનપ્રણીત ધર્મ્મ થકી વિપરીત મતિ હોય–શુદ્ધ ધર્મ સર્વથા રુચે નહી, તે–મિથ્યાત્વ મોહનીય કહીએ.

એ ત્રણ દર્શનમોહનીય કહ્યા. ॥ ૧૬ ॥

જેહના ઉદયથી થોડું પણ પચ્ચક્ખાણ ઉદય ન આવે, તે-**અપ્રત્યાખ્યાનીય** ચાર કષાય ૨:

સર્વવિરતિરૂપ પચ્ચક્ખાણને આવરે, તે **પ્રત્યાખ્યાનાવરણીય** ચાર કષાય-ક્રોધ, માન, માયા અને લોભ ૩:

ચારિત્રીયાને પણ લગારેક (ઉદય આવે-પ્રગટ થાય), બાળે, તે-**સંજ્વલન** ચાર કષાય ૪:

એમ ૪×૪=૧૬ સોળ થયા ॥ ૧૭ ॥

૪ કષાયમોહનીયની સ્થિતિ વિગેરે:

जा-जीव-वरिस-चउमास-पक्ख-गा निरय-तिरिअ-नर-अमरा ।
सम्मा-ऽणु-सव्व-विरइ-अहक्खाय-चरित्त-घाय-करा ॥ १८ ॥

શબ્દાર્થ-જા-જીવ-વરિસ-ચઉમાસ-પક્ખ-ગા=જાવજીવ સુધી: વર્ષ: ચાર માસ: અને પખવાડીયા: સુધી ટકનારા. **નિરય-તિરિય-નર-અમરા**=નારક. મનુષ્ય. અને દેવ. પણાના નિમિત્ત. **સમ્મા-ઽણુ-સવ્વ-વિરઇ-અહક્ખાય-ચરિત્ત-ઘાય-કરા**=સમ્યક્ત્વ. અણુવિરતિ: સર્વવિરતિ અને યથાખ્યાત. ચારિત્ર અટકાવનારા. ॥ ૧૮ ॥

ગાથાર્થ.

જાવજીવ. વરસ: ચાર માસ: અને પખવાડીયા: સુધી રહેનારા; નારક. તિર્યંચ: મનુષ્ય: અને દેવગતિ: [ના કારણ] ભૂત: સમ્યક્ત્વ: દેશવિરતિ: સર્વવિરતિ: અને યથાખ્યાત: ચારિત્રનો નાશ કરનાર છે. ॥૧૮॥

ગાથાર્થ :

પાણીમાંઃ અને રેતીમાંઃ પડેલા લીંટા. તથા જમીનમાં અને પર્વતમાં પડેલી ચીરાડઃ જેવા ચાર પ્રકારનો ક્રોધ, અને માન નેતરની સોટી· લાકડાઃ હાડકાઃ અને પત્થરઃના થાંભલા જેવો હોય છે. ॥૧૯॥

જળની રેખા સમાન સંજ્વલન ક્રોધ, તરત વિલય થાય ૧.

રેતી મધ્યે રેખા સમાન પ્રત્યાખ્યાન ક્રોધ, વાયરે મટે ૨.

ફાટી ગયેલી પૃથ્વીની રેખા સમાન અપ્રત્યાખ્યાનીય ક્રોધ, મેહ વૂઠે (વરસ્યે) મટે. ૩.

ફાટી ગયેલા પર્વતની રાય-રેખા-ત્રડ સમાન અનંતાનુબંધીય ક્રોધ, કોઈ વખતે પણ ન મટે ૪

એ ચાર ભેદે ક્રોધનાં ચાર દૃષ્ટાંત કહ્યાં.

તિનિસ તે નેત્રલતાઃ તે સરખો સંજ્વલન માન, સુખે નમાડીયે, તેમ નમે ૧.

કાષ્ઠ સરિખો પ્રત્યાખ્યાનીય માન, ઉપાયે નમે ૨.

અસ્થિ-હાડકા સરખો અપ્રત્યાખ્યાનીય માન, મહાકષ્ટે નમે ૩.

પથ્થરના સ્તંભ સરખો અનંતાનુબંધીય માન, કોઈ રીતે નમે જ નહીં ૪.

એ માનના દૃષ્ટાન્ત કહ્યાં ॥૧૯॥

માયા અને લોભનાં ચાર ચાર દૃષ્ટાંતોઃ

જેમ—હળદરનો રંગ સૂર્યને તડકે ટળે, તે સરખો સંજ્વલન લોભ તુરત ટળે ૧.

વસ્ત્રે લાગ્યુ દીવાનું કાજળ, તે સરખો પ્રત્યાખ્યાનીય લોભ, તે દુઃખે ઉતરે ૨.

ગાડાના પઈડાંમાં હોય, તે કર્દમ [મળી] સરખો અપ્રત્યાખ્યાનીય લોભ, અતિકષ્ટે ટળે ૩.

કિરમજી રંગઃ—તે જેણે હીર [રેશમ] રંગાય, તે સરખો અનંતાનુબંધિ લોભ, તે કિમહી ન ટળે ૪.

એ ચાર દૃષ્ટાંત લોભનાં કહ્યા. ॥ ૨૦ ॥

નવ નોકષાયઃ તેમાં—હાસ્યાદિક છ નોકષાયચારિત્ર-મોહનીયકર્મઃ—

जस्सुदया होइ जीए हास-रइ-अरइ-सोग-भय-कुच्छो ।
स-निमित्तमन्न-हा वा, तं इह हासा-ऽऽइ मोहणीयं ॥२१॥

શબ્દાર્થઃ—જસ્સ=જેના ઉદયા=ઉદયથી. હોઇ=હોય. જીએ=જીવમા. હાસ-રઇ-અરઇ-સોગ-ભય-કુચ્છા=હાસ્યઃ રતિ. અરતિ. શોકઃ ભયઃ અને દુગંચ્છા. સ-નિમિત્તમ્-નિમિત્તપૂર્વક. અન્ન-હા=બીજી રીતે-નિમિત્ત વિના. વા=અથવા. તં=તે. ઈહ=અહીં. હાસા-ऽऽઈ-મોહણીયં=હાસ્યાદિ મોહનીય. ॥ ૧૨ ॥

ગાથાર્થ.

જેના ઉદયથી જીવને, નિમિત્ત હોય, અથવા ન હોય. તો પણ હસવાનુંઃ પ્રેમઃ નાખુશીઃ શોકઃ બીકઃ

શબ્દાર્થઃ-**પુરિસિત્થિ-તદુભય**=પુરુષઃ સ્ત્રી. અને તે બન્નેયઃ **પઇ**=તરફ, **અહિલાસો**=અભિલાષ. **જવ્વસા**=જેને લીધે. **હવઇ**=હોય **સો**=તે. **ઉ**=તો. **થી-નર-નપું-વેઓ-દઓ**=સ્ત્રી વેદોદયઃ પુરુષ વેદોદયઃ નપુંસક વેદોદયઃ **ફુંફુમ-તણ-નગર-દાહ-સમો**=લીંડીઓનાઃ તૃણના. અને શહેરના દાહ જેવો. ૨૨

ગાથાર્થઃ-

જેને લીધે પુરુષઃ સ્ત્રીઃ અને તે બંનેયઃ તરફ ઇચ્છા દોડે છે, તે જ બકરીની લીંડીઓઃ ઘાસ અને શહેરઃના દાહ જેવો સ્ત્રી-પુરુષ અને નપુંસક વેદનો ઉદય હોય છે. ॥ ૨૨ ॥

વારંવાર પુરુષ સેવવાનો ૧. વારંવાર સ્ત્રી સેવવાનો, ૨. અને પુરુષ તથા સ્ત્રી બંનેયને સેવવાનો ૩. અભિલાપ-મૈથુન સેવવાની વાંચ્છા-જે કર્મને વશે કરીને હોય, તે અનુક્રમે-**સ્ત્રી ૧, પુરુષ ૨,** અને **નપુંસક ૩,** વેદનો ઉદય કહીએ.

પુરુષની વાંચ્છા કરાવે, તે-**સ્ત્રીવેદનો** ઉદય કહીએ ૧.
સ્ત્રીની વાન્છા કરાવે, તે-**પુરુષવેદનો** ઉદય ૨
બેયની વાન્છા કરાવે, તે-**નપુંસકવેદનો** ઉદય ૩

ફુંફુમ. તે કરીષનો અગ્નિ તે-સરખો સ્ત્રીવેદનો ઉદય, મોડો ઉપશમે ૧.

તૃણની અગ્નિ તે સરખો પુરુષવેદનો ઉદય, તુરત ઉપશમે ૨.

સડસઠ: ભેદે હોય છે. ॥ ૨૩ ॥
હવે આયુઃકર્મ કહે છે—

દેવાયુ ૧: તિર્યંચાયુઃ ૩:
મનુષ્યાયુઃ ૨: નરકાયુઃ ૪:

એ ચાર ભેદે આયુઃ કર્મ છે. તે આયુઃ કર્મ હેડ સરખું છે. જેમ–ખોડા [હેડ]મા ઘાલેલા ચોરાદિક ઘણુંએ નિકળવા વાંછે, પણ વિવક્ષિત કાળ ભોગવી રહે, ત્યારે જ નિકળે. તેમ–જીવ જ્યાં ઉપન્યો હોય, ત્યાંનું આયુઃ પૂર્ણ થાય ત્યારેજ નિકળી શકે. એ ૪ ભેદે આયુઃ કર્મ કહ્યું.
હવે નામકર્મ કહે છે:—

તે નામકર્મ ચિત્રકાર સરખું છે. જેમ–ચિતારો જેવું ચિત્ર આળેખવા વાંછે, તેવું ચિતરે. તેમ–જીવ પણ જેવી ગત્યાદિકે જવું હોય, તેવું નામકર્મ બાંધે. તે–નામકર્મ બેંતાલીશ ભેદે પણ છે, ત્રાણું ભેદે પણ છે, એકસોત્રણ ભેદે પણ છે, અને સડસઠ ભેદે પણ છે. ॥ ૨૩ ॥

નામકર્મના બેંતાલીશ ભેદો: તેમા–ચૌદ પિંડપ્રકૃતિઓના નામો:

गइ–जाइ–तणु–उवंगा–बंधण–संघायणाणि संघयणा ।
संठाण–वण्ण–गंध–रस–फास–अणुपुव्वि–विहग–गई ॥२४॥

શબ્દાર્થ:–ગઇ–જાઇ–તણુ–ઉવંગા=ગતિઓ. જાતિઓ: શરીરો: ઉપાંગો. બંધણ–સંઘાયણાણિ=બંધનો: સંઘાતનો. સંઘયણા=સંઘયણો: સંઠાણ–વણ્ણ–ગંધ–રસ–

શબ્દાર્થ—થાવર-સુહુમ-અપજ્જ=સ્થાવરઃ સૂક્ષ્મઃ અપર્યાપ્તઃ સાહારણ-અથિર-અસુભ-દુભગાણિ=સાધારણઃ અસ્થિરઃ અશુભ. દૌર્ભાગ્યઃ દુસ્સરણાઇજ્જાઽજસં=દુ:સ્વરઃ અનાદેયઃ અયશઃ ઇઅ=એ પ્રમાણે નામે=નામમા. સેયરા=સેતર પ્રકૃતિઓ- વીસં=વીશ. ॥ ૨૭ ॥

ગાથાર્થ:—

સ્થાવરઃ સૂક્ષ્મઃ અપર્યાપ્તઃ સાધારણઃ અસ્થિરઃ અશુભઃ દુર્ભગઃ દુઃસ્વરઃ અનાદેયઃ અને અપયશઃએ પ્રમાણે નામકર્મમાં ઇતર સાથે વીશ. ॥ ૨૭ ॥

સ્થાવર નામકમ્મ ૧:	અશુભ નામકમ્મ ૬:
સૂક્ષ્મ નામકમ્મ ૨:	દુર્ભગ નામકમ્મ ૭:
અપર્યાપ્ત નામકમ્મ ૩:	દુઃસ્વર નામકમ્મ ૮:
સાધારણ નામકમ્મ ૪:	અનાદેય નામકમ્મ ૯:
અસ્થિર નામકમ્મ ૫·	અયશઃ નામકમ્મ ૧૦:

એ પ્રમાણે નામકર્મમા સ્થાવરનો દશકો જાણવો. ઇતર તે-ત્રસના દશકા સહિત વીશ થાય. તે વળી પરાઘાતાદિક આઠ યુક્ત અઠ્ઠાવીશ પ્રત્યેક પ્રકૃતિઓ કહીએ.

તેમાં -૧૪ ચૌદ પિંડપ્રકૃતિ ભેળીએ, ત્યારે ૪૨ ભેદ નામકર્મના થયા. ॥૨૭॥

નામકર્મની પ્રકૃતિઓની વિશેષ સંજ્ઞાઓનું ધોરણઃ

तस–चउ थिर–छक्कं अथिर–छक्क–सुहुम-तिग थावर चउक्कं ।
सुभग-तिगा-ऽऽइ विभासा तया-ऽऽइ-संखाहि पयडीहिं ॥२८॥

આદિ શબ્દથી દુર્ભગત્રિક પ્રમુખ વિભાષા-સંજ્ઞા આગળ સૂત્રમાં હે કહેશે, તે (અમુક એક) પ્રકૃતિથી માંડીને તેટલી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે જાણવી. ॥ ૨૮ ॥

वन्न-चउ अगुरु-लहु-चउ तसा-इ-दु-ति-चउर-छक्कमिच्चाई।
इअ अन्नावि विभासा. तया-ऽऽइसंखाहि पयडीहिं ॥२९॥

શબ્દાર્થ—વન્ન-ચઉ=વર્ણાદિ ચાર. અ-ગુરુલહુ-ચઉ= અગુરૂલઘુ વિગેરે ચાર. તસા-ऽऽઈ-દુ-તિ-ચઉર-છક્ક= ત્રસાદિ-દ્વિક: ત્રિક. ચતુષ્ક: ષટ્ક. ઇચ્ચાઇ=વિગેરે. ઇઅ= ઈતિ-એ પ્રમાણે. અન્નાવિ=બીજી પણ. ॥ ૨૯ ॥

ગાથાર્થ

વર્ણચતુષ્ક : અગુરુલઘુચતુષ્ક: ત્રસાદિદ્વિક-ત્રિક-ચતુષ્ક—પટ્ક ઇત્યાદિક: આ અને એવી બીજી પણ વિભાષા=પરિભાષાઓ-તે આદિમાં હોય તેવી સંખ્યાવાળી-પ્રકૃતિઓ વડે થાય છે. ॥ ૨૯ ॥

વર્ણચતુષ્ક: તે-વર્ણ ૧: ગંધ ૨: રસ ૩: અને સ્પર્શ ૪: એ ચાર જાણવા.

અગુરુલઘુચતુષ્ક: તે-અગુરૂલઘુ ૧: ઉપઘાત ૨: પરાઘાત ૩ અને ઉચ્છ્વાસ ૪: એ ચાર જાણવા.

ત્રસદ્વિક: તે-ત્રસ ૧: બાદર ૨:

ત્રસત્રિક તે-ત્રસ ૧ બાદર ૨. અને પર્યાપ્ત ૩:

ત્રસ ચતુષ્ક: તે-ત્રસ ૧: બાદર: ૨: પર્યાપ્ત ૩: અને પ્રત્યેક ૪

સંઘયણ ૭ ભેદેઃ	રસ પાંચ ભેદેઃ
સંસ્થાન ૭ ભેદેઃ	સ્પર્શ આઠ ભેદેઃ
વર્ણ પાંચ ભેદેઃ	આનુપૂર્વી ચાર ભેદેઃ
ગંધ બે ભેદેઃ	વિહાયોગતિ બે ભેદેઃ

એમ ઉત્તરભેદ પાંસઠ થયા. ॥ ૩૦ ॥

જુદી જુદી અપેક્ષાએ નામકર્મની પ્રકૃતિઓની ૯૩-૧૦૩ અને ૬૭ ની સંખ્યા

अड-वीस-जुआ ति-नवइ संते, वा पनर-बंधणे ति-सयं ।
बंधण-संघाय-गहो तणूसु सामण्ण-वण्ण-चऊ ॥३१॥

શબ્દાર્થ—અડવીસ-જુઆ=અઠ્ઠાવીશે જોડીએ તિ-નવઇ=ત્રાણું. સંતે=સત્તામા વા=અથવા. પનર=પંદર બંધણે=બંધનો. તિ-સયં=એકસો ત્રણ, બંધણ-સંઘાય-ગહો=બધનો અને સંઘાતનોનો સમાવેશ. તણૂસુ=શરીરોમા સામણ્ણ=વણ્ણ-ચઉ=સામાન્ય રીતે વર્ણાદિ ચાર ॥૩૧॥

ગાથાર્થ:—

અઠ્ઠાવીશ ભેળવીએ એટલે ત્રાણું: અથવા—બંધનો પંદર ગણવાથી એકસો ત્રણ: સત્તામાં. બંધન અને સંઘાતન શરીરોમાં ગણી લઇએ, અને સામાન્યથી વર્ણચતુષ્ક લઇએ, ॥૩૧॥

ને, અઠ્ઠાવીશ પ્રત્યેક પ્રકૃતિએ યુક્ત કરીએ, ત્યારે ત્રાણું ભેદ નામકર્મના સત્તાએ થાય. અથવા, સત્તામાં પાચ

બંધ: ઉદય: અને સત્તામાં અનુક્રમે વીશ: બાવીશ: અને અઠ્ઠાવન: સાથે સો હોય. ॥૩૨॥

એમ એકસો ત્રણમાથી એ ૩૬ છત્રીશ પ્રકૃતિઓ ઓછી કરીએ, એટલે—નામકર્મની ૬૭ થાય. તે **બંધે** અને ઉદયે જાણવી.

વળી સમ્યક્ત્વ મોહનીય ૧: મિશ્ર મોહનીય ૨: એ બે બંધે ન હોય, બંધે તો મિથ્યાત્વજ બાંધે. તે મિથ્યાત્વના દળિયા વિશુદ્ધ: અને અર્ધવિશુદ્ધ: થયાં થકા સમ્યક્ત્વપણું: અને મિશ્રપણું. કહેવાય.

તે માટે મોહનીયની ૨૬, નામકર્મની ૬૭, શેષ ૭ કર્મની ૨૭, એમ—૧૨૦ પ્રકૃતિ **બંધે** હોય: તથા—

મોહનીયની ૨૮: નામકર્મની ૬૭: શેષ ૭ કર્મની ૨૭: એમ—૧૨૨ **ઉદયે** અને **ઉદીરણાએ** હોય.

અને મોહનીય ૨૮ નામની ૧૦૩. અને શેષ કર્મની ૨૭. એમ— ૧૫૮ **સત્તાએ** જાણવી. ॥ ૩૨ ॥

૫૧ મી ગાથા સુધી ચૌદ પિંડપ્રકૃતિઓના ૬૫ ઉત્તરભેદોના નામો અને વ્યાખ્યાઓ:

ગતિઓ: જાતિઓ: અને શરીરો:

निरय-तिरि-नर-सुर-गइ इग-बिअ-तिअ-चउ-पणिंदि-जाईओ ।
ओराल-विउव्वा-ऽऽहारग-तेअ-कम्मण पण-सरीरा ॥३३॥

શબ્દાર્થ—નિરય-તિરિ--નર-સુર-ગઇ=નારક: તિર્યંચ:

ઔદારિકશરીર નામકર્મ્મ ૧: વૈક્રિયશરીર નામ-કર્મ્મ ૨: આહારકશરીર નામકર્મ્મ ૩: તૈજસશરીર નામકર્મ્મ ૪: કાર્મ્મણશરીર નામકર્મ ૫:

એ પાંચ શરીર નામકર્મ્મ કહીએ. "शीर्यते, तच्छरीरम्" इति व्युत्पत्तेः ।

પ્રતિક્ષણે પુદ્ગલને ઉપચયેં: અપચયેં: કરીને વધે. ઘટેઃ તે-**શરીર** કહીએ.

ઉદાર એટલે પ્રધાન-ઉત્તમ-તે-સર્વ શરીર થકી ઉત્તમ, **તીર્થંકર ગણધરની** અપેક્ષાએ, તે-**ઔદારિક**: તથા, ઉદાર-મોટું, સહસ્ર યોજન માટે. તે **ઔદારિક શરીર**. **સર્વ.તિર્યંચઃ મનુષ્યઃ ને હોય ૧.** તથા-

એક·	અનેકઃ	નાનું,	મોટું:
ખેચર,	ભૂચરઃ	દૃશ્ય,	અદૃશ્યઃ

ઇત્યાદિ-વિવિધ ક્રિયાએ ઊપન્યું, તે-**વૈક્રિય શરીર** કહીએ. તે-બે ભેદે હોયઃ—

ભવપ્રત્યયિક—**દેવતાઃ નારકી· ને હોય.**

અને લબ્ધિપ્રત્યયિક—**મનુષ્યઃ તિર્યંચ.ને** હોય. ૨.

તથા **ચૌદપૂર્વી** સાધુ, **તીર્થંકરની** ઋદ્ધિ દેખવા તથા સંશય ટાળવા નિમિત્તે, ઉત્તમ પુદ્ગલ આહરી-લઈને [મુંઢા હસ્ત પ્રમાણ] શરીર કરે, તે-**આહારક શરીર** કહીએ.

તે-સ્ફટિક પરે અતિ નિર્મ્મળ કોઈક-દેખેઃ કોઈક-ન દેખે એવું હોય. ૩.

બે બાહુઃ તે–ભુજા ૨: બે ઉરુઃ તે–સાથળ ૪:
પૃષ્ટિઃ તે–વાંસો ૫. શિરઃ તે–મસ્તક ૬:
ઉરઃ તે–હૃદય ૭: ઉદરઃ તે–પેટ ૮:
શરીરને વિષે એ આઠ અંગ કહીએ.

તે અંગને વિષે આગળી પ્રમુખઃ તે–ઉપાંગ કહીએ.

અને તે ઉપાંગને વિષે શેષ જે–પર્વઃ રેખાઃ નખઃ રોમાદિકઃ તે–અંગોપાંગ કહીએ.

એ ઉપાંગઃ તે પ્રથમ ત્રણ શરીરનેજ હોય–

ઔદારિકાંગોપાંગ ૧: વૈક્રિયાંગોપાંગ ૨: અને આહારકાંગોપાંગ ૩. કહેવાય.

તૈજસઃ કાર્મ્મણઃ તો જીવપ્રદેશના સંસ્થાને છે, અદૃશ્ય છે તે માટે–તેને અંગ–ઉપાંગ ન હોય. ॥ ૩૪ ॥

પાંચ બંધનનું સ્વરૂપ :

उरलाऽऽइ-पुग्गलाणं निबद्ध-बज्झंतयाण संबंधं ॥
जं कुणइ जउ-समं तं बंधणमुरलाऽऽइ-तणुनामा
(उरलाइ बंधणं नेयं) ॥ ३५॥

શબ્દાર્થ-ઉરલા-ઽઽઇપુગ્ગલાણં=ઔદારિકાદિ પુદ્ગલને. નિબદ્ધ–બજ્ઝંતયાણ=પૂર્વે બાંધેલાઃ અને બંધાતાઃ નો સંબંધ=મેળાપ જં=જે. કુણઇ=કરે. જઉ-સમં=લાખ-સમાન-સરખુઃ તં=તે. બંધણં=બંધન નામકર્મઃ ઉરલાઇ-તણુ-નામા=ઔદારિક આદિ પાંચ શરીરને નામે. ૩૫

સંઘાયં=સંઘાતન નામકર્મ: બંધણું:=બંધનની. ઇવ=પેઠે તણુ-નામેણ=શરીરના નામે: પંચ—વિહ=પાંચ ભેદે

ગાથાર્થ :

જેમ-દંતાલી ઘાસનો સમૂહ એકઠો કરે, તેમ ઔદારિકાદિક પુદ્ગલોને એકઠા કરે, તે બંધનની પેઠે શરીરને નામે સંઘાતન નામકર્મ પાંચ પ્રકારે છે. ॥ ૩૬ ॥

જે કમ્મ ઔદારિકાદિક ભાવપણે પરિણમ્યા પુદ્ગળ પ્રત્યે સંઘાતે [એકઠા કરે], જેમ તૃણના સમૂહ પ્રત્યે દંતાલી એકઠા કરે, તેમ, તે-સંઘાતન નામકમ્મ કહીએ. બંધનની પરે શરીરને નામે કરીને તે પાંચ ભેદે છેઃ—

ઔદારિક સંઘાતન ૧.
વૈક્રિય સંઘાતન ૨.
આહારક સંઘાતન ૩.
તૈજસ સંઘાતન ૪. અને
કાર્મ્મણ સંઘાતન ૫. નામકમ્મ ॥૩૬॥

પંદર બંધનનું વર્ણન:—

ओराल-विउव्वा-ऽऽहारयाण सग-तेअ-कम्म—जुत्ताणं ।
नव बंधणाणि, इअर—दु—सहियाणं तिन्नि. तेसिं च ॥३७॥

શબ્દાર્થ—ઓરાલ-વિઉવ્વા-ઽઽહારયાણ=ઔદારિક વૈક્રિય. અને આહારકના સગ-તેઅ-કમ્મ-જુત્તાણં= પોતપોતાની સાથે તૈજસ સાથે અને કાર્મણ સાથેઃ નવ-

તૈજસ તૈજસ બંધન ૧૩:

તૈજસ કાર્મણ બંધન ૧૪:

કાર્મ્મણ કાર્મ્મણ બંધન ૧૫.

એ પંદર બંધન જાણવા. ॥ ૩૭ ॥

૭ સંઘયણનું સ્વરૂપ:

संघयणमट्ठि-निचओ तं छद्धा–वज्ज–रिसह–नारायं ।
तह रिसह-नारायं, नारायं अद्ध-नारायं ॥ ३८ ॥
कीलिअ छेवट्ठं इह-रिसहो पट्टो अ, कीलिआ वज्जं ।
उभओ मक्कड-बंधो नारायं, इममुरालंगे ॥ ३९ ॥

શબ્દાર્થ—સંઘયણં=સંઘયણ: અટ્ઠિ–નિચઓ=અસ્થિનો–હાડકાનો સમૂહ-રચના વિશેષ, મજબૂતી: તં=તે: છદ્ધા=૭ પ્રકારે. વજ્જ–રિસહ=નારાયં=વજ્રઋષભનારાચ. રિસહ–નારાયં=ઋષભનારાચ: નારાયં=નારાચ. અર્દ્ધ-નારાયં=અર્દ્ધ-નારાચ. કીલિઅ=કીલિકા. છેવટ્ઠં=છેવટ્ઠું: ઇહ=અહીં આ: રિસહો=ઋષભ: પટ્ટો=પાટો: કીલિઆ=ખીલી વજ્જં=વજ્ર. ઉભઓ=બે પાસે. મક્કડ-બંધો=મર્કટબંધ: નારાયં=નારાચ: ઇમ=એ [સંઘયણ.] ઉરાલંગે=ઔદારિક શરીરમાં હોય. ૩૮–૩૯.

સંઘયણ એટલે હાડકાની મજબુત ગોઠવણ તે ૭ પ્રકારે છે:–વજ્રઋષભનારાચ : ઋષભનારાચ : નારાચ: અર્ધનારાચ :કિલિકા: છેવટ્ઠું : અહીં-ઋષભ

તેમા-દેવતાઃ સર્વને-સમચતુરસ્ર સંસ્થાન હોય, ગર્ભજ-તિર્યંચઃ તથા મનુષ્ય ને ૭ સંસ્થાન હોય, શેપ સર્વ જીવને હુંડક સંસ્થાન હોય.

એ ૭ સંસ્થાન કહ્યા.

હવે વર્ણ પાચ કહે છે.—

કૃષ્ણવર્ણ—કાજળ જેવો ૧. પીળો-હળદર જેવો ૪
નીલો-પોપટની પાખ જેવો ૨ઃ શ્વેત-ધોળોઃ શંખ જેવો પઃ
રાતો-મજીઠ જેવો ૩ઃ ॥ ૪૦ ॥

બે ગંધઃ પાંચ રસ. અને આઠ સ્પર્શ.

सुरहि-दुरही, रसा पण तित्त-कडु-कसाय-अंबिला महुरा. ।
फासा गुरु लहु-मिउ-खर-सीउण्ह-सिणिद्ध-रुक्खट्ठा. ॥४१॥

શબ્દાર્થ—સુરહિ-દુરહિ=સુરભિગંધઃ અને દુરભિગંધ રસા=રસો. પણ=પાચ. તિત્ત-કડુ-કસાય-અંબિલા= તિક્ત-કડવો. કટુ-તીખો. કપાયેલો-તૂરોઃ ખાટોઃ મહુરા= મધુર ફાસા-સ્પર્શ ગુરુ-લહુ-મિઉ-ખર-સીઉણ્હ- સિણિદ્ધ-રુક્ખટ્ઠા=ભારે હળવો સુંવાળોઃ ખરબચડો ઠંડો. ઉનો ચીકણો. લુખોઃ આઠ. ૪૧.

ગાથાર્થઃ—

સુગંધ અને દુર્ગંધઃ કડવો. તીખોઃ તુરો ખાટો અને મીઠોઃ પાંચ રસો ભારેઃ હલકો. કોમળઃ ખડબચડો ઠંડો ઉનો. ચીકણો લુખો એ આઠ

લાગે છે, તે આતપનામકર્મના ઉદયથી હોય છે, પરંતુ અગ્નિકાયમાં (તેનો ઉદય) નથી હોતો. કેમકે તેમાં તો ઉષ્ણસ્પર્શ નામકર્મ: અને લાલવર્ણ નામકર્મનો ઉદય હોય છે, માટે. ૪૫

સૂર્યના બિંબને વિષે પૃથ્વીકાઇયા પર્યાપ્ત જીવનુંજ શરીર તાપ યુક્ત હોય-પોતે શીતળ છતાં પ્રકાશ કરે, તે-આતપનામકર્મના ઉદયથી. ૩.

એ ટાળી બીજામા આતપનામ ન હોય, અગ્નિકાયને વિષે આતપનામ ન હોય.

જે માટે-અગ્નિને વિષે તો ઉષ્ણસ્પર્શનો ઉદય છે, અને લોહિત. તે-રાતાવર્ણનો ઉદય છે, તેણે કરીને ઉષ્ણતા: અને રાતો પ્રકાશ: જણાય છે. ॥ ૪૫ ॥

ઉદ્યોત નામકર્મ:નું સ્વરૂપ

अणुसिण-पयास-रूवं जिअंगमुज्जोअए इहुज्जोआ।
जइ-देवुत्तरविक्किअ जोइस-खज्जोअमाइव्व ॥ ४६ ॥

શબ્દાર્થ—અણુસિણ-પયાસ-રૂવં=શીત પ્રકાશરૂપ: જિઅંગં=જીવનું અંગ: ઉજ્જોઅએ=ઉદ્યોત કરે: ઇહ=અહીં આ. ઉજ્જોઆ=ઉદ્યોત નામકર્મના ઉદયથી: જઇ-દેવુત્તર-વિક્કિય-જોઇસ—ખજ્જોઅ-માઇ=યતિ: અને દેવ વડે કરાયેલ વૈક્રિય: અને ઉત્તર વૈક્રિય: જ્યોતિષી. ખજ્જોઅ-આગીઆ: આદિની. વ્વ=પેઠે: ૪૬.

ગાથાર્થ.

આ જગતમાં મુનિ અને દેવ: વડે કરાયેલા વૈક્રિય: અને ઉત્તર વૈક્રિય શરીર: જ્યોતિષ: અને ખજુઆ: જેવું જીવોનું શરીર ઉદ્યોત નામકર્મના ઉદયથી ઠંડા પ્રકાશ સ્વરૂપે ચમકે છે. ૪૬.

ઉષ્ણ નહિ એવા (શીત) પ્રકાશરૂપ જે ઉદ્યોત કરે છે, જીવનું શરીર ઉદયથી તે ઉદ્યોત નામકર્મના ... લોકને વિષે.

યતિનું અને દેવતાનું. (વૈક્રિય અને) ઉત્તર વૈક્રિય શરીર.

જ્યોતિષીનાં વિમાનના (પૃથ્વીકાયના જીવો) ખજુઆ- આગીઆ (તેઈન્દ્રિય જીવ)

આદિ શબ્દથી--ઔષધિ: મણિ: રત્નાદિક

જીવને વિષે ઉદ્યોત નામનો ઉદય હોય. તેની પે [illegible] તેઉ-વાયુમાં ન હોય. ૪

[illegible] અને તીર્થંકર નામકર્મ --

[illegible]ं न गु[illegible] न ल[illegible]ं जा[illegible] जीवस्स अगुरु-लहु-उदया।
ति[illegible] ति[illegible]णस्सवि पुज्जो से उदओ केवलिणो [illegible]

[illegible]

[illegible]

- આદેય નામકર્મના ઉદયથી દરેક માણસોને માન્ય વચનવાળો થાય.

યશઃ નામકર્મના ઉદયથી યશઃ અને કીર્તિઃ થાય.

સ્થાવરદશક વિપરીત અર્થમાં સમજવું. ૫૧.

સુસ્વર નામકર્મના ઉદયથકી મધુર અને સર્વને સુખદાયી–ધ્વનિ–સ્વર હોય, કોકિલની પેરે. ૮:

આદેય નામકમ્મર્ના ઉદયથકી સર્વ લોકને ગ્રાહ્ય-વચન હોય–તેનું વચન લોક માને. ૯:

યશઃ નામકમ્મર્ના ઉદયથકી યશઃ કીર્તિ ઘણી હોય.

दान–पुण्य–कृता कीर्तिः पराक्रम–कृतं यशः ।
एक–दिग्गामिनी कीर्तिः सर्व–दिग्गामुकं यशः ॥१॥

એ–ત્રસ દશકાનો અર્થ કહ્યો.

હવે, સ્થાવરદશકાનો અર્થ ત્રસદશકથી વિપરીત કહેવોઃ—તે આ પ્રમાણે—

સ્થાવરઃ તે એકેંદ્રિય કહીએ. સ્થિર રહે. તે માટે-સ્થાવર. अत्राह कश्चित्—

તેજો. વાયુ તો ગમનશીલ છે. તેને સ્થાવર કેમ કહીએ? तत्रोत्तरम्—

એ તો–ગતિત્રસ છે. સ્વભાવે તથા પરપ્રેરણાએ ચાલે છે, પણ પોતાની ઇચ્છાએ ચાલતા નથી, એને સ્થાવર નામકર્મનો ઉદય છે, તે માટે સ્થાવર કહીએ. ૧.

અસંખ્યાતા શરીર ભેળા મળ્યા થકા પણ નજરે ન દેખાય, તે-સૂક્ષ્મનામ ૨.

અપર્યાપ્તા બે ભેદે—લબ્ધિ અને કરણ.

જે પોતાની પર્યાપ્તિ પૂરી નહીં કરે અપર્યાપ્તોજ મરે, તે લબ્ધિ અપર્યાપ્તો.

અને, જે હમણા અપર્યાપ્તો છે, પણ આગળ પર્યાપ્તિ પૂરી કરશે જ, તે--કરણ અપર્યાપ્તો કહીએ.

યદ્યપિ આહાર, શરીર, ઇંદ્રિય એ ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના તો કોઈ જીવ મરે નહીં, ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના પરભવનું આયુ ન બંધાય, અને પરભવાયુ બાંધ્યા વિના કોઈ મરે નહીં, તોપણ બાકીની શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ વગેરેની પરભવાયુ બાંધીને મરે, તે અપર્યાપ્તો કહીએ છ.

અનંતા જીવનું એક શરીર હોય, તે સાધારણ [illegible] ૮

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કોઈને ગ્રાહ્ય વચન ન હોય-વચન કોઈ માને નહીં તે-
અનાદેય નામ. ૯:

અપયશ-અપકીર્તિ પામે, તે **અયશ** નામકર્મનો
ઉદય. ૧૦.

એ **સ્થાવર** દશકાનો અર્થ જાણવો.

એટલે, એ-**નામકર્મની ૧૦૩ પ્રકૃતિ** કહી. ॥૫૧॥

ગોત્રઃ અને અન્તરાયઃ કર્મના ભેદઃ—

गोअं दुहुच्च-नीअं कुलालइव सुघड-भुंभला-ऽऽइअं।
विग्घं दाणे लाभे भोगुवभोगेसु वीरिए अ ॥५२॥

શબ્દાર્થઃ—**ગોઅં**=ગોત્ર કર્મ: **દુહ**=બે ભેદઃ **ઉચ્ચ નીઅં**=ઉચ્ચ અને નીચ. **કુલાલ**=કુંભારઃ **ઇવ**=પેઠેઃ **સુઘડ-ભુંભલાઇયં**=સારા ઘડા. અને મદિરાદિના ઘડા' વિગેરે **વિગ્ઘં**=અંતરાય કર્મ: **દાણે**=દાનમાઃ **લાભે**=લાભમાઃ **ભોગે**=ભોગમા. **ઉવભોગેસુ**=ઉપભોગમાઃ **વીરિએ**=વીર્યમાઃ **અ**=અનેઃ ૫૨.

ગાથાર્થ.

જેમ કુંભાર સારા ઘડા અને ભુંભલા [બનાવે]. તેમ-ગોત્ર કર્મ બે પ્રકારે-ઉચ્ચઃ અને નીચઃ

દાનઃ લાભઃ ભોગ· ઉપભોગઃ અને વીર્યઃમાં વિઘ્ન [કરે] છે. ૫૨.

હવે ગોત્રકર્મ કહે છે—તે ગોત્રકર્મ બે ભેદ છેઃ—

ઉચ્ચૈર્ગોત્ર ૧ઃ અને નીચૈર્ગોત્ર ૨ઃ

એ ગોત્રકર્મ કુંભારઃ સરખું છે.

જેમ કુંભારઃ સુઘટઃ ઘટ–દુગ્ધાદિકનો ઘડો ઘડે, અને બલ. તે અશુભ મદિરા પ્રમુખનો ઘડો પણ ઘડે, તેમ–ઉચ્ચઃ નીચ. ગોત્રઃ જાણવું.

ઉચ્ચૈર્ગોત્ર આઠ ભેદે છે—તે કેમ?

જાતિ વિશિષ્ટતા ૧ઃ	તપ વિશિષ્ટતા ૫ઃ
કુળ વિશિષ્ટતા ૨ઃ	શ્રુત વિશિષ્ટતા ૬
બળ વિશિષ્ટતા ૩ઃ	લાભ વિશિષ્ટતા ૭ઃ
રૂપ વિશિષ્ટતા ૪ઃ	ઐશ્વર્ય વિશિષ્ટતા ૮ઃ

એ આઠ ભેદ જાણવા—

અને. નીચૈર્ગોત્રના ભેદ એનાથી વિપરીત જાણવા [illegible] અંતરાય કર્મ કહે છે—

[illegible] દાનાંતરાય ૧

[illegible] ાંતરાય ૨

[illegible]

[illegible]

તે-ઉપભોગ કહીએ તે છતે યોગે પણ ભોગવી ન શકે તે-ઉપભોગાંતરાય ૪.

છતી શક્તિએ શરીરે પુષ્ટ: નિરોગી: થકો ઘણુ પરાક્રમ ફેરવી ન શકે, તે-વીર્યાન્તરાય. ૫

એ પાંચ ભેદે અંતરાય કર્મ્મ ૮ ॥ ૫૨ ॥

અંતરાય કર્મનું સ્વરૂપ—

सिरि-हरिअ-समं एअं जह पडिकूलेण तेण रायाई ।
न कुणइ दाणाइअं एवं विग्घेण जीवो वि ॥५३॥

શબ્દાર્થ— સિરિ-હરિઅ-સમં= શ્રીગૃહી-ભંડારી સરખું. એઅં=આ. જહ=જેમ. પડિકૂલેણ=પ્રતિકૂલ હોય તો. તેણ=તે. રાયાઈ=રાજાદિક ન=ન. કુણઈ=કરી શકે દાણાઈઅ=દાનાદિક. એવં=એ પ્રકારે. વિગ્ઘેણ=અંતરાય કર્મે કરી જીવો=જીવ વિ=પણ. ૫૩.

ગાથાર્થ,

એ ભંડારી જેવું છે. જેમ. તે-વિરુદ્ધ હોય. તે રાજા વિગેરે દાનાદિને કરી શકે નહીં. તેમ જીવ પણ અંતરાય કર્મવડે દાનાદિક કરી શકે નહી. ૫૩.

શ્રી—લક્ષ્મીનું ઘર. તે-ભંડાર, તેનો અધિકારી: તે ભંડારી, તે સરખુ અંતરાય કર્મ્મ છે.

જેમ-તે ભંડારી પ્રતિકૂળ થકે રાજાદિક દાનાદિક કરવા વાંછે, પણ છતે યોગે તે-દાનાદિક કરી શકે નહી. એમ-એ

કરતે વિઘ્નઃ તે-અંતરાય કર્મ તેહને ઉદયે જીવ પણ છતે યોગે દાનાદિક કરી ન શકે.

એટલે, એ-અંતરાય કર્મની પાંચ પ્રકૃતિ કહી.

એટલે એ-આઠે કર્મની ૧૫૮ પ્રકૃતિ વિવરીને કહી. ॥ ૫૩ ॥

पडिणीअत्तण–निण्हव–उवघाय–पओस–अंतराएणं ।
अच्चा–ऽऽसायणयाए आवरण–दुगं जिओ जयइ ॥५४॥

શબ્દાર્થ—પડિણીઅત્તણ-નિણ્હવ-ઉવઘાય-પઓસ-અંતરાએણં=પ્રત્યનિકપણું ઓળવવું હણવું દ્વેષ કરવો અને અંતરાય કરવાથી અચ્ચા-ઽસાયણયાએ=અત્યંત આશાતના કરવાથી આવરણ-દુગ=બે આવરણ, (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય) જિઓ=જીવ જયઇ=ઉપાર્જે છે. ૫૪

ગાથાર્થ.

પ્રત્યનીકપણું નિહ્નવ ઉપઘાત પ્રદ્વેષ ને અંતરાયથી તથા ઘણી આશાતના કરવાથી જીવ બન્ને પ્રકારના આવરણ કર્મ બાંધે છે. ૫૪

આઠે કર્મના [illegible] છે તે—

મિથ્યાત્વ ૧	કષાય ૩
અવિરતિ ૨	યોગ ૪ છે.

તે તે જુદા કર્મબંધને [illegible]

[illegible] —

ગુર્વાદિકનો—

પ્રત્યનીક–અનિષ્ટ આચરણનો કરણહાર થાય.

નિહ્નવઃ તે–લાજથકી ગુરુને ઓળવી, અનેરો ગુરુ કહે,

ઉપઘાતઃ તે–ગુર્વાદિકનો ઘાત કરે.

તે ઉપર **પ્રદ્વેષ** રાખે

જ્ઞાનાદિક ભણનારને **અંતરાય** કરે.

જ્ઞાનઃદર્શનઃની અત્યંત **આશાતના** હીલનાઃ નિંદા કરેઃ **અવર્ણવાદ** બોલે.

એહવો થકો તે–**જીવ બે આવરણ** ઉપાર્જે.

તેમા–**જ્ઞાનની** અને **જ્ઞાનીની** આશાતનાએ **જ્ઞાનાવરણ** ઉપાર્જે,

દર્શનઃ દર્શની·ની આશાતાનાએ દર્શનાવરણ ઉપાર્જે. ૫૪.

गुरु-भत्ति-खंति-करुणा-वय-जोग-कसाय-विजय-दाण-जुओ ।
दढ-धम्माइ अज्जई सायमसायं विवज्जयओ ॥५५॥

શબ્દાર્થ. -ગુરુ–ભત્તિ–ખંતિ–કરુણા–વય–જોગ–કસાય–વિજય–દાણ–જુઓ=ગુરુ ઉપર ભક્તિ. ક્ષમા. દયા. વ્રત જોગ. સંયમ કષાય ઉપર કાબુ અને દાન દેવા. વાળો. દઢ–ધમ્મા-ઇઇ=દઢધર્મી વિગેરે. અજ્જઇ-ઉપાર્જે=બાંધે છે સાયં=સાતાવેદનીય અસાયં=અસાતાવેદનીયઃ વિવજ્જયઓ=એથી વિપરીતપણેઃ ૫૫.

ગુરૂ ઉપર ભક્તિ· ક્ષમા દયા· વ્રતઃ સંયમ માર્ગ કષાયો ઉપર કાબુઃ અને દાન દેવાવાળો: તથા દઢધર્મી વિગેરે સાતા વેદનીય અને તેથી વિપરીત આચરણવાળો અસાતા વેદનીય કર્મ બાંધે છે. ૫૫

ગુરૂ તે-માતા-પિતાઃ ધર્માચાર્ય તેઓની-ભક્તિ.

ક્ષાંતિઃ-ક્ષમા.

કરૂણા· તે-જીવદયા.

વ્રત તે-મહાવ્રત પાંચ અને અણુવ્રતાદિ ૧૨ નું પાળવું.

યોગ-મન· વચન કાયા. ના.

કષાય ૪ તેહનું જીતવું.

દાન દેવું.

એટલાને વિષે રક્ત હોય. અને દઢધર્મી હોય તે જીવ સાતા વેદનીય ઉપાર્જે.

[illegible] તેથી વિપરીત પરિણામે અસાતા વેદનીય ઉપાર્જે (બાંધે) છે ॥ ૫૫ ॥

ઉમ્મગ્ગ-દેસણા-મગ્ગ-નાસણા-દેવ દવ્વ હરણેહિં ।
દંસણમોહં જિણ મુણિ ચેઇય સંઘાઇ પડિણીઓ ॥ ૫૬ ॥

ગાથાર્થ —

[illegible]

છે, એટલે તે જાણી જાય, કે "ગુરુજી **શ્રી મહાવીર** એવો શબ્દ બોલ્યા છે. અને તે લખવાની મને આજ્ઞા કરે છે. અને તે શબ્દ મારા સાંભળવામા આવ્યો છે, માટે જલદી લખાવો જોઇએ," એટલે આત્મા તરત મનને હુકમ કરે છે. મન મગજને, અને મગજ હાથના જ્ઞાનતંતુઓને, એટલે તરત હાથ પાટી પેન લેતાકને લખવા માડે છે. ગુરુજી ગુસ્સે થઇ ઠપકો ન આપે, માટે જલ્દી જલ્દી લખવા હાથમાં વેગ ઉભરાય છે.

૪ લખ્યું, તે બરાબર છે? કે નહી? તે જોવા પણ આત્મા મનને હુકમ આપે છે. મન મગજને, મગજ આંખના જ્ઞાનતંતુઓને, અને આખના જ્ઞાનતંતુઓ આંખને જોવાનો હુકમ કરે છે, કે આંખ જોઇ લે છે, એટલે **શ્રી મહાવીર** એમ લખેલા શબ્દનો આકાર આખની કીકીમા પડે છે, કે તેની સાથે જોડાયેલા જ્ઞાનતતુઓ મગજમા, મગજ મનમાં–મન આત્મામાં, આત્મા, પોતાના જ્ઞાનમાં પહોંચાડી દે છે. ને આત્માને ખાત્રી થઇ જાય છે કે–બરાબર –"**શ્રી મહાવીર** શબ્દ જ લખાયો છે"

આ પ્રમાણે ગુરુજી **શ્રી મહાવીર** શબ્દ બોલ્યા કે તુરત તે આપણે લખી લીધો. અને તે "ખરો છે" એમ નક્કી કરતાં સુધીમાં આપણે જાણી શકીએ તેમ એટલી બધી બારીક હીલચાલો થઇ જાય છે, અને આપણે ન જાણી શકીએ તેમ પણ બીજી ઘણી જાતની બારીક હીલચાલો તેની સાથે થાય છે, જે અહી લખવા જતા ઘણું લંબાણ થાય આટલી બધી બારીક હીલચાલો થાય છે, તેની આપણને એકદમ માલૂમ જ પડતી નથી. માત્ર જો બારીક વિચાર કરવા બેસીએ, તો જ સમજાય છે.

૬ હવે, એક બાળકને આપણે **શ્રી મહાવીર** શબ્દ લખવાનું

કરીએ. તો તે હાથ ન હોવાથી લખી શકતો નથી પરંતુ તેને બોલવાનું મોઢું છતાં શ્રી મહાવીર શબ્દ બોલવાનું કહેશો તો પણ બોલી શકતો નથી સાંભળવાને કાન છે, છતાં આપણે શું કહીએ છીએ? તે, તે સમજી શકતો નથી

આપણે શ્રી મહાવીર શબ્દ બોલીએ, તે, તે સાંભળે છે, તેના મગજમાં જ્ઞાનતંતુઓ એ અવાજ પહોંચાડે છે, તેનું મન તેના આત્મા પાસે એ શબ્દ લઈ જાય છે. અને તેના આત્મામાં એ શબ્દ સાંભળ્યાનું જ્ઞાન પણ થાય છે. પણ શ્રી મહાવીર એ શબ્દ શું છે? તેનું શું કરવું? એ કાંઈ તેને સમજાતું નથી. એટલે આપણે પાંચસો વાર શ્રી મહાવીર બોલવાનું કહો, તો પણ તે કાંઈ કરી શકે નહીં. પરંતુ ઈશારો કરશો, તો તરત તે સમજશે કે "મારે [illegible] જવાનું કહે છે" અને ચાલવા પણ માંડે.

અંદરની ઇંદ્રિયોઃ

બહારની ઇંદ્રિયોઃ

ઇંદ્રિયો જેમાં ગોઠવાયેલ છે, તે શરીરનો અવયવ–ઉપાંગઃ
શરીરનો તે અવયવ–ઉપાંગ જેમાં ગોઠવાયેલ છે, તે મુખ્ય અંગઃ
અને મુખ્ય અંગ જેમાં ગોઠવાયેલ છે, તે શરીર.
આટલા સાધનોથી આપણે કાંઈ પણ કામ સમજપૂર્વક કરી શકીએ છીએ.

આમાંનુ એક પણ ન હોય, તો આપણે કોઈ પણ કામ સમજપૂર્વક કરી શકીએ નહીં આમાંની એકે એક વસ્તુ બાદ કરીને-વિચારી જુઓ કે–"કામ થઈ શકે કે નહીં ?"

૮ હવે–આત્મા અને મનની વચ્ચે કંઈક આડે આવે છે, તે એવું શું છે ? કે–જે આત્માની જ્ઞાનશક્તિમાં આડે આવી શકે છે ? મનની શક્તિની આડે આવી શકે છે. તેજ પ્રમાણે–મગજ, જ્ઞાનતંતુઓ, અંદરની અને બહારની ઇંદ્રિયો વિગેરેની આડે આવી શકે છે

૯ એ પણ તમારે સમજી લેવું જોઈએ, કે–આખા શરીરની, મુખ્ય અંગોની, ઉપાંગોની, અંદરની અને બહારની ઇંદ્રિયોની, જ્ઞાનતંતુઓની, મગજની, મનની વિગેરે સર્વની સર્વ પ્રવૃત્તિઓ અને હિલચાલોનું મુખ્ય મથક–શરીરમાં રહેલો એક અખંડ આત્મા છે. ત્યાંથી પાછી ફરી દરેકની અસર છેવટે તેના ઉપર જઈ પહોંચે છે, અને પછી તેના હુકમ પ્રમાણે દરેકને અમલ કરવો પડે છે.

જો એવું એક મથક ન હોય તો, કાને સાંભળેલું લખવા માટે હાથને કોણ પ્રેરણા કરે ? "ગુરુજી એ લખાવનાર છે. માટે જલ્દી લખું." એમ હાથમાં ઉતાવળ કોણ મૂકે

[illegible] લખે છે હાથ, અને "હું લખું છું." એ કોણ માને છે?

મગજમાં કે મનમાં એ મુખ્ય મથકનું કામ ચલાવવાની શક્તિ નથી હોતી

કેમકે—ગમે કાલે કે ૨૫ વર્ષ પહેલા સાંભળેલી વાતને સ્પર્શી જાણીને આજે યાદ કરવાની શક્તિ મગજમાં કે મનમાં નથી હોતી. મગજને અને મનને પણ પ્રેરણા કરનાર બન્નેયના એક ઉપરી આત્માની જરૂર પડે છે

તેમ આત્માના પ્રદેશે પ્રદેશમા-કર્મો પેસી જઇને આત્માને કર્મોમય બનાવી મૂકે છે.

જેમ-શેર પાણીમા ૧) રૂપિયાભાર સાકર પણ પાણીના અણુએ અણુમાં પહોચી જાય છે. પરંતુ ગળપણના તત્વો એક એક અણુમાં બહુજ ઓચ્છા હોય છે. પરતુ શેર પાણીમાં ૧ શેર સાકર ગાળી નાખીયે, તો પાણીમા ગળપણ ઘણુ જ આવી જાય છે. એટલે કે પાણીના એક એક અણુમા-રૂપિયા-ભાર સાકર નાંખી ત્યારે ગળપણનો એક એક અણુ દાખલ હતો. પરંતુ જયારે શેર સાકર ગાળી નાખી, ત્યારે તે એક એક અણુમાં ચાલીશ ચાલીશ ગળપણના અણુઓ દાખલ થયા માનવા પડે છે? કે નહીં ?

તેજ પ્રમાણે આત્માના પ્રદેશે પ્રદેશમાં કર્મની અનંત અનત વર્ગણાના સ્કન્ધો ગુંથાઇ ગયા હોય છે, જેમ તલમાં તેલ ગુંથાઇ રહ્યુ હોય છે, જેમ-ધગાવેલા લોઢાના ગોળામાં અગ્નિ ગુથાઇ ગયો હોય છે. તે પ્રમાણે આ સમજી લેવું.

૧૬ આત્માના એક એક પ્રદેશમાં એટલી બધી અનત અનંત અશો જેટલી શક્તિ હોય છે કે તે દરેક અંશને ઢાકવા માટેના કર્મોના પ્રયાસને અગે એકએક આત્મ-પ્રદેશને અનંતા અનત કાર્મણવર્ગણાના સ્કધો લાગી જાય છે. આ કુદરતનો નિયમ ચાલુ છે.

૧૭ એટલે-કે-અનત પરમાણુઓની બનેલી એક એક વર્ગણાનો સ્કંધ હોય છે. અને તેવા અનંતા અનતા સ્કન્ધો એક એક આત્મપ્રદેશની શક્તિ ઢાકવા માટે ચોટે છે. છતા આત્માના એકએક પ્રદેશોમાંયે એટલી બધી શક્તિ હોય છે, કે ગમે તેટલા કર્મોના સ્કંધો ચોટે છતાં-પુરેપૂરી તેની શક્તિ ઢંકાઇ

કારણ—બીજ—રૂપવાળી વસ્તુ જ હોવી જોઈએ, એટલે પુદ્‌ગલ પરમાણુઓજ જગતમા હોવાજ જોઇએ, એમ માનવું જ પડશે.

પરંતુ, ઉલટમાં એ પ્રશ્ન થશે કે—આત્મા અરૂપી છે, તેનો પ્રકાશ પણ અરૂપી હોઇ શકે. તે અરૂપી પ્રકાશ તો સર્વ ઠેકાણે રોકાયા વિના જઇ શકે, તેને રૂપી પદાર્થ શી રીતે ઢાંકી શકે? આત્માને તે અડકીજ કેમ શકે?

તેનો જવાબ એટલો જ છે કે—

આત્માના પ્રકાશના અંશે અંશની આડે કર્મસ્કંધો આવી જાય છે, એટલે તે પ્રકાશ રોકાય છે. કર્મસ્કન્ધો પ્રકાશનો નાશ કરી શકતા નથી. જેમ વાદળા સૂર્યના પ્રકાશ-નો નાશ કરી શકતા નથી, પરંતુ તેને રોકી શકે છે. સૂર્યનો પ્રકાશ જો કે પુદ્‌ગલની જાતનો છે, છતાં વાદળા કરતાં જુદી જાતની ગોઠવણવાળો છે, એટલે પોતાનાં કરતાં જુદી જાતની ગોઠવણવાળા વાદળાથીયે તે ઢંકાય છે.

પરમાણુ એટલા બારીક બની શકે છે, કે આત્માની સંસર્ગ વિસર્ગ શક્તિને લીધે લાંબા પહોળા થતા આત્મામાં ગુંચવાઇ જાય છે. પત્થર ઉપર ગમે તેટલું તેલ રેડો, પરંતુ પાણી પ્રવાહી હોવાથી તેમાં જેમ તેલ ભળી જાય છે, તેમ તેમાં ભળી શકતું નથી. હવે પાણીમા પણ તમને એકરસ થઇ ગયેલુ દેખાય, છતાં બારીકમા બારીક પાણીના અણુની બાજુમાં તેલના બારીક અણુઓ હોય તો પણ સ્વતંત્ર તેલ તરીકે જ હોય. ગમે તેમ મેળવો. તોપણ તેલ પાણીમય થઇ જતું નથી હોતું, તેમ જ, પાણી તેલરૂપે બની જતું નથી. એજ પ્રમાણે દૂધના અણુએ અણુમાં ઘી હોય છે, છતાં

થતા એકજ આત્માના અનત રૂપાન્તરો આપણને જોવામાં આવી શકત નહી. એક સરખી જ સ્થિતિ જણાત.

લાકડામા સળગવાની યોગ્યતા છે, અને પત્થરમાં સળગવાની યોગ્યતા નથી, તેનું શુ કારણ? તેનુ કારણ એમ કહેવામા આવશે, કે–લાકડામા–સળગી શકે–તેવા તત્ત્વો છે, અને પત્થરમા તેવા તત્ત્વો નથી, પરંતુ ત્યા પણ એ પ્રશ્ન થશે કે–તેનું શુ કારણ? ત્યારે કહેવુ જ પડશે, કે કુદરતી ગોઠવણ જ એવી છે.

તેજ પ્રમાણે આત્મા અને પુદ્ગલ દ્રવ્યોને કુદરતી શક્તિ જ એવી છે, કે અમુક સંજોગો હોય, તો બન્ને મિશ્રણ થઇ શકે છે અને આત્માનો પ્રકાશ પણ એવો હોય છે, કે–કાર્મણસ્કધો તેને આજુબાજુથી ઘેરે, તો તે રોકાઇ જાય એવો હોય છે.

અલબત્ત, આત્માનો પ્રકાશ જેવા તેવા પુદ્ગલોથી રોકાતો નથી, પરંતુ જેમ બારીક સ્કધો એકઠા થઇને વધારે ચીકાશવાળા સ્કધો એકઠા થાય, ત્યારેજ તેને ઢાકી શકે છે.

માટીની ચીકાશ કરતાં ભૂતડાની માટીમા ચીકાશ વધારે હોય છે; તેના કરતા કાચના અને તેના કરતા સોનાના અને તેના કરતા હીરાના કણીયામા વધારે ચીકાશ હોય છે, જેથી પરસ્પર ખૂબ મજબૂતીથી ચોટી રહે છે, પરતુ કપડા ઉપર તેલ ચોટી જાય છે, પણ કાચ ઉપર તેલ એટલી મજબૂતીથી સજ્જડ ચોટી શકતુ નથી પરતુ ધૂળ ઉડી ઉડીને મિશ્રણ થયેલી ગાડાના પૈડાની મળી કાચ ઉપર પણ લેપાઇ શકે છે. તેજ પ્રમાણે–સોના ઉપર મીનો વધારે સારી રીતે ચોટે છે. કારણ કે જેમ બારીક અણુઓ અને સાથે ચીકાશ વધારે

વળી પહેલી—એક એક છુટા પરમાણુથી માંડી અનંત પરમાણુઓવાળા સ્કંધની બનેલી છેલ્લી વર્ગણા સુધીમાં કુલ વર્ગણા પણ અનંત થાય.

અને તે સર્વ અગ્રહણ યોગ્ય વર્ગણા ગણાય. તે વર્ગણાઓ જીવને ગ્રહણ કરવાના કામમાં આવેજ નહી. **તેનું નામ પહેલી અગ્રાહ્ય-અગ્રહણ યોગ્યવર્ગણા.**

૨ પછી છેલ્લી વર્ગણામાં અનંત પરમાણુઓના જે અનંત સ્કંધો હોય છે, તેમાનો એક સ્કંધ લેવો, અને તે એક સ્કન્ધમાં જ અનંત પરમાણુઓ હોય છે તેમાં ૧ પરમાણુ વધે, તેવડો એક સ્કંધ હોય, એવા અનંતા સ્કંધોની એક વર્ગણા થાય, તે **૨જી ઔદારિકપણે ગ્રાહ્ય વર્ગણાની જઘન્ય** વર્ગણા ગણાય.

એમ—એક એક પરમાણુ વધતી વધતી સંખ્યાવાળા દરેક અનંત અનંત સ્કંધોની બનેલી એક એક, એવી અનંત વર્ગણાઓ થાય. તેમાની છેલ્લી અનંતમી વર્ગણા આવે, તે, **ઔદારિક શરીરપણે ગ્રહણ કરવાને** ઉત્કૃષ્ટ વર્ગણા ગણાય.

૩ આ પ્રમાણે એક એકનો વધારો કરતાં કરતા ફરીથી અનંત સુધીનો વધારો કરવો: તે **૩જી ઔદારિક અને વૈક્રિય તે બન્નેયને અગ્રાહ્ય** વર્ગણા ગણાય. કેમકે ઔદારિકને જોઇએ તેના કરતાં પણ વધારે પરમાણુઓ હોવાથી તે સ્કંધો વધારે બારીક હોય છે, અને વૈક્રિયને જોઇએ તેના કરતા ઓછા પરમાણુઓ હોવાથી વધારે મોટા સ્કંધો હોય છે, માટે બન્નેયને માટે એ નકામી છે.

કરી શકતા નથી. આ ઉપરથી આત્માના પ્રદેશની શક્તિ અને પ્રકાશ જેટલા ખુલ્લા થયા હોય છે, તે ઉપરથી કેટલા કર્મ ઓચ્છા થાય છે? અથવા નથી થયા? તેનું માપ કઈક જાણી શકાય છે,

૨૩ આ પ્રમાણે જુના કર્મ આત્મપ્રદેશોમા મિશ્રણ પામ્યા હોય છે. તેને લીધે આત્મામાં અમુક પ્રકારનો ફેરફાર થાય છે, તે તરત જ નવા કર્મો ચોટયા કરે છે. પાણીનો પ્રવાહ વહેતો હોય છે, પરંતુ પત્થર પડયો હોય, તો તેના ઉપરથી પાણીને વ્હેવુ પડે છે ને ઉચા નીચા થવું પડે છે, કે ફેલાઈ જવું પડે છે, કે ઉચ્છળવુ પડે છે, ત્યારે એવી જ તણખલા વિગેરે ચીજો તેની પાસે ઘસડાઇ આવી તેના વેગમા એકઠી થઈ આડી આવ્યા કરે છે. તે પ્રમાણે આત્મા પોતાનું મહાજીવન વ્હેવડાવે છે. તેમા પૂર્વના કર્મો તેને એવી જાતની સ્થિતિમા મૂકયે જાય છે. ને આત્મા સ્વાભાવિક રીતે એવી સ્થિતિમા મૂકાતો જાય છે, કે નવાનવા કર્મો તેમા આવ્યા કરે છે તે એમ તેમની સાથે તેનો પ્રવાહ આગળ વધ્યા કરે છે. વળી કોઈ ખાબોચીયામાં પ્રવાહ રોકાઈ જાય છે. વળી ઢાળ આવે, ત્યાં એકદમ વહે છે, એમ ચાલ્યા કરે છે.

૨૪ જો કે આત્મા સાથે ચોટયા પહેલાં તે સ્કધો કાર્મણ વર્ગણા જ કહેવાય છે અને જે સમયે આત્મા સાથે ચોટી મિશ્રણ થાય, તેજ સમયે તે વર્ગણાનુ નામ કર્મ કહેવાય છે.

૨૫ એટલે આત્મા કર્મનો કરનાર-કર્તા છે, અને ભોગવનારો છે પૂર્વના કર્મના પુદ્ગલો દ્રવ્યરૂપ હોવાથી તે દ્રવ્ય આશ્રવ છે અને તેથી ઉત્પન્ન થતી આત્માની અવસ્થા આત્માના સ્વભાવ રૂપ હોવાથી ભાવ આશ્રવ કહેવાય છે. દ્રવ્ય એટલે પુદ્ગ

કાર્મણ વર્ગણાઓ આત્મા સાથે ચોટે, તે કર્મ બંધ.

૪ અને ચોટેલી કાર્મણ વર્ગણા, તે કર્મ.

૫ ચોટતી કાર્મણવર્ગણા જે સમયથી ચોટે, તે સમયથી માડીને આત્મા સાથે તેની **સત્તા** શરૂ થઈ ગણાય

વિવિધ પ્રકારના બંધ પછી વચ્ચે **અબાધાકાળ.** નિષેક, **ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ,** ઉપશમ, ઉદીરણા, વિગેરે જે જે થવુ હોય તે થયા બાદ છેવટે જ્યારે તે કર્મ પોતાનુ ફળ બતાવવા માંડે, ત્યારે તે કર્મ ઉદયમાં આવ્યા કહેવાય. પાણીમા ભાત ઓર્યા પછી તેમા કંઈ ઉથલપાથલ થાય છે. છેવટે તે ખાવાલાયક રંધાઈ જા છે—ત્યારે ભાતમાં પહેલેથી રહેલી ખાવા માટેની લાયકા પ્રગટ થાય છે—ઉદયમાં આવે છે. તે પ્રમાણે કાર્મ વર્ગણા પણ આત્મા સાથે એવી રીતે રંધાય છે, કે પછ ઉદયમા આવે, ત્યારે જુદા જુદાં ફળો બતાવે છે.

૬ એટલે બંધના સમયથી માંડીને ઉદયના છેલ્લા સમ સુધી જે કર્મ આત્મા સાથે લાગેલુ હોય છે, તેથી ત્ય સુધી તે **સત્તા** કહેવાય છે.

પૃ. ૩ ૧૯ કર્મગ્રંથ૦—

કર્મગ્રંથ

આ રીતે વિચાર કરતા દરેક પ્રાણીના દરેક પ્રકારના જીવનમા કર્મ મુખ્ય ભાગ ભજવે છે. કેમકે—આત્મા પોતાના જીવનની કોઈ પણ પ્રવૃત્તિ કરવાની શરૂઆત કરે કે તરત જ તેના ઉપર આત્મામાં રહેલા કર્મના પડદાની અસર થાય જ છે. એ અસરમાંથી પસાર થયા વિના કોઇ પણ કામ થઇ શકતું જ નથી.

સમ્યગ્: દર્શન: જ્ઞાન: ચારિત્રની મુખ્યતાએ „ „
સામાયિક:ની મુખ્યતાએ „ „ „
ચાર પ્રકારના સામાયિક:ની મુખ્યતાએ „ „
૭ આવશ્યક:ની મુખ્યતાએ „ „ „
શબ્દ: અને અર્થ:ની મુખ્યતાએ „ „ „
સામાન્ય: અને વિશેષની મુખ્યતાએ „ „ „
પ્રમાણ: અને પ્રમેય:ની મુખ્યતાએ „ „ „

એ અને તે સિવાયના બીજા અનેક પદાર્થોની મુખ્યતા આખા વિશ્વનો વિચાર થઈ શકે છે, અને જૈન-શાસ્ત્રોમાં કરવા આવ્યો છે. તે શૈલિને અનુસરીને કર્મની મુખ્યતાએ લોકનો: અ કનો: સર્વ દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: અને ભાવ:ના ,સત્પદપ્રરૂપણા વિ અનેક અનુયોગ દ્વારોની મદદથી ઘણોજ વિસ્તૃત રૂપમા વિચાર વામા આવ્યો છે. તેમાં જગત્‌ના સર્વ દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: ભાવ સર્વ વિચારો સમાઈ જાય છે. અને એ રીતે તેના સંપૂર્ણ સ્વર ગ્રંથરચના કરવા જતાં તે રચી શકાય જ નહી. છતા તેનો બને તેમ સક્ષેપ કરીને કર્મપ્રવાદ પૂર્વ વિગેરેમા સમાવેશ કર આવ્યો હતો.

તેમાથી સમજવાને અશક્ત બાળજીવોને માટે પંચસંગ્રહ ક પ્રકૃતિ: કર્મ-પ્રાભૃત. વિગેરે ગ્રથો રચીને પૂર્વાચાર્યોએ સર કરી આપી છે. તે પણ કઠણ લાગવાથી કર્મગ્રંથો રચી અ વધુ સરળતા કરી આપી છે. એ કર્મગ્રંથો પણ કંઈક વિસ્ત હોવાથી શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ આ પાંચ નવા ગ્રંથ રચી આપીને વિષયને વધારે સરળ કરી આપેલ છે પ્રથમથી જ નીચે પ્રમાણે નામો ચાલ્યા આવે છે, તેજ નામો કર્મગ્રંથોને પણ કાયમ લાગુ રાખ્યા છે.

૬ કર્મવિપાક-કર્મો પોતાનાં ફળ—વિપાક શી રીતે નિપજાવે છે ? તેનું જ્ઞાન કરાવવા સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. ત્યાર કર્મોની પ્રકૃતિઓના નામો અને તેના સ્વરૂપનું [illegible] જ્ઞાન આપવા પછી [illegible]—વિપાકમાં આગળ [illegible] કરી શકાય છે. તેટલું કર્મગ્રંથ [illegible] [illegible] રીતે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આવે, તો આગળ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કર્મના [illegible] [illegible] [illegible] છે.

અને તેમણે સીધોજ બીજા અગ્રાયણીયપૂર્વમાંથી એ ગ્રંથનો ઉદ્ધાર કર્યો જણાય છે. રચના ઘણી ગંભીર તથા પ્રસન્ન છે. તે જ કાયમ રાખી, તે નવો રચવામાં આવેલ નથી. તેમાં ૭૦ ગાથાઓ હોવાથી તેનું એ નામ રૂઢ થયું છે, પરંતુ તેમાં કર્મપ્રકૃતિના બંધ-ઉદય-ઉદીરણા તથા સત્તાના સંવેધનો વિચાર કરવામાં આવ્યો છે જે સ્થિતિ વિગેરેના સંવેધો સમજવાની ભૂમિકા રચી આપે છે.

આ ઉપરથી સમજી શકાશે કે-૭ કર્મગ્રંથો, કર્મગ્રંથતા વિષય રૂપી સાગરમાં પ્રવેશવાને નાના નાના હોડીયા સમાન છતાં અતિ ગંભીર છે તો પછી સંપૂર્ણ વિષયનો ખ્યાલ આપનાર પૂર્વોમાં કેટલી ગંભીરતા હશે? તે સ્હેજે સમજાશે.

પૃષ્ઠ ૩. ૨૦-કર્મવિપાક—

એ ૭ કર્મગ્રંથોમાંનો આ કર્મવિપાક નામનો પહેલો કર્મગ્રંથ પ્રથમ રચવામાં આવેલો છે. જો કે-કર્મનો વિપાક એટલે કર્મોની અસર તો આત્મા ઉપર થાય છે, પરંતુ એ અસરનું વર્ણન જે ગ્રંથમાં ગાથા રૂપે વર્ણવવામાં આવે છે, તે-ગાથાસમૂહનું નામ કર્મવિપાક નામનો પહેલો કર્મગ્રંથ કહેવાય છે. અને તે પ્રથમ કર્મગ્રંથ જેમાં લખવામાં કે છાપવામાં આવ્યો હોય છે તે ગ્રન્થનું નામ કર્મવિપાક કર્મગ્રંથનું પુસ્તક કહેવાય છે. વાસ્તવિક રીતે-આ પ્રથમ કર્મગ્રંથમાં-ક્યા ક્યા કર્મની આત્મા ઉપર શી શી અસર થાય છે? તે વિગતવાર સમજાવવામાં આવેલ છે.

ગાથા ૧ લી.

પૃષ્ઠ ૪ સંબદ્ધ કરીએ—

સંબદ્ધ કરીએ એટલે સબદ્ધ કરાયેલી કાર્મણ વર્ગણા કર્મ: એવો. અર્થ કરવો.

શરૂ કરવા માટે છે. સંસ્કૃત કે પ્રાકૃતભાષામા પ્રશ્નના જવાબમા યેન વિગેરે અવ્યયો મૂકાય છે. જેમ જુના વખતના કાગળોમાં લખાય છે કે–અમદાવાદથી લખીતંગ કેશવલાલ મોહનલાલ જત્ લખવાનુ કે, અહીં જત્ એટલે યત્ એ શબ્દ વાક્યની શરૂઆતમાં લખાતો હતો. એ પ્રમાણે અહીં જેણું શબ્દ લખાયેલ છે.

જીવ વડે હેતુઓથી કરાય છે. તો–તેથી, તે કર્મ કહેવાય છે. આત્મા સાથે ચોટેલી કાર્મણ વર્ગણાનુ નામ કર્મ આપવાનું શું કારણ છે? એ પ્રશ્નકારનો પ્રશ્ન હતો, તેના જવાબમાં **કર્મ** શબ્દથી **કથન કરવાના હેતુ તરીકે 'તો'** શબ્દ મૂકાય છે. અને એ તો ની સાથે સંબંધ તરીકે જેણં શબ્દ છે.

આપણી ગુજરાતી ભાષામા આવા વાક્યો છે. તેમાં **તેથી–તો** શબ્દ વપરાય છે. પરંતુ તેની સાથે સંબધ રાખતો પ્રથમ વાપરવા જેવો **જેથી–જેણું** શબ્દ બહુ વપરાતો નથી, પરંતુ અધ્યાહાર રાખવામાં આવે છે જેમકે—

કમળને પંકજ કેમ કહો છો?

તે પંકે એટલે કાદવમાં–જ ઉત્પન્ન થાય છે.

તેથી:—

અમે તેને પંકજ કહીએ છીએ

એટલે–કહેવાના હેતુમા **તેથી** શબ્દ મૂકાય છે. **તેથી** શબ્દ હોય, ત્યાં **જેથી** શબ્દનો સંબધ હોય જ. કેમકે–જે–તેનો સંબંધ હોય જ છે. સંસ્કૃત રચના પ્રમાણે તે આમ બોલાય છે.—

कमलं पंकजं कथं कथ्यते?

येन—अथवा यत अथवा यस्मात्—

तत् पङ्के जायते.

હેતુસૂચક વાક્યને પાંચમી વિભક્તિ લગાડાય છે તે "जीवेन मिथ्यात्वादिहेतुभि· यत् क्रियते, ततः, અથવા-"जीवेन मिथ्यात्वादिहेतुभि· क्रियमाणत्वात्" એમ કરવુ જોઇએ. પરંતુ क्रियतेને પાંચમી ન લાગી શકે, એટલે જેણંથી પાંચમીના હેત્વર્થ સૂચવ્યો છે. અને નિગમનમાં "तस्मात्, तथा" એમ કહેવાય છે. એ तस्मात्, ને બદલે તો શબ્દ મૂકયો છે.

સૂચના—અમે આપેલા ગાથાર્થ ઉપર શિક્ષકે વિદ્યાર્થીનુ બરાબર ધ્યાન ખેચવુ. અને આ ભેદ બરાબર સમજાવવો.

૨ ૭ ગાથા

શબ્દાર્થ-નિષ્પન્ન=બનેલો. પસલી=ખોબો.

એકસ્થાનીય=એકવડી શક્તિ વાળો. [આનો સ્પષ્ટ અર્થ આગળ આવશે] એક શેર શેરડીના રસમાથી ચમચી ચાખીએ, તેના ગળપણ કરતા ઉકાળીને પાશેર કરેલા રસની ચમચી ચારગણી ગળી હોય, માટે તે ચાર સ્થાનીય-એટલે ચારગણી શક્તિવાળો કહેવાય.

જ્યારે આત્મા સાથે કાર્મણ વર્ગણા ચોટે છે, એટલે કે-આત્મા અને કાર્મણ વર્ગણાનો બંધ થાય છે, તેજ સમયે તે વર્ગણારૂપ કર્મોમા પૂર્વના કેટલાક શુભ અને કેટલાક અશુભ કર્મનો ઉદય હોય જ છે તથા લાંબા કાળથી કર્મો ખપાવતા ખપાવતાં આત્માના પણ કેટલાક ગુણો કેટલેક અંશે ખીલ્યા હોય છે. એ ત્રણેયની સામગ્રી અસરથી ચિત્ર-વિચિત્ર સ્વરૂપના યોગ અધ્યવસાયોને લીધે —

૧ એક સમયમાં બધાયેલી વર્ગણાના જુદા જુદા જથ્થાઓમા ભાગલા: પડી જાય છે.

ભવ, એ પાચ નિમિત્તો પણ કર્મો બંધાતી વખતના એજ યોગ અને અધ્યવસાયના બળથી નક્કી થાય છે.

આ ચારમાં–પ્રકૃતિબંધને મુખ્ય ગણવામાં આવેલ છે. કેમકે કર્મોના નામો–તેની જુદી જુદી અસર ઉત્પન્ન કરવા ઠરેલી શક્તિઓને અનુસરીને પાડવામાં આવેલા છે. તેથી કર્મોની સ્થિતિઃ રસઃ અને પ્રદેશ નોય વિચાર કરતી વખતે પણ–પ્રકૃતિ અનુસાર પાડેલા નામથી આખા કર્મશાસ્ત્રમાં વ્યવહાર કરવામા આવેલો છે. માટે એક ઠેકાણે લખ્યુ છે, કે–"પ્રકૃતિ એ ચારેયનો સમૂહ છે." એ વાત પણ આ રીતે બંધ બેસતી આવે છે.

જેમ ચાર પ્રકારના બધ થાય છે, તેજ પ્રમાણેઃ—

૧	પ્રકૃતિ બધ	૨	પ્રકૃતિ સત્તા
૧	સ્થિતિ ,,	૨	સ્થિતિ ,,
૧	રસ ,,	૨	રસ ,,
૧	પ્રદેશ ,,	૨	પ્રદેશ ,,
૩	પ્રકૃતિ ઉદય	૪	પ્રકૃતિ ઉદીરણા.
૩	સ્થિતિ ,,	૪	સ્થિતિ ,,
૩	રસ ,,	૪	રસ ,,
૩	પ્રદેશ ,,	૪	પ્રદેશ ,,

કુલ ૧૬ ભેદ થયા. તે દરેકના–જઘન્યઃ મધ્યમઃ અને ઉત્કૃષ્ટઃ ત્રણ ત્રણ ભેદ ગણાતાં ૪૮ ભેદ થશે.

સ્થિતિસ્થાનોઃ રસસ્થાનોઃ અને પ્રદેશ વિભાગોઃમાં ઘણી વિવિધતા હોવાથી તેને મુખ્ય રાખીને શાસ્ત્ર વ્યવસ્થા કરવા જતા ઘણો ગુચવાડો ઉભો થાય તેમ હોવાથી, પ્રકૃતિને આશ્રયીને ૧૫૮ ભેદો પાડીને આખા કર્મશાસ્ત્રનુ બધારણ રચવામાં આવ્યાથી સરળતા થઈ છે અર્થાત્ કર્મ વિચારણાને લગતી કોઈપણ વિચારણા એ

મળતો આવે છે. તેટલી બાબતમાં તે બીજા ઘડા સમાન જેવો હોવાથી તેમા **સામાન્યપણું** છે. અને બીજા ઘડાઓ કરતાં પોતાની વ્યક્તિ જુદી હોવાથી—બીજા દરેક ઘડાઓ કરતાં પોતાનામાં જેટલી જુદાઈ—વિશેષતા છે. તે વિશેષતાઓને લીધે—બીજા બધાં કરતાં તે જુદો પડે છે. એટલે તેજ ઘડામાં પોતાનું વિશેષપણું પણ છે, વધારે સૂક્ષ્મતાથી વિચારીએ તો એકજ ઘડો કાળ ભેદેઃ સ્વરૂપ ભેદે. ક્ષેત્ર ભેદે : સ્વામિ ભેદેઃ સ્વરૂપ ભેદે વિગેરે કારણોથી જુદો જુદો ગણ છે. તે એક ઘડામાં સામાન્યપણું છતાં કાળાદિભેદે વ્યક્તિભેદ થ તે તે વિશેષ ધર્મો પણ તેમા હોય છે. માટે ઘડોમાં—સામાન્યપા અને વિશેષપણું : એ બન્નેય ધર્મો છે.

ઘડામાં ઘડા તરીકેનુ સામાન્યપણુ છે. જડ પદાર્થ તરીક સામાન્યપણુ છે. વસ્તુ તરીકેનુ સામાન્યપણુ છે, તેજ રીતે "અ ઘડા" તરીકેનુ વિશેષપણુ છે, માટી નામના અમુક જડ પદા તરીકેનું વિશેષપણુ છે. અમુક આકારના દ્રવ્ય રૂપ વસ્તુ તરીકે વિશેષપણુ છે. સારાંશ કે—સામાન્યપણું અને વિશેષપણુ એ બન્ને ધર્મો પરસ્પર સાપેક્ષ હોય છે. અને દરેક પદાર્થોમાં એ સાથે રહે છે

પદાર્થમા રહેલા કોઇ પણ સામાન્ય ધર્મનુ જ્ઞાન કરવાન આત્મામા રહેલી શક્તિ, તે આત્માનો દર્શનગુણ ગણાય છે.અને-

પદાર્થમા રહેલા કોઇપણુ વિશેષ ધર્મનુ જ્ઞાન કરવાની આત્મામા રહેલી શક્તિ, તે આત્માનો **જ્ઞાન** ગુણ ગણાય છે.

એ બન્નેય શક્તિનો આત્મા વપરાશ કરે, ત્યારે—એ બન્નેય શક્તિઓનો ઉપયોગ કર્યો ગણાય છે

જ્યારે દર્શનશક્તિનો ઉપયોગ કરવામા આવે છે, ત્યારે વસ્તુનો સામાન્ય ધર્મ જાણવામા આવતો હોવાથી, તે વ્યક્તિરૂપે વિશેષ આકાર નક્કી કરી શકાતો નથી. માટે દર્શનોપયોગ એટલે નિરાકારોપયોગ કહેવાય છે

કર્મો સમજાવવા પડે. અને તે પાચ કર્મો પાંચ જ્ઞાનનુ આવરણ કરે છે, માટે પાચ જ્ઞાનના નામ આપીને અને ટુંકી વ્યાખ્યાઓ આપીને તેને આવરણ કરનારા પાંચ કર્મો "મતિજ્ઞાનાવરણીયાદિ કર્મો" કહેવાય છે. એ પ્રમાણે-જેમ તત્ત્વાર્થ સૂત્રના આઠમા અધ્યાયમાં **मत्यादीनाम्** સૂત્રથી ટુંકમા તેના આવરણો વિષે સમજ આપી છે તે પ્રમાણે અહીં પણ ખ્યાલ આપ્યો હોત, તો ચાલી શકત. છતા, જૈનદર્શનમા જ્ઞાનનુ સ્વરૂપ સમજાવવા-તત્થ મઇનાણ૦ (ગા. ૪)થી માંડીને કેવલમિગવિહાણં૦ (ગા. ૮) સુધીની ગાથાઓ એક પ્રાસંગિક અર્થવાદ તરીકેનો ભાગ છે. પરંતુ ગ્રન્થના મૂળ વિષય સાથે ખાસ અત્યંત સંબંધ ધરાવતો નથી. છતાં જરૂરી જાણીને તેટલો વધારાનો ભાગ શ્રી ગ્રંથકારે આપ્યો છે.

હવે પછી, ગાથાવાર-સ્તબકના કઠિન શબ્દોના અર્થો. અથવા તેના કોઈ કોઈ વાક્યોના ભાવાર્થો: વિશેષતાઓ. સમજાવીશુ. અને એ રીતે આખા ગ્રંથ ઉપરનો પ્રદીપક આપ્યા પછી:—

૧ ૧૫૮ કર્મની ચોક્કસ વ્યાખ્યાઓ.

૨ પાંચ જ્ઞાન અને ૪ દર્શનનું સરળતાથી સમજાય તેવું સ્વરૂપ.

૩ ૧૫૮ કર્મપ્રકૃતિઓની સંખ્યામાં ફેરફાર તથા પારિભાષિક સંજ્ઞાઓ.

૪ તથા કર્મબંધનના વ્યવહારૂ કારણો વિષે ખ્યાલ આપી કર્મવિપાકનો પ્રદીપક પૂરો કરીશું.

પરોક્ષ=અક્ષ એટલે આત્મા અથવા ઇન્દ્રિય. આત્માથી પર=એટલે સાક્ષાત્ આત્માથી જાણી ન શકાય, પરંતુ અક્ષ એટલે ઇન્દ્રિયોની મદદથી જ જાણી શકાય, માટે તે મતિ અને શ્રુતજ્ઞાન પરોક્ષ કહેવાય.

પ્રકાશ આવતો હોય છે. પરંતુ જો તે સાદડીની ઝુપડી વગેરે ઉડી જાય, તો પછી તે પ્રકાશ સૂર્યના વિશાળ પ્રકાશમાં ભળી જાય છે. પરંતુ પછી-સાદડીના કાણાના જુદા જુદા પ્રદેશોની સંખ્યા ગણાતી નથી.

ગાથા ૧૧ મી

ઘોલના=ઘુમણાટ, હલબલાટ

ગાથા ૧૨ મી

સ્ત્યાના=એકઠી થયેલી. **ગૃદ્ધિ**=આસક્તિ, ઇચ્છા, આકાંક્ષા. **નિપાત**=નિયમવિરુદ્ધ જે શબ્દો સિદ્ધ થાય, તેને વ્યાકરણમાં **નિપાત** કહેવાય છે. **મધુલિપ્ત**=મધથી ખરડાયેલી.

ગાથા ૧૩ મી

ચ્યવન કાળ=મરણ પામીને બીજા ભવમાં જવાનો વખત.

ગાથા ૧૪ મી

તુસ=ફોતરાં. **મદનકોદ્રવ**=ઘેન ચડાવે તેવા કોદ્રાનું અનાજ. મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધ દલિકો તે, **સમ્યક્ મિથ્યાત્વ મોહનીય.** જેમા **સમ્યક્ત્વ** ગુણનો ઘણો ભાગ ઉઘાડો હોય છે મિથ્યાત્વ મોહનીયના અર્ધ શુદ્ધ દલિકો, તે **મિશ્ર મિથ્યાત્વ મોહનીય કર્મ.** તેમા અર્ધ ભાગ સમ્યક્ત્વ અને અર્ધ ભાગ મિથ્યાત્વનો હોય છે. અને મિથ્યાત્વ મોહનીયના અશુદ્ધ જ દલિકો તે **મિથ્યાત્વ મોહનીય કર્મ** કહેવાય તેના ઉદયમાં સમકિત ગુણ અવરોધેલો-ઢંકાયેલો રહે છે. આ ઠેકાણે દર્શન શબ્દનો અર્થ-સાદી ભાષામા-સાચી સમજ. સાચો ખ્યાલ: સાચુ ધ્યેય રાખવું. સાચો આદર્શ સમજવો: ખરો માર્ગ સૂઝવો: પ્રગતિ-વિકાસના રસ્તા મેળવવા: વિગેરેથી

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] -

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

જાય નહી, મનમાં ડંખ રહી જ જાય. તેજ પ્રમાણે કોમળ સ્વભાવના માણુસના મનમાં વધુમાં વધુ પખવાડિયુ ટકે. એમ બતાવીને ચારેયની ઉગ્રતાની તરતમતા બતાવવામાં આવી છે તેજ પ્રમાણે **અનંતાનુબંધીયના** ઉદયવાળો અભવ્ય મિથ્યાત્વી નવમાગ્રૈવેયક સુધી જાય છે. અપ્રત્યાખ્યાનીયના ઉદયવાળો મનુષ્ય પણ થાય. અને પ્રત્યાખ્યાનીયના ઉદયવાળા દેવો પણ થાય છે. એટલે સામાન્ય ધોરણથી કષાયોની તરતમતા પુરતી પ્રાથમિક વ્યવસ્થા બતાવી છે

ગાથા ૧૯ મી

વિલય=નાશ. વુઠે=વરસ્યે. તિનિસ=નેત્રલતા=નેતરની સોટી.

ગાથા ૨૦ મી

મન વચન કાયાના યોગો, કાર્મણ વર્ગણા એકઠી કરી આત્મા સાથે ચોંટાડવાનું અને પ્રદેશના જત્થા વહેચવાનુ કામ કરે છે. પરંતુ આત્મા સાથે એકલા યોગના બળથી આવેલા કર્મ ચોટી શકતા નથી. ૧૧ મે ગુણઠાણેથી એકલા યોગરૂપી આશ્રવો હોવાથી માત્ર વેદનીય કર્મની ૧ પ્રકૃતિ–સાતાવેદનીય જ પહેલે સમયે બધાય છે. અને બીજે સમયે તો નિર્જરી જાય છે કેમ કે–યોગમાં સ્થિતિબંધ કે રસબંધ કરાવવાની શક્તિ નથી. એટલે તે કર્મ આત્મા સાથે ટકી શકતું જ નથી પરતુ મોહનીય કર્મ કર્મબધન-મોટામાં મોટું
મજબૂત કારણુ છે તેમા પણ મિથ્યાત્વ સૌથી
ત્યારપછી અનુક્રમે ચારેય કષાયો અને પછી
છેવટે હાસ્યાદિ ષટ્ક ઉતરતી શક્તિના કારણે
હોય ત્યારે તો કર્મ બધાતા જ નથી. અને
અપાટામથ તુટવા માંડે છે. માટે તેને જ સ
સંસારરૂપી રસનુ ખરૂ મૂળ એજ છે સૌથી
નીયકર્મ છે. અને તે અનત અનંત સંસારનુ

તે કર્મ આત્માના સમ્યક્ ચારિત્ર ગુણનું આવરણ કરે છે, માટે તેનું નામ સમ્યક્ ચારિત્રાવરણીય રાખવામાં આવ્યુ છે, અને તે અસમ્યક્ ચરિત્રમા એટલે રાજ્ય ધન કુટુંબ વિગેરે પર વસ્તુઓમા આત્માને લલચાવે છે. માટે તેનું નામ મોહનીય કર્મ રાખવામાં આવ્યું છે.

પરંતુ એટલેથી જ તેની અસર પુરી થતી નથી. પરંતુ સંસારનું મૂળ પણ બને છે. એટલે કે–ક્રોધ નામની એવી લાગણી ઉત્પન્ન થાય છે, કે જે સમ્યક્ ચારિત્રનું આવરણ કરે છે, અસમ્યક્ ચારિત્રમા લલચાવે છે, ઉપરાત નવા કર્મો એવા બંધાવીને આત્માનો સંસાર વધારી મૂકી–સંસારનો તેને લાભ આપે છે. એટલે તેનું નામ **કષાય** રાખવામા આવેલ છે. પરંતુ આ ક્રોધની લાગણી એવી પણ નથી કે સંસારનો થોડોક વધારો કરીને કૃતકૃત્ય થાય. તે તો એક પછી એક નવાં કર્મો બાંધવાની અનંત પરંપરાઓ ઉત્પન્ન કરે છે. માટે તે ક્રોધી લાગણી ઉત્પન્ન કરનારનું નામ **અનંતાનુબંધીય** કષાય કહેવામાં આવેલ છે. સારાંશ કે–મોહનીય કર્મ ચાર કાર્યો કરે છે.

(૧) આત્માના ચારિત્ર ગુણને ઢાંકે છે.

(૨) ખોટા ચારિત્રમા–આત્મા સિવાયના પદાર્થમા લલચાવે છે.

(૩) ક્રોધાદિકની લાગણી ઉત્પન્ન કરે છે.

(૪) અને નવાં કર્મો બંધાવે છે. તેમાય સામાન્ય અને એક વાર જ કર્મ બંધાય નહી. પરંતુ એક વખત થયેલી ક્રોધની લાગણી એવું કર્મ તે વખતે બંધાવે છે, કે તે બંધાયેલું કર્મ ઉદયમા આવી એવો ક્રોધ કરાવે, એટલે બીજું તેવું જ બંધાય. એમ અનંતવાર બંધાવાની પરંપરા ચલાવે છે એ પ્રમાણે માન માયા લોભ-લાગણી ઉત્પન્ન કરનાર કર્મો વિષે પણ સમજી લેવું.

૩ પોતાના શુદ્ધ આત્મગુણ સિવાયની વસ્તુ તરફ મુંઝાવી ગભરાવી અરતિ—અપ્રેમ કરવાની લાગણી ઉત્પન્ન કરનાર કંઇક નવાં કર્મો બધાવી સંસાર વધારનાર હોવાથી નોકષાયઃ સામ્યાવસ્થારૂપ સમ્યક્ ચારિત્રાવરણીય મોહનીય કર્મ.

૪ પોતાના શુદ્ધ આત્મગુણ સિવાયની પરવસ્તુના અભાવમાં તે તરફ મુંઝવી ગભરાવી શોકની લાગણી ઉત્પન્ન કરનાર કંઈક નવા કર્મો બંધાવી સંસાર વધારનાર હોવાથી નોકષાય સામ્યાવસ્થારૂપ સમ્યક્ ચારિત્રાવરણીય મોહનીય કર્મ.

૫ પોતાના શુદ્ધ આત્મગુણ સિવાયની પર વસ્તુઓ તરફથી બીકની લાગણી ઉત્પન્ન કરનાર કંઇક નવા કર્મો બંધાવી નવો સંસાર વધારનાર હોવાથી નોકષાય સામ્યાવસ્થારૂપ સમ્યક્ ચારિત્રાવરણીય મોહનીય કર્મ.

૬ પોતાનાં શુદ્ધ આત્મગુણ સિવાયની પર વસ્તુઓ તરફ દુગંચ્છાની લાગણી ઉત્પન્ન કરનાર કંઈક નવા કર્મો બંધાવી નવો સંસાર વધારનાર હોવાથી નોકષાયઃ સામ્યાવસ્થારૂપ સમ્યક્ ચારિત્રાવરણીય મોહનીય કર્મ.

૩ ત્રણ વેદનોકષાય મોહનીય કર્મ.

હાસ્યાદિ લાગણીઓ ઉત્પન્ન કરનાર ઉપર જણાવેલા ૭ કર્મો કરતા વેદનોકષાય મોહનીય કર્મમાં કાંઈક વિશેષતા છે. પોતાના સિવાયના પર તરફ જુદી જુદી લાગણી ઉપજાવીને મોહાવે છે, તેથી તે મોહનીય છે. જીવ સાથે ચોટેલી કાર્મણવર્ગણારૂપ હોવાથી તે કર્મ છે, અવેદાવસ્થારૂપ સમ્યક્ ચારિત્રનુ આવરણ કરે છે. માટે સમ્યક્ચારિત્રાવરણીય છે. કંઈક નવા કર્મો બધાવી સંસાર વધરાવે.

જેવો અનંતાનુબંધીય, સંજ્વલન જેવો અનંતાનુબંધીય. એ પ્રમાણે ચારેય ઘટાડવા. અને ક્રોધ–માન–માયા–લોભ ગણતાં ૬૪ ભેદ થાય છે.

ગાથા ૨૫ મી

પિંડપ્રકૃતિ=પેટા વિભાગોવાળી પ્રકૃતિઓ. પ્રત્યેક પ્રકૃતિઓ પેટા વિભાગ વગરની એકલી પ્રકૃતિઓ. પિંડ પ્રકૃતિ ૧૪ અને પ્રત્યેક પ્રકૃતિ ૨૮ છે તેમા ૨૦ **સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓ** છે, અને ૮ **કેવળ પ્રત્યેક પ્રકૃતિઓ** છે, સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓમા **ત્રણ દશકની** અને **સ્થાવર દશકની** પ્રકૃતિઓનો સમાવેશ થાય છે. કેવળ પ્રત્યેક પ્રકૃતિ ૮ છે પિંડપ્રકૃતિના ઉત્તર ભેદ ૬૫ અથવા બંધન ૧૫ ગણતા ૭૫ છે. કુલ ૭૫+૮+૨૦=૧૦૩. કુલ ૧૦૩ ભેદ નામકર્મના છે.

ગાથા ૨૮ મી

વિભાષા–પરિભાષા, ગ્રંથની રચનામાં ઉપયોગી સંજ્ઞા–ગ્રંથકારનો સંકેત तया-ऽऽइ-संखाहि पयडीहिं=तदा ऽऽदि-संख्याभि प्रकृतिभि: । તે કોઈ પણ અમુક પ્રકૃતિ–છે, આદિમા જેને, એવી સંખ્યા: તે **તદાદિ સંખ્યા**. તદાદિ સંખ્યા છે, જેઓને એવી પ્રકૃતિઓ, તે **તદાદિ સંખ્યા પ્રકૃતિઓ**. તે તદાદિ સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે એવો અર્થ કરવો.

દાખલા તરીકે–ત્રસ ચતુષ્ક–ત્રસ નામકર્મની પ્રકૃતિનો ઉચ્ચાર જેની આદિમા છે, એવી ચારની સંખ્યા છે. માટે, તે–તદાદિ સંખ્યા કહેવાય. હવે તદાદિ સંખ્યાવાળી પ્રકૃતિઓ ત્રસ, બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક એ ચાર પ્રકૃતિઓ તદાદિ સંખ્યાવાળી પ્રકૃતિઓ છે: કેમકે–એ ચારની આદિમાં ત્રણ નામકર્મ છે. અને તે આદિવાળી સંખ્યા ૪ વાળી પ્રકૃતિઓ પ્રત્યેક સુધીની ચાર

ગાથા ૪૧ મી

આપણે **તિક્તને તીખું** કહીએ છીએ. અને કટુ ને કડવુ કહીએ છીએ. પરંતુ અહી તિક્તનો અર્થ કડવું કરવો. અને કટુનો અર્થ તીખુ કરવો. હિંદુસ્થાનના લોકો પણ એ પ્રમાણે વ્યવહાર કરે છે. તથા **ત્રિકટુ**=એટલે સૂંઠ, મરી, પીપર અહી કટુનો અર્થ તીખું એવો છે.સારાંશ કે તિક્તનો અર્થ તીખુ અને કડવુ બંનેય થાય છે. અહી કડવું અર્થ લેવો. એ જ પ્રમાણે કટુનો અર્થ પણ તીખું અને કડવુ બંનેય થાય છે, પરંતુ અહી તીખુ અર્થ લેવો. कटुकफलानि=કડવા ફળ

ગાથા ૪૪ મી

ક્ષોભ પમાડે=ગભરાવી મૂકે. **લબ્ધિવાળો**=શક્તિવાળો થાય.

ગાથા ૫૦ થી ૬૦ સુધી

વલ્લભ=વહાલુ : **કોકિલ**=કોયલ · **ભુંભલ**=ભંભલી. **અવર્ણવાદ**=હલકું બોલવુ, ઉતારી પાડવું. **પ્રત્યનીક**=વિરોધ, શત્રુ. **ત્રણશલ્ય**=માયાશલ્ય, મિથ્યાત્વશલ્ય, નિદાનશલ્ય, કપટ, ખોટી સમજ, અને શારીરિક સુખભોગોની પ્રાપ્તિની ઇચ્છા **સરાગ-સંયમી**=૬ ઠેથી ૧૦ મા ગુણસ્થાનક સુધીના જીવો **સરાગ સંયમી** ગણાય છે. પરંતુ આયુષ્યનો બંધ તો ૬ કે ૭ મા સુધી જ હોય છે.

બાલતપસ્વી=અજ્ઞાનથી તપ, અકામ નિર્જરાના હેતુભૂત, તથા સમજપૂર્વક અને યોગ્ય લક્ષ્યપૂર્વક જે તપ કરવામા ન આવે, તે બાળતપ કહેવાય છે.

દુઃખગર્ભિત વૈરાગ્ય=પુત્ર, પત્ની ઇત્યાદિના મરણથી કે ધનાદિના નાશથી ઉત્પન્ન થયેલા દુઃખને લીધે થયેલ વૈરાગ્ય. **મોહ-**

માટેની દૂર દૂરની પણ કેડી રૂપે બની રહે છે. એ અપેક્ષાએ રત્નત્રયાત્મક મુખ્ય ધર્મથી જેટલા દૂર દૂર રહી ગયેલા હોય, એટલા મિથ્યાત્વથી ભરેલા છતા દરેક ધર્મમાં ઓચ્છા વધતે અંશે જેટલું રત્નત્રયાત્મક ધર્મમાર્ગને દૂર દૂરથી પણ અનુસરવાપણું હોય છે, તેટલે તેટલે અંશે દરેક ધર્મો માર્ગાનુસારી ગણી શકાય છે. માર્ગાનુસારીતાનાયે જેટલા અંશો ન હોય, તેટલો ભાગ મિથ્યાત્વ જ હોય છે, કોઈમા ઓછુ મિથ્યાત્વ, કોઈમા વધારે, એમ અનેક પ્રકારની તરતમતાઓ હોય છે જેમ કે-**શૈવાદિક** આર્યપ્રજાના ધર્મો જેટલા માર્ગાનુસારી છે, તેના કરતા **જરથોસ્ત** આદિના ધર્મો ઓચ્છા માર્ગાનુસારી હોય છે. માટે તેના કરતા વધારે મિથ્યાત્વવાસનાવાળા હોય છે. એ પ્રમાણે જગલી પ્રજાઓના ધર્મો સુધી વિચારવું. જૈનધર્મ પાળનારાઓમા પણ **દિગંબરઃ-સ્થાનકવાસી** તથા કેટલાક ગચ્છો વિગેરે પણ ઘણે અંશે માર્ગાનુસારી તથા માર્ગના અશ સ્વરૂપ પણ છે, પરંતુ જેમા જેમા માર્ગાશની ઓચ્છાશ કે માર્ગાનુસારિતાની ઓચ્છાશ હોય, તેટલે અંશે તેમા મિથ્યાત્વની વાસના પણ સભવિત રહેવાની જ. સારાંશ કે-જેટલો પ્રકાશ-તેટલો જ ધર્મ, અને જેટલો અંધકાર-તેટલો અધર્મ તે દરેકમા મિથ્યાત્વ હોવા છતા તે દરેકમા તે સરખુ તો નહી હોવાનુ. તેમાયે ઓચ્છાશ વત્તાશ રહેવાની જ.

એટલે કે-જગતનો મૂલ ધર્મ તો એક જ છે, લોકોએ જુદા જુદા સ્થળમા જુદે જુદે વખતે અને પોતાના જુદા જુદા સ્વભાવ કે સજોગો અનુસાર અનુકૂળતા પ્રમાણે તે સર્વ તરફ ધ્યાન રાખીને પોતપોતાની સગવડ અને સમજ અનુસાર તેમાથી જે ભાગો ગોઠની લીધા છે, તે જુદા જુદા ધર્મ ગણાયા છે. પરંતુ મૂલ વસ્તુ એકજ છે. સર્વ જીવો એકજ મૂળ વસ્તુ પ્રમાણે ચાલી શકે નહી, તેમજ આવા વિભાગો સિવાય પોતપોતાની શક્તિ પ્રમાણે ધર્મ આરાધી

છે, ત્યારે બીજાની ઘણી શક્તિઓ પ્રસિદ્ધ હોય, પરંતુ-તેટલી સંગીન ન હોય, અને કોઈની ગુપ્ત હોવા છતાં વધુ સંગીન હોય, એમ પણ બને છે, એટલે તપાગચ્છના અનુયાયિઓની સંખ્યા ભલે જગતમાં ઓચ્છી હોય. પરંતુ તે મૂળધર્મ પરંપરાની મુખ્ય અને જેમ બને તેમ શુદ્ધ પરંપરા છે આ વાતની કોઈ પણ તટસ્થ ઐતિહાસિક સંશોધકથી ના પાડી શકાય તેમ નથી. એટલે જ જગતના અસત્યતત્ત્વોનો અંતિમ મોરચો તેની સામે જ હોય છે. અને જગતમા તે તે વખતે આવી પડતા અધર્મના ઘા તેને જ છેવટે ઝીલવાના હોય છે. તેનો કિલ્લો જેટલો મજબૂત હોય છે, તેટલો તે બીજા ધર્મોમાના પણ પ્રકાશનો ટકાવ-બચાવ કરી શકે છે તપાગચ્છ એ આખા જગતના સત્યતત્ત્વોનું યથાશક્ય પણ મુખ્ય કેન્દ્ર છે મૂળ-મિલ્કત છે પરંતુ તેની સાથે જોડાયેલા બીજા ધર્મો ગૌણ છે. માટે જગતમાં મૂળધર્મનુ ઝરણુ શોધનારને નિરાશ થવુ પડે તેમ નથી. આ રીતે માનવ જાતે પોતાને લાભ કરનાર મૂળ ધર્મને જગતમા આજ સુધી અનેક જહેમતને પરિણામે હજુ પણ ટકાવી રાખેલ છે.

પરંતુ આજકાલ આ વાત બહુ જ થોડાના ધ્યાનમા આવે તેમ છે, કેટલાકને આ વાત વિચિત્ર લાગશે. મૂળધર્મની પ્રાપ્તિ, તેની નજીક આવવુ. એ પણ સર્વોચ્ચ ભાગ્યોદયનો યોગ હોય તો જ બને છે.

તે તપાગચ્છમાં થયેલા શ્રીદેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ પ્રાચીન કર્મવિપાક વિગેરે ગ્રંથોમાંથી સંક્ષિપ્ત શબ્દોમાં આ નવ્ય કર્મવિપાક ગ્રન્થ બનાવ્યો છે પ્રણીત=રચેલો અક્ષરન્યાસ= સંક્ષિપ્ત શબ્દોમા ગોઠવેલો. વૃત્તિત.=આ સ્તબુકાર્થ પણ શ્રી જીવવિજયજી મહારાજાએ ટીકામાંથી ટુંકામા રચ્યો છે.

દર્શનાવરણીય કર્મ

૬ **ચક્ષુર્દર્શનાવરણીય કર્મ**–ચક્ષુઓથી થતા દર્શનનું આવરણ કરનાર કર્મ.

૭ **અચક્ષુર્દર્શનાવરણીય કર્મ**—ચક્ષુ સિવાયની બાકીની ઇંદ્રિયોથી થતા દર્શનનુ આવરણ કરનાર કર્મ.

૮ **અવધિદર્શનાવરણીય કર્મ**–અવધિદર્શનનું આવરણ કરનાર કર્મ

૯ **કેવળદર્શનાવરણીય કર્મ**–કેવળદર્શનનુ આવરણ કરનાર કર્મ

ચક્ષુ વિગેરે ચાર દર્શનનો વિચાર **જ્ઞાનમીમાંસા** પ્રકરણમા જણાવીશુ, તેમાથી જોઈ લેવો. તે ચાર દર્શનનુ આવરણ કરનાર દર્શનાવરણીય કર્મ સમજવુ. આપણા આત્માની એકી સાથે ત્રણેય કાળના દરેક દ્રવ્ય: ક્ષેત્ર' કાળ ભાવના ભેદ વિના સામાન્ય રીતે આખું જગત્ જાણવાની સપૂર્ણ શક્તિ છતા, જેટલુ આપણે ઓછું જાણી શકીએ, તેટલું આપણને આ કર્મનુ આવરણ સમજવુ.

ચક્ષુ અને અચક્ષુ દર્શનાવરણીય કર્મોથી, ચક્ષુ ઇંદ્રિય અને અચક્ષુ ઇન્દ્રિયથી થતા સામાન્યજ્ઞાનરૂપ દર્શનો આપણને કર્મોની ઓછાશ (ક્ષયોપશમ)ને લીધે કેટલાક ઉઘાડા હોય છે. જેને લીધે આપણે જગતમાના કેટલાક પદાર્થો જોઈ શકીએ છીએ અથવા કે કેટલાક સાભળી, સુઘી, ચાખી, સ્પર્શી કે વિચારી શકીએ છીએ. પરંતુ તેટલી પણ સમજશક્તિ દબાવી દેવાને આપણને ઉઘ આવે છે. એ આપણા અનુભવની વસ્તુ છે. ઉઘમા આપણે એટલા બધા નિશ્ચેષ્ટ થઈ જઈએ છીએ કે જેથી–આપણને કશું ભાન રહેતું નથી. અને તદ્દન બેશુદ્ધ જેવા બની જઈએ છીએ.

મોહનીય કર્મ–તે સ્વભાવરમણતાનું આવરણ કરીને સ્વભાવ પ્રગટ થવા ન દે, એટલુ જ નહી, પરંતુ પરભાવમાં રમણતા ઉત્પન્ન કરે, પર વસ્તુઓને પોતાની માનવાની ભૂલ ખવડાવે, પરમા મુંજવે, પર વસ્તુ ઉપર મોહ ઉત્પન્ન કરાવી પોતાની માનવા લલચાવે. માટે તેનુ નામ **મોહનીય** કર્મ રાખવામાં આવ્યું છે.

આ રીતે આ મોહનીય કર્મો—

૧. સમ્યક્ ચારિત્રનુ આવરણ કરે છે, માટે ચારિત્રાવરણીય ગણાય છે. સમ્યગ્ દર્શનને છાજતુ વર્તન, દેશવિરતિને છાજતુ વર્તન, સર્વવિરતિને છાજતુ વર્તન અને યથાખ્યાત ચારિત્રને છાજતું વર્તન અટકાવે છે.

૨. પરવસ્તુમા મોહ ઉત્પન્ન કરાવે છે, માટે મોહનીય ગણાય છે.

૩. કાર્મણ વર્ગણાનું બનેલું છે, માટે કર્મ કહેવાય છે.

૪. નવા કર્મ બધાવે છે, માટે કષાય કહેવાય છે.

૫. ક્રોધ, માન, માયા, અને લોભની લાગણીઓ ઉત્પન્ન કરે છે માટે ક્રોધાદિક નામે બોલાવાય છે.

૬. બીજાં નવા કર્મો અનતવાર બધાવે છે, માટે અનતાનુબંધી કહેવાય છે.

૭ લેશ પણ ત્યાગ ન થવા દે, માટે અપ્રત્યાખ્યાનીય કહેવાય ।

૮. સર્વથા ત્યાગ ન થવા દે, માટે પ્રત્યાખ્યાનીય કહેવાય છે

૯ અને આત્મગુણોને સહેજ પણ નુકશાન કરે છે, માટે સંજ્વલન કહેવાય છે.

૧૦. અનતાનુબધીય હોય ત્યારે સાથે બીજા ત્રણ કષાયો હોય

૧૧ અપ્રત્યાખ્યાનીય હોય ત્યારે બીજા બે સાથે હોય છે.

૧૨. પ્રત્યાખ્યાનીય હોય ત્યારે સંજ્વલન સાથે હોય છે.

સાતા અને અસાતા વેદનીય કર્મ—અનુકૂળ અને પ્રતિકૂળ સામગ્રી મનાવે છે. પરંતુ તે સામગ્રી મળ્યા પછી એક જાતની ખુશીની અને નાખુશીની લાગણી થાય છે. તે આ રતિ અને અરતિ મોહનીય કર્મને અંગે થાય છે એ બે કર્મ ન હોય, તો ઋદ્ધિ છતાં સાતાવેદનીય હોય, અથવા કષ્ટ છતા અસાતા વેદનીય હોય, પરતુ તેને લીધે ખુશી—નાખુશી રૂપી મોહ ઉત્પન્ન ન થાય અને દુઃખ અને સુખની સામગ્રી પૂરી પાડવાનુ કામ વેદનીય કર્મનું છે. પરંતુ તેથી મન બગાડવાનુ એટલે કે મલકાવવાનુ કે—આત્માને નારાજ કરવાનુ કામ રતિ—અરતિ મોહનીય કર્મનુ છે.

૩૯. ૪. શોક નોકષાય મોહનીય સમ્યક્ ચારિત્રાવરણીય કર્મ—સગાં વ્હાલાના મરણ વિગેરેથી રોવુ, પડવુ, ઉનિસાસા નાખવા વિગેરે શોકની લાગણી થાય છે. તે ઉત્પન્ન કરાવનાર આ કર્મ છે.

૪૦. ૫. ભય નોકષાય મોહનીય સમ્યક્ ચારિત્રાવરણીય કર્મ—કારણ હોય કે ન હોય, પણ બીવાની લાગણી પ્રાણીઓમા હોય છે. તે ઉત્પન્ન કરાવનાર આ કર્મ છે.

૪૧. ૬. જુગુપ્સા નોકષાય મોહનીય સમ્યક્ ચારિત્રાવરણીય કર્મ—સારી હોય કે ખરાબ હોય, તો પણ દુગચ્છાવાની લાગણી ઉત્પન્ન થાય છે તે કરાવનાર કર્મ. કેટલાકને સ ચીજ પણ ભાવતી નથી એટલુ જ નહી. પણ તે જોઈને જ ઊલટી થઈ આવે છે, કે સૂગ ચડે છે, ત્યારે કેટલાકને ખ જોઇને પણ સૂગ ચડતી નથી. ચામડીયા, કસાઇ વિગેરેને ટેવને તેઓની તે લાગણી દબાઈ જાય છે. પરતુ તેમને જુગુપ્સા મોહ ઉદય નથી, એમ ન સમજવું.

આ ૭ નોકષાયો આત્માના અનુત્સોકય, સમભાવ, અશે

બધાવે છે. માટે કષાય સહચારી કહ્યા છે. પ્રથમના બાર કષાયોને ક્ષય કે ઉપશમ થયા પછી નોકષાયોનો પણ ક્ષય અને ઉપશમ થઃ લાગે છે. માટે તેને–નો–કષાયો નબળા કષાયો કહ્યા છે.

૨. બીજું એ પણ કારણ છે કે નોકષાયોનો ઉદય થાય, તે લીધે કષાયોનો ઉદય પણ થવા લાગે છે. એટલે કષાયો ઉદય કરનાર તરીકે પણ નોકષાયોનો ઉદય કામ કરે છે.

આયુષ્ કર્મ.

આ કર્મની રીતભાત ઘણી જ વિચિત્ર છેઃ—

૧. બીજા બધાય કર્મો કરતાં ઘણી રીતે જુદું પડે છે.

૨. આ કર્મનો ઉદય ચાલતો હોય ત્યા સુધી, ત્યાથી જવાની ઇચ્છા છતાં બીજી ગતિમા જઈ શકાતું નથી. અને ન જવુ હોય છતાં આ કર્મનો ઉદય પુરો થાય, એટલે જવું જ પડે છે.

૩. જે ભવનું આયુષ્ય ઉદયમાં હોય, તેજ ભવનુ ઉદયમા આવે. બીજા પાછલા ભવનુ આ ભવમાં ઉદયમાં ન આવે

૪ તેમજ સામા ભવનુ આ ભવમાં ઉદયમા ન આવે.

૫. દરેક કર્મો જેમ સમયે સમયે બધાય છે, તેમ આ કર્મ દરેક સમયે ન બધાય. પરતુ ભવને ત્રીજે, નવમે અને સત્યાવીશમે ભાગે કે છેલ્લે અતર્મુહૂર્તે બધાય છે

૬. આ કર્મ ઘટી શકે–એટલે તેની સ્થિતિનું અપવર્તન થા છે, થોડા વખતમા ભોગવી શકાય છે

૭. પરંતુ ઉદ્વર્તન એટલે વધારો ન જ થાય, તેમજ ઉપશમ, સંક્રમણ પણ ન થાય

૮. આ કર્મનો ઉદય ભવને આશ્રયીને જ થાય છે, માટે તે

ધારણ કરવાનું કહે, તે દરેક તેને ધારણ કરવા પડે છે, તેમ આ નામકર્મ આગળ આત્માને પણ પોતાની સ્વતંત્રતા છોડીને દરેક બાબતમા નમતું આપવું પડે છે. તેની આજ્ઞાને નમીને ચાલવું પડે છે. માટે આત્માને નમાવનાર આ કર્મનું નામ **નામકર્મ** રાખવામાં આવેલ છે. તે બરાબર યોગ્ય જણાશે.

નામકર્મની પ્રકૃતિઓ ૪૨-૬૭-૯૩ અને ૧૦૩ એમ ચાર પ્રકારે ગણાવી છે. નામકર્મની પ્રકૃતિઓ વિપાકને આશ્રયીને ત્રણ વિભાગમા વ્હેચાયેલી છે. કેટલીક સીધી જીવની જ ઉપર અસર કરતી હોવાથી **જીવવિપાકી** કહેવાય છે. કેટલીક જીવ ઉપર અસર કરવા સાથે મુખ્યપણે શરીર ઉપર અસર કરતી હોવાથી **પુદ્ગલ વિપાકી** કહેવાય છે. અને કેટલીક જીવ ઉપર અસર અમુક સ્થળે જ કરે છે. માટે સ્થળની પ્રધાનતાને ધ્યાનમાં લઇને તેનું નામ **ક્ષેત્રવિપાકી** રાખેલ છે.

પ્રકૃતિઓના વિભાગ બે રીતે પાડવામાં આવેલા છે. પિંડ પ્રકૃતિ અને પ્રત્યેક પ્રકૃતિ. જેમા ખાસ પેટા ભેદોનો સમાવેશ કરવામાં આવેલો હોય તે પિંડ પ્રકૃતિ છે. અને જેમા પેટા ભેદો ખાસ વર્ણન કરવામા આવતું નથી, તેને પ્રત્યેક પ્રકૃતિ કહેવામાં આવે છે પ્રત્યેક એટલે એક એક નામ વાર પ્રકૃતિ. તેના પણ પ્રકાર છે અપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ અને સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ. સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિના બે પ્રકાર છે. ત્રશદશક સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ અને સ્થાવરદશક સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ.

પિંડ પ્રકૃતિ ૧૪ છે અને તેના ખાસ પેટા ભેદો ૬૫ થાય છે અપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ ૮ છે સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ ૨૦ છે તેમા ત્રશદશક સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ ૧૦ છે અને તેટલીજ સ્થાવરદશક સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓ છે કુલ ૧

ધારણ કરવાનુ કહે, તે દરેક તેને ધારણ કરવા પડે છે, તેમ આ **નામકર્મ** આગળ આત્માને પણ પોતાની સ્વતંત્રતા છોડીને દરેક બાબતમા નમતુ આપવુ પડે છે. તેની આજ્ઞાને નમીને ચાલવું પડે છે માટે આત્માને નમાવનાર આ કર્મનુ નામ **નામકર્મ** રાખવામા આવેલ છે. તે બરાબર યોગ્ય જણાશે.

નામકર્મની પ્રકૃતિઓ ૪૨-૬૭-૯૩ અને ૧૦૩ એમ ચાર પ્રકારે ગણાવી છે નામકર્મની પ્રકૃતિઓ વિપાકને આશ્રયીને ત્રણ વિભાગમા વ્હેંચાયેલી છે. કેટલીક સીધી જીવની જ ઉપર અસર કરતી હોવાથી **જીવવિપાકી** કહેવાય છે. કેટલીક જીવ ઉપર અસર કરવા સાથે મુખ્યપણે શરીર ઉપર અસર કરતી હોવાથી **પુદ્‌ગલ વિપાકી** કહેવાય છે. અને કેટલીક જીવ ઉપર અસર અમુક સ્થળે જ કરે છે. માટે સ્થળની પ્રધાનતાને ધ્યાનમાં લઈને તેનુ નામ **ક્ષેત્રવિપાકી** રાખેલ છે.

પ્રકૃતિઓના વિભાગ બે રીતે પાડવામા આવેલા છે. **પિંડ પ્રકૃતિ** અને **પ્રત્યેક પ્રકૃતિ.** જેમા ખાસ પેટા ભેદોનો સમાવેશ કરવામા આવેલો હોય તે પિંડ પ્રકૃતિ છે. અને જેમા પેટા ભેદોનું ખાસ વર્ણન કરવામા આવતું નથી, **તેને પ્રત્યેક પ્રકૃતિ** કહેવામા આવે છે પ્રત્યેક એટલે એક એક નામ વાર પ્રકૃતિ. તેના પણ પ્રકાર છે **અપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ** અને **સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ.** સપ્રતિપક્ષ પ્રત્યેક **પ્રકૃતિના** બે પ્રકાર છે. ત્રશદશક સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ અને સ્થાવરદશક સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ.

પિંડ પ્રકૃતિ ૧૪ છે. અને તેના ખાસ પેટાભેદો ૬૫ થાય છે અપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ ૮ છે સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ ૨૦ છે તેમા ત્રશદશક સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ ૧૦ છે અને તેટલી જ સ્થાવરદશક સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓ છે કુલ ૪

૧. સ્થાવર નામ, ૨. સૂક્ષ્મ નામ, ૩. અપર્યાપ્ત નામ, ૪ સાધારણ નામ, ૫ અસ્થિર નામ, ૬ અશુભ નામ, ૭ દુઃસ્વર નામ, ૮ દુર્ભગ નામ ૯ અનાદેય નામ, ૧૦ અયશઃકીર્તિ નામ.

અનુક્રમે દરેકની વ્યખ્યાઓ નચે પ્રમાણે—

૧. ગતિ નામકર્મ—જગતમા દ્રવ્યઃ ક્ષેત્ર· કાળઃ અને ભાવઃ ના સંજોગોથી ગુંથાયેલી કુદરત અનેક પ્રકારની હોય છે પરંતુ આત્માને કોઈપણ કર્મ ભોગવવા માટે ચારમાંની કોઈપણ એક કુદરતી ઘટનાનો આશ્રય લેવો જ પડે છે. એટલે કે—આત્માને તેમા ગયા વિના ચાલી શકતુ જ નથી. માટે એ કુદરતી ઘટનાને ગતિ કહેવામાં આવે છે એ ચારમાની બાકીની ત્રણને બદલે અમુક એકજ ગતિમા લઇ જવાને માટે અમુક એકજ ચોક્કસ કર્મ હોય છે. તે કર્મથી તે જ ગતિમા જવું પડે છે, તેથી જીવને તે તે ગતિમા લઈ જનારા કર્મ છે. ગતિ ચાર છે. તે પ્રમાણે તેમાં લઈ જનારા કર્મ પણ ચાર છે. ચાર ગતિના જે નામો છે, તેવા નામો લઈ જનારા ૪ કર્મોના પણ છે

૪૯. ૧ નારક ગતિ નામકર્મ—નરક ગતિમાં લઈ જવાને જે સમર્થ કર્મ **નારક ગતિ નામકર્મ** કહેવાય છે.

નરકગતિ એટલે નારક ગતિ નામકર્મ ભોગવવા લાયકના દ્રવ્ય· ક્ષેત્ર કાળઃ અને ભાવ·ના કુદરતી સંજોગો. જેનું ક્ષેત્ર લોકને અધોભાગે રહેલાં ૭ પૃથ્વીમાં આવેલુ છે જેમાં અશુભ અને પીડાકારીજ દ્રવ્યો હોય છે જેમા ઓછામાં ઓછા દશહજાર વર્ષથી ૩૩ સાગરોપમ સુધી રહેવુંજ પડે છે જેમા ઓછામાં ઓછા અસંખ્ય જીવો કાયમ રહેજ છે, જેમા શરીરો વધુમાં વધુ ૫૦૦ ધનુષ્ય સુધી ના ઉંચા હોઇ શકે છે. જેમાં કુંભીમા ઉપપાત થવાથી જન્મ થાય છે પાણની માફક વેરાઇને પાછું ભેગું થઇ જાય તેવા તથા ઇંડાંમાથી

પ્રગટ કરી શકાય ગુરુ શિષ્ય સંબંધ કરી શકાય. વિગેરે પ્રકારની કુદરતી પરિસ્થિતિનું નામ મનુષ્યગતિ કહેવાય છે. તેમા આત્માને લઈ જનાર **મનુષ્યગતિ નામકર્મ.**

પર. ૪. **દેવગતિ નામકર્મ**–દેવગતિમાં લઇ જવાને સમર્થ કર્મ.

દેવગતિ એટલે ? દિવ્ય શરીર હોવું, દિવ્ય કાન્તિ હોવી, અમુક આવાસોમાં અને વિમાનોમાં રહેવું, સાત હાથથી વધારે ઉંચું શરીર ન હોવુ, અમુકજ પ્રમાણમા વૈક્રિય પરમાણુઓનુ શરીર હોવું, અમુક પ્રકારનુ ઉચ્ચ સુખ ભોગવવાની સામગ્રીઓ હોવી વિગેરે કુદરતી પરિસ્થિતિનું નામ દેવગતિ છે. તેમા લઇ જનાર કર્મનું નામ **દેવગતિ નામકર્મ** છે.

સૂચના—ગતિઓ અને ગતિનામકર્મોનો ભેદ બરાબર સમજવો.

૨. જાતિ નામકર્મ—

ગતિ–પામવા છતા તેના પેટા વિભાગોમાના કયા વિભાગમા ઉત્પન્ન થવુ ? તે નક્કી કરી આપનાર કર્મ **જાતિ નામકર્મ** છે પેટા વિભાગનુ નામ જાતિઓ છે અને તેમા ઉત્પન્ન કરાવનાર કર્મનુ નામ પણ જાતિનામ કર્મ છે પેટા વિભાગોમાના દરેક પેટા વિભાગમા પણ અમુક સરખા આકારના અનેક બીજા જીવો હોય છે. તેમજ તે આખા સમુદાયને ઓળખવા માટે એક એક અલગ અલગ નામ પણ હોય છે, માટે એ સરખો આકાર અને સરખા આકારવાળા તે તમામ જે એકજ શબ્દથી બોલાવી શકાય, તે સર્વનો સમુદાય એક જાતિ કહેવાય છે. એવી અસંખ્ય જાતિઓનો સમાવેશ મુખ્ય પાચ જાતિઓમા કરવામા આવેલો છે. એટલે તે મુખ્ય પાચ જાતિઓમા આત્માને લઈ જનાર કર્મ પાચ પ્રકારના જાતિ

પણ હોય છે. તેજ પ્રમાણે મનુષ્યગતિ નામકર્મ મનુષ્યગતિમાં લાવે, પરંતુ તેમા લાવીને કયા ઉત્પન્ન કરે ? એ પ્રશ્નનો નિકાલ જાતિ નામકર્મ કરે છે. હબસી થવુ ! કે ગોરા થવુ ? ચીના થવું ? કે આર્ય થવુ ? કે બ્રાહ્મણ થવું ? કે ક્ષત્રિય થવું ? વિગેરે નક્કી કરનાર પચેન્દ્રિય જાતિની પેટા જાતિ, મનુષ્ય જાતિ, તેની પેટા જાતિ બ્રાહ્મણ જાતિ તેની પેટા જાતિ ઔદિચ્ય જાતિ, તેની પેટા જાતિ, સહસ્ર જાતિ વિગેરે કર્મ હોય છે, એટલે તેનુ પચેન્દ્રિય જાતિ નામકર્મ એવુ વિચિત્ર હોય છે, કે તે જીવને મનુષ્યમા લાવીને ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણમા જ ઉત્પન્ન થવા દે બીજે ઉત્પન્ન નજ થવા દે. જો આ જાતિ નામકર્મ ન હોત, તો ગતિરૂપ અમુક કુદરતી પરિસ્થિતિમા આવેલો જીવ અમુક ચોક્કસ કયે ઠેકાણે ઉત્પન્ન થાય ? એ મુશ્કેલી રહેત. ચૈતન્યશક્તિની ઓછીવત્તી ખીલવટનું કોઇ ધોરણ રહેત નહી. કેમકે-કોઇ બ્રાહ્મણ થઇ જાત, કોઇ ચંડાળ પણ થઈ જાત, કોઈ હબસી થાય તો કોઈ ગોરા થઈ જાય એમ વગર નિયમે ગમે તે થઈ જાત. અથવા, એવા પ્રકારો જગતમા છે, તે જાતિ નામકર્મને સાબિત કરે છે. માટે કોણે ? ચોક્કસ કયે સ્થળે જન્મ લેવો ? તે નક્કી કરવાનુ કામ આ જાતિ નામકર્મનુ છે. **શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં** મુખ્ય જાતિઓની પેટા જાતિઓની પ્રાપ્તિ પણ આ જાતિ નામકર્મને લીધેજ હોવાનું સ્પષ્ટ જણાવે છે. આગળ ચાલીને કહી શકીએ, તો વ્યક્તિનું અમુક નામ પણ જાતિ નામકર્મના વિશેષ પ્રકારને લીધે સંભવિત જણાય છે.

૫૩. ૧. **એકેન્દ્રિય જાતિ નામકર્મ**—એકેન્દ્રિય અને તેની કોઈપણ એક ચોક્કસ જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી, એકેન્દ્રિય અને તેની કોઈ પણ પેટા જાતિના નામથી જીવને વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ.

૫૪. ૨. **બેઇંદ્રિય જાતિ નામકર્મ**—બેઇંદ્રિયોની કોઈ

ઔદારિક શરીરની સામાન્ય અવગાહના દરેક શરીર કરતા મોટી છે એ જ શરીરથી મોક્ષમાં જવાય છે. તીર્થંકર ગણધરાદિક પણ એ જ શરીર ધારણ કરતા હોય છે. તેથી તે શરીર દરેકને પૂજ્ય બને છે. માટે એ શરીરને ઉદાર શબ્દથી બોલાવ્યુ છે. તેથી, અથવા ઉદાર એટલે બીજી દરેક વર્ગણાઓ કરતા તેની વર્ગણા સ્થૂલ સ્કંધોની બનેલી છે, તેથી તેવી ઉદાર મોટી સ્થૂલ વર્ગણાનું શરીર બનેલુ હોવાથી તેનું નામ ઔદારિક શરીર રાખવામા આવેલુ છે.

ઔદારિક શરીર: અને ઔદારિક શરીર નામકર્મ: એ બેનો ભેદ ઘણી વખત પ્રાથમિક અભ્યાસીઓ ભૂલી જાય છે, તેથી સ્પષ્ટીકરણ કરવામા આવે છે, કે આપણને જે શરીર છે, તે ઔદારિક શરીર કહેવાય છે કેમકે—તે ઔદારિક વર્ગણાન બનેલુ છે. પરંતુ એ શરીર બનાવવા માટે જોઈતી ઔદારિક વર્ગણા ઔદારિક શરીર નામકર્મના ઉદયથી આત્માને મળે છે માટે ઔદારિક નામકર્મ એ કર્મની પ્રકૃતિ છે કર્મની પ્રકૃતિ કાર્મણ વર્ગણાની હોય છે. ૧. **ઔદારિક શરીર**, ૨. **ઔદારિક વર્ગણા**, ૩. **ઔદારિક શરીર નામકર્મ.** એ ત્રણેયનો ભેદ બરાબર સમજવો

દરેક ગ્રાહ્ય વર્ગણા અનંત હોય છે. તેમાથી કયા જીવે કઈ? અને કેટલી લેવી? તે લેવાનુ માપ, પેટા પ્રકાર, તે, તે તે જીવને લગતુ તે તે વિશિષ્ટ શરીર નામકર્મ જ નક્કી કરી આપે છે. એ પ્રમાણે દરેક કર્મો અને તેથી મળેલાં વસ્તુના સંબંધમા સમજી લેવું અંગોપાંગ, આહાર–શરીર અને ઇંદ્રિય, પર્યાપ્તિ, નિર્માણ, બંધન, સંઘાતન, સંસ્થાન, સંહનન, વર્ણાદિ, સ્થિર, શુભ, નામકર્મ, અગુરુ લઘુ વિગેરે પુદ્ગલવિપાકી નામકર્મની પ્રકૃતિઓ શરીર નામકર્મની વિવેચનાસૂચક અને તેની સાથે સંબંધ ધરાવનારી છે.

એ ખરી ગરમી–એજ તૈજસ શરીર એ તૈજસ શરીરપણે ગ્રાહ્ય વર્ગણાનુ બનેલુ હોય છે. તૈજસ શરીરને માટે ગ્રાહ્ય વર્ગણા સોળ વર્ગણાઓમા આ વર્ગણા આઠમી છે. તે આઠમી વર્ગણા અપાવનાર **તૈજસ શરીર નામકર્મ** કહેવાય છે.

કેટલાક તપસ્વી મહાત્માઓને શાપ આપી બીજાને બાળી નાખ-વાની તેજોલેશ્યા હોય છે. તે જેના ઉપર મૂકે, તે બળી જાય છે પરંતુ, એ શક્તિ=તૈજસ લબ્ધિ જેમને પ્રગટ થઈ હોય છે, તેને જ હોય છે. એ તેજોલેશ્યા પણ તૈજસ શરીરનુ એક સ્વરૂપ છે, એટલે કે તે પણ વર્ગણાની જ બને છે. તેમા યે આ તૈજસ નામકર્મ કારણભૂત છે. **શીતલેશ્યા** પણ આ **તૈજસલબ્ધિનો** એક પ્રકાર છે.

દરેક પ્રાણીની જઠરાગ્નિ જુદી જુદી જાતની હોય છે એ ઉપ-રથી તૈજસ શરીર પણ જુદા જુદા અનેક પ્રકારના હોય છે. એટલે જે જીવને જે જાતનું તૈજસ શરીર નામકર્મ હોય, તે પ્રમાણે અમુક પ્રકારની જ તૈજસ વર્ગણા–અમુક માપમા તેને મળે છે, અને અમુક પ્રકારની જ તેની જઠરાગ્નિની ગોઠવણ થાય છે

૬૨. ૫. **કાર્મણ શરીર નામકર્મ**—આપણો આત્મ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, અક્ષય સ્થિતિ, અનંત વીર્ય, અરૂપ વિગેરે અનંત ગુણોથી ભરપૂર છતા આજે જુદી જ જાતના સ્વરૂપ દેખાય છે. હાલના તે જુદા જુદા સ્વરૂપો અને શુદ્ધ આત્માની વ એક એવી વસ્તુ છે, કે આત્માની તમામ શક્તિઓને પોતાના મૂ સ્વરૂપ કરતાં જુદા જ સ્વરૂપમા બહાર લાવે છે એ વસ્તુ કર્મ આત્માની પુણ્ય–પાપ–રૂપ સર્વ સાંસારિક અવસ્થાઓનું મૂળ–ક **કર્મ** છે.

કર્મને લીધે જ શરીર, મન, બોલવું, ઇંદ્રિયો, માલમિલ સગાંવહાલા, સુખ, દુ:ખ, રોગ, શોક, આનંદ, પ્રમોદ, રાગ-

૧૧૦ ૪-૧ મૃદુ સ્પર્શ નામકર્મ—શરીર સુંવાળું કરનાર કર્મ.
૧૧૧ ૪-૨ કર્કશ સ્પર્શ નામકર્મ—શરીર ખડબચડુ કરનાર કર્મ.
૧૧૨ ૪-૩ શીત સ્પર્શ નામકર્મ—શરીર ઠંડુ કરનાર કર્મ.
૧૧૩. ૪-૪ ઉષ્ણ સ્પર્શ નામકર્મ—શરીર ઉનુ કરનાર કર્મ.
૧૧૪. ૪-૫ લઘુ સ્પર્શ નામકર્મ—શરીર હળવુ કરનાર કર્મ.
૧૧૫. ૪-૬ ગુરુ સ્પર્શ નામકર્મ—શરીર ભારે કરનાર કર્મ.
૧૧૬. ૪-૭ સ્નિગ્ધસ્પર્શ નામકર્મ—શરીર ચીકણુ કરનાર કર્મ.
૧૧૭. ૪-૮ રુક્ષ સ્પર્શ નામકર્મ—શરીર લુખુ કરનાર કર્મ.

વર્ણ, ગધ, રસ, સ્પર્શ, તે ગુણો પુદ્ગલોમાં હોય જ છે. પુદ્ગલનુ શરીર બધાય એટલે તેમા વર્ણ, ગધ, રસ, સ્પર્શ હોવાનાજ. તો પછી તે ઉત્પન્ન કરનાર કર્મોની શી જરૂર છે ? તેના જવાબમા કહેવાનું કે-તે તે જીવના તે તે શરીરના પ્રતિનિયત વર્ણાદિ વર્ણાદિક નામકર્મ વિના સંભવિત નથી. માટે તે તે કર્મોની જરૂર રહે જ છે કા તો દરેકના વર્ણાદિક સરખા જ થાય. કાં તો ન જ થાય. માટે વિચિત્રતા દેખાય છે, તે, કર્મો વિના સભવે નહી

આનુપૂર્વી નામકર્મ—આનુપૂર્વી એટલે એક પછી એક અનુક્રમે રહેલા આકાશ પ્રદેશોની શ્રેણીઓ, તે આનુપૂર્વી મરણ પછી બીજે ઠેકાણે જન્મ લેવા જતા આત્માને આકાશ પ્રદેશની શ્રેણી ઉપર ચાલવુ પડે છે તે રીતે જતા જ્યાથી વળાક વળવાનો હોય, તે સ્થળેથી બીજી શ્રેણી ઉપર ચડવાને આ કર્મ જીવને મદદ કરે છે. જ્યાથી મરે ત્યાથી જીવ સીધી લીટીમાજ ચલે છે વળાંક વળ્યા પછી પણ સીધી લીટીમાજ ચાલે છે. વધુમા વધુ ત્રણ વળાક જીવને વળવાના હોય છે એટલે મરણ પછી ઉત્પન્ન થતા વધુમા વધુ ચરથી પાચ સમય લાગે છે. (આ વાત શિક્ષકે બરાબર સમજાવવી.)

ગતિ નામકર્મ " તે તે પરિસ્થિતિમાં જીવને જવુ જ પડશે " એમ નક્કી કરી આપે છે. પરંતુ જતી વખતે આકાશ પ્રદેશની શ્રેણી વિના તે જીવથી ગતિ કરી શકાય નહી. આવો કુદરતી નિયમ છે. ઉત્પત્તિ સ્થળ સીધું ન હોય, તો શ્રેણી ઉપર ચાલતાં ચાલતા જુદા જુદા કાટખુણા કરવા પડે તેમ હોય, ત્યારે જયા જ્યાં કાટખુણા કરવા પડે તેમ હોય, ત્યા ત્યા જીવને અટકવું પડે, પરંતુ ત્યાં અટકવા ન દેતા આ આનુપૂર્વી નામકર્મ ઉદયમા આવી, તે તે ગતિ તરફ જીવને આકાશપ્રદેશોની શ્રેણી ઉપર ચલાવ્યે જાય છે અને ઉત્પત્તિસ્થળે પહોંચાડે છે. કાટખુણા–વળાંક જીવ ન વળે તો ઈષ્ટસ્થાને પહોંચી શકે નહી એટલે આ વળાંક વળવાની જરૂરીઆત ઉભી થાય ત્યા જીવને વળાવનાર આ કર્મ છે. આ કર્મ ન હોય, તો વળાંક વળવાને ઠેકાણે અટકી જાય અથવા બીજે સ્થાને ચાલ્યો જાય, જ્યાં ઉત્પન્ન થવું જોઈએ ત્યાં જઈ ન શકે. પરંતુ શ્રેણી ઉપર ચાલવાનું તો જીવને દ્રવ્યધર્મે–લોકસ્વભાવે–કુદરતી રીતે જ હોય છે

વિહાયોગતિ–નામકર્મ.

ત્રસ જીવોને ચાલવાની શક્તિ મળે છે. પરંતુ ચાલવા ચાલવામાયે ફરક હોય છે. ઊંટ અને બળદના ચાલવામા ફરક છે, હંસ અને કાગડાની ચાલમા ફરક છે. વીંછી અને તીડની ચાલમાં ફરક છે. વાંદરા અને કુતરાની ચાલમા ફરક છે, આવા અસંખ્ય ફરકોને શુભ અને અશુભ એટલે કે સારા અને ખરાબ એ બે વિભાગમા દરેક ચાલવાની રીતનો સમાવેશ કરવામાં આવ્યો છે વિહાયસ એટલે આકાશ. તેમા ગતિ, તે 'વિહાયોગતિ '

૧૨૨. ૧. શુભ વિહયોગતિ નામકર્મ—બીજાને પ્રિય લાગે તેવી ચાલવાની સુલક્ષણ રીત પ્રમાણે ચાલવાની રીત અપાવનાર કર્મ.

છટાથી મોટામા મોટી સભામાં પણ સભાસદોને દબાવી દે છે, જે આકર્ષા લે છે બુદ્ધિશાળી સભાપતિને ય આંજી નાખે છે, તે શક્તિ પરાઘાત શક્તિ કહેવાય છે. તેવી શક્તિ ઉત્પન્ન કરનાર કર્મ **પરાઘાત નામકર્મ.**

૧૨૭. ૪. **ઉચ્છ્વાસ નામકર્મ**—શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરી શ્વાસોચ્છ્વાસપણે પરિણમાવી શ્વાસોચ્છ્વાસ લેવાને લાયક બનાવવાનુ કામ તો શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ નામકર્મ કરે છે. જેમ ભાષા બોલવાને માટે ભાષા વર્ગણાને ભાષા પણે પરિણમાવવી વગેરે કામ કરે છે, તે પ્રમાણે. પરંતુ ભાષા જ્યારે બોલવી હોય, ત્યારે બોલાય છે. કાયમ ધોરણે આપણે નિયમિત રીતે ભાષા બોલતા નથી.

ત્યારે શ્વાસોચ્છ્વાસ તો નિયમિત ચાલ્યા કરે છે. તે નિયમિત શ્વાસોચ્છ્વાસ ચલાવવાની શક્તિ—લબ્ધિ **શ્વાસોચ્છ્વાસ નામકર્મ** ઉત્પન્ન કરે છે. આ કર્મ ન હોત, તો—જીવ ભાષાની માફક શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ નામકર્મના ઉદયથી શ્વાસોચ્છ્વાસ લઈ મુકી શકે પરંતુ અમુક વખતમા અમુક સંખ્યામા શ્વાસોચ્છ્વાસ કાયમ ચાલવા જોઈએ, એ નિયમન રહેત જ નહી.

૧૨૮. ૫. **આતપ નામકર્મ**—સૂર્યનુ વિમાન દેદીપ્યમાન સ્ફટિકમય પૃથ્વીકાયનું છે. તેમાં પૃથ્વીકાય જીવો છે પરંતુ તેને આપણે સ્પર્શ કરીએ, તો તે ઠંડુ હોય પરંતુ દૂર આતપ-ગરમી ઉત્પન્ન કરી શકે છે. જેથી તે જાતની ગરમીનું નામ આતપ છે એવો આતાપ જીવના શરીરમાં ઉત્પન્ન કરનાર કર્મ **આતપ નામકર્મ** છે.

આ કર્મ ફક્ત સૂર્યના વિમાનના પૃથ્વીકાય જીવોને જ હોય છે જગતમા બીજા કોઈ જીવને હોતુ નથી. અગ્નિ ઉનો લાગે છે,

ન્દ્રિયોને ૪, વિકલેન્દ્રિયોને ૫, અને પચેન્દ્રિયોને સામાન્ય રીતે ૬, શક્તિઓ હોય છે.

હવે જે જીવોને જેટલી શક્તિઓ હોય, તે માટેના શરૂઆતમા સાધનો પૂરા કર્યા પછી જે જીવ મરણ પામે, તે પર્યાપ્ત-સ્વ જીવનશક્તિ ચલાવવાના પૂરા સાધનોથી સંપન્ન ગણાય છે.

અને જે જીવ સ્વ-યોગ્ય જીવનશક્તિ ચલાવવાના પૂરા સાધનોથી સંપન્ન થયા વિના-અપર્યાપ્તપણે મરણ પામે, તે જીવ અપર્યાપ્ત ગણાય છે. છતા કોઇ પણ જીવ પ્રથમની ત્રણ પર્યાપ્તિના સાધનો પૂરા ઉત્પન્ન કર્યા વિના મરણ પામેજ નહીં.

કેટલાક જીવો—સ્વયોગ્ય જીવન શક્તિઓના સાધનો પૂરા મેળવ્યા વિનાજ મરી જાય છે. તેનુ કારણ તેને અપર્યાપ્ત નામકર્મનો ઉદય હોય છે. અને કેટલાક જીવો પોતાને જેટલી જીવનશક્તિઓ હોઇ શકે તેટલીના સપૂર્ણ સાધનો મેળવીને જ મરે છે કેમકે-તેને પર્યાપ્ત નામકર્મનો ઉદય હોય છે. ઉત્પન્ન થતાની સાથે અંતર્મુહૂર્તમાં oooooo છ સાધનો જીવ ઉત્પન્ન કરે છે, તે ૬ પર્યાપ્તિઓ કહેવાય છે, તેની મદદથી પછી આખી જીદગી આત્મ છ જીવનક્રિયાઓ ચલાવે છે, એ છએય સાધનો શરીર જે પુદ્ગલો બને છે, તેનાજ બને છે. પરંતુ છેલ્લી ત્રણ શ્વાસો૦ ભાષા અં મનના પુદ્ગલોને પરિણમાવે છે.

એટલે જે કર્મની મદદથી આત્મા પોતાને યોગ્ય તમામ જીવનશક્તિઓ ચલાવવાના સાધનોથી સપન્ન થઈ શકે છે, તે કર્મ નામ પર્યાપ્તિ નામકર્મ કહેવાય છે, અને તે કર્મના ઉદયવાળો જી પર્યાપ્ત જીવ કહેવાય છે.

એજ પ્રમાણે જે કર્મની મદદથી સ્વયોગ્ય પર્યાપ્તિના સાધ પૂરા કર્યા વિના જ જીવને મરવું પડે, કેમકે-સ્વયોગ્ય પર્યાપ્તિ પૂ

શરીરનો ઉપરનો ભાગ અને સામાન્ય રીતે દરેકના શરીરનો આગળનો ભાગ શુભ ગણાય છે. કેમકે તેમા મુખ્ય ઇન્દ્રિય જીભ, કાન, નાક, આંખ અને મોઢું, હૃદય, મગજ, જ્ઞાનતંતુઓનું કેન્દ્ર બ્રહ્મરન્ધ્ર, વિગેર વધારે ઉપયોગી, આગળ પડતા, દેખાવડાં, આકર્ષક તથા સુદ્રઢ, હાથ, શીંગડા વિગેરે બચાવના સાધનો તરીકે ઉપયોગમા આવતા, તથા પ્રાણીને શોભાવનારા અવયવો તરીકે ગણાતા ઉત્તમાંગ (માથુ) વિગેરે અવયવો એ આગળના ભાગમાં આવેલા હોય છે. એ અવયવોની એવી મનોરમ રચના શુભ નામકર્મને આભારી છે.

૧૪૨-૧૨ અશુભ નામકર્મ—ત્યારે, શરીરનો નીચેનો કે તિર્યંચોને પાછળના ભાગમાં-મળાશય, મૂત્રાશય, જનનસ્થાન, ગર્ભાશય, વીર્યાશય, પવિત્રાપવિત્ર ભૂમિ સાથે સંબંધ ધરાવતા પગ, વિગેરે હોય છે. તે અવયવો અશુભ ગણાય છે. તે આ કર્મને લીધે હોય છે.

અવયવો અંગોપાગ નામકર્મને લીધે મળે છે, નિર્માણ નામકર્મને લીધે અંગોપાગ પોતપોતાને યોગ્ય ઠેકાણે ગોઠવાય છે. પરંતુ અમુક અવયવો સારા છે, અમુક ખરાબ છે, એ અનુભવ પણ જગજાહેર છે. કેમકે મસ્તકનો સ્પર્શ કરીએ તો રાજી થાય છે. અને પગનો સ્પર્શ કરીએ તો નારાજ થાય છે. સારા-નઠારા અવયવો ઉત્પન્ન કરવાનુ કામ આ કર્મોનુ નથી, પરંતુ સારા-નરસા ગણવાનું કામ આ બનેય કર્મોનું છે સર્વથા પવિત્ર આત્માનું અમુક અંશમા શુભાશુભપણુ મર્યાદિત બને છે.

પ્રિય વ્યક્તિના પગ વિગેરે કોઈ પણ અવયવનો સ્પર્શ થાય, તો પણ રાગી માણસને ગમે છે તે મોહની ઉત્કટતાને લીધે હોય છે. પરંતુ એ કર્મની શુભતાને લીધે હોતુ નથી. આ કર્મોને લીધે જગમાં આત્માને શુભ અશુભ ગણાવું પડે છે.

૧૮૮ ૧૫. [illegible] નાટકમાં [illegible]
[illegible]

૧૮૯ ૧૬. દુર્યોધન નાટકમાં [illegible] (પ્રહાર કરે), [illegible] નહીં, પરંતુ [illegible].

[illegible] તેનુ કારણ [illegible] પરંતુ [illegible] (રંગભૂમિ[illegible]) થવા દેતું નથી.

[illegible] અપ્રિય ગણાત નહીં. [illegible] કરતા ગયા [illegible]

૧૮. ૧ સુસ્વર નામકર્મ
૧૯. ૧ દુઃસ્વર નામર્મ
૨૦. ૧ સુભગ નામકર્મ
૨૧. ૧ દુર્ભગ નામકર્મ
૨૨. ૧ આદેય નામકર્મ
૨૩ ૧ અનાદેય નામકર્મ
૨૪. ૧ યશઃકીર્તિ નામકર્મ
૨૫. ૧ અયશકીર્તિ નામકમ
૨૬. ૧ તીર્થંકર નામકર્મ
૨૭. ૧ ઉચ્છ્વાસ નામકર્મ

ક્ષેત્રવિપાકી

૪. ૪ આનુપૂર્વી નામકર્મ

૬૦. ૮ સ્પર્શનામ કર્મ
૬૧. ૧ પરાઘાત ના૦
૬૨. ૧ અગુરુલઘુ ના૦
૬૩. ૧ ઉપઘાત ના૦
૬૪. ૧ નિર્માણ ના૦
૬૫. ૧ આતપ ના૦
૬૬. ૧ ઉદ્યોત નામ૦
૬૭. ૧ સાધારણ ના૦
૬૮. ૧ પ્રત્યેક ના૦
૬૯. ૧ સ્થિર ના૦
૭૦. ૧ અસ્થિર નામ૦
૭૧. ૧ શુભ ના૦
૭૨. ૧ અશુભ ના૦

ઉપર નામકર્મની ૧૦૩ પ્રકૃતિઓ ત્રણ વિપાકમા ગણાવી છે. બાકી રહી ૫૫. તેમાથી ૪ આયુષ કર્મ બાદ કરતા ૬ કર્મની-સમ્યક્ત્વ અને મિશ્ર મોહનીય વિનાની બાકીની ૪૯ પ્રકૃતિઓ બંધની અપેક્ષાએ પંચસંગ્રહને મતે જીવવિપાકી છે. ૨૭+૪૯=૭૬. અને ઉદયની અપેક્ષાએ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય કર્મ ગણતા ૭૮ જીવવિપાકી થાય છે જીવમા રહેલા જ્ઞાનાદિક ગુણો ઉપર વિપાક બતાવે, તે જીવવિપાકી ગણાય છે અને પુદ્ગલ એટલે પુદ્ગલો રૂપે કે શરીર ઉપર મુખ્યપણે ફળ બતાવે તે પુદ્ગલવિપાકી. અમુક જગ્યાએ જ અને અમુક ભવમાજ મુખ્ય પણે ઉદયમાં આવે તે ક્ષેત્રવિપાકી અને ભવવિપાકી કહેવાય છે જો કે દરેક પ્રકૃતિઓ જીવવિપાકી હોય છે, છતા મુખ્યતાની અપેક્ષાએ પુદ્ગલવિપાકી વિગેરે કહેવાય છે.] [

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ઉચ્ચતા અને નીચતા [illegible]

૮. અંતરાય કર્મ —

આત્માની સર્વ શક્તિ–સામર્થ્યનો રોધ કરનાર આ કર્મ છે. સર્વને દાન દેવાની ત્યાગ કરવાની–શક્તિ આત્મામાં છે. સર્વ

મેળવવાની શક્તિ આત્મામા છે, સર્વનો ભોગ અને ઉપભોગ કરવાની શક્તિ આત્મામાં છે, તેમજ આખા લોકાલોકને ગમે તેમ કરી નાંખવાની શક્તિ આત્મામા છે પરંતુ આ કર્મ તેમા વિઘ્ન નાખે છે.

૧૫૪. ૧. દાનાન્તરાયકર્મ—જગતના સર્વ પદાર્થોનો ત્યાગ કરવાની-દાન આપવાની શક્તિ આત્મામા છે, તેમા આડે આવી આ કર્મ મળેલી વસ્તુઓનું પણ દાન દેવા દેતું નથી.

૧૫૫. ૨. લાભાન્તરાય કર્મ—જગતના તમામ પદાર્થો પોતાના બનાવવાની જીવની શક્તિમાં આ કર્મ આડે આવે છે. એટલે જરૂરી ચીજો પણ જીવને મળી શકતી નથી, એક ભવમા અમુકજ વસ્તુઓ મળે છે.

૧૫૬. ૩. ભોગાન્તરાય કર્મ—વિશ્વની સમસ્ત વસ્તુ આત્માને ભોગ્ય છે. તેમાંથી અમુક જ વસ્તુઓનો જ ભોગ એક ભવમા કરી શકાય છે. બીજી વસ્તુઓનો ભોગ નથી કરી શકાતો, તે ભોગાન્તરાય કર્મને લીધે હોય છે. ભોગ એટલે એક વાર જે ભોગવી શકાય તે અન્ન, ફૂલ, ચંદન વગેરે.

૧૫૭. ૪. ઉપભોગાન્તરાય કર્મ—વારંવાર જે ભોગવી શકાય તે વસ્ત્ર, ભૂષણ વગેરે ઉપભોગની વસ્તુ કહેવાય છે, વિશ્વની સમસ્ત વસ્તુ આત્માને ઉપભોગ્ય છે તેનો ઉપભોગ કરવા ન દે, તે ઉપભોગાન્તરાય કર્મ.

૧૫૮. ૫ વીર્યાન્તરાય કર્મ—લોકાલોકનેય ફેરવી નાખવાનુ સામર્થ્ય આત્મા ધરાવે છે. તેમાનુ જેટલુ સામર્થ્ય આત્મા ઓછુ ધરાવી શકે. પૂરેપૂરૂં સામર્થ્ય ધરાવા ન દે. તે વીર્યાન્તરાય કર્મ.

આ કર્મનો ક્ષય થવાથી આત્મા વિશ્વની સમગ્ર વસ્તુઓનું

અનાદિ કાળથી સંસારમાં રખડતાં આત્મા કોઈ આત્મા અનેક વસ્તુઓ મેળવી શકે છે, અમુક આત્મા અમુક વસ્તુઓ મેળવી શકે છે, એમ આત્મા આત્માના અનંત પૌદ્ગલિક વસ્તુઓ મેળવી શકે છે. એ રીતે જે તે આત્મા જેને જેટલી વસ્તુઓ મળે છે, તે લાભાન્તરાયના ક્ષયોપશમથી મળે છે, અને તેજ આત્માને બીજી તે નથી મળી હોતી, તે લાભાન્તરાય કર્મના ઉદયથી મળી નથી હોતી.

લાભાન્તરાયના ક્ષયોપશમથી મળેલી વસ્તુઓનો ભોગ અને ઉપભોગ પણ ત્યારે જ થઈ શકે છે, કે જો ભોગાન્તરાય કર્મ અને ઉપભોગાન્તરાય કર્મનો ક્ષયોપશમ થયા હોય, જો તે બે પ્રકૃતિનો ઉદય હોય, તો વસ્તુઓ હાજર હોય છતા જીવ તેનો ભોગ કે ઉપભોગ કરી શકતો નથી.

જુદા જુદા ભવોમા તેને મળેલી ચીજોનો આધિધાર્મિકતા, માર્ગાનુસારિતા, સમ્યક્ત્વ, દેશવિરતિ, તથા વીતરાગતા વિગેરે પ્રાપ્ત થવાથી જુદી જુદી ચીજોનો ત્યાગ કરે છે. સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પહેલા પણ ઘણા ભવોમા ઘણી ચીજો મળે છે. તેનોયે ત્યાગ થાય છે, તે સર્વ દાનાન્તરાય કર્મના ક્ષયોપશમથી થાય છે, અને જે જે

ગોઠવાતા આકાર સાક્ષાત્ આત્માથી તેઓ જુએ છે. અને જોતા તે વિષે કેટલાકનું સાકાર જ્ઞાન અને કેટલાકનુ નિરાકાર જ્ઞાન થાય પરતુ તેનો સમાવેશ અવધિદર્શન અને અવધિજ્ઞાનમા થાય એટલે ત્યારપછી પ્રવર્તતા ઓછા કે વિશેષ અનુમાનોના પ્રકારે ઋજુમતિ અને વિપુલમતિ મનઃપર્યવ તરીકે પરિભાષિત કરવામ આવેલ છે. એટલે તેનુ દર્શન નથી હોતુ

અવધિજ્ઞાની જ્યારે દરેક રૂપી પદાર્થોનું સાક્ષાત્ આત્માર્થ જ્ઞાન કરી શકે છે, એટલે મન પણ રૂપી દ્રવ્ય હોવાથી તેમાં આવ જાય છે, એટલે અવધિજ્ઞાની મનોદ્રવ્યોને પણ સાક્ષાત્ આત્માર્થ જાણી શકે છે.

પરતુ, કોઇ જીવોને બીજા રૂપી દ્રવ્યો વિષેનું અવધિજ્ઞાન થવા છતાં મતિશ્રુતજ્ઞાન પછી મનઃપર્યવ જ ઉત્પન્ન થઈ જાય છે એટલે મનોદ્રવ્યજ જોઇ શકે, તેવુ વિશિષ્ટ અવધિ થાય છે, અ તેની અલ્પ યા વિશેષ અનુમાનશક્તિ રૂપ મનઃપર્યવ પ્રવર્તે છે પરતુ મુખ્યતાની અપેક્ષાએ અવધિજ્ઞાનની અવિવક્ષા કરી તેને મનની મુખ્યતાને લીધે મનઃપર્યવજ્ઞાન જ કહ્યુ હોવાનુ સમજાય છે. એટલે અવધિજ્ઞાનીને મન:પર્યાય જ્ઞાન થાય, ત્યારે તેના મનો-દ્રવ્યોના સાકાર અને નિરાકાર ઉપયોગ જેમ અવધિજ્ઞાન અને અવ-ધિદર્શનમા સમાવેશ પામી જાય છે, અને પોતે તો માત્ર ઋજુ કે વિપુલ સાકારોપયોગ રૂપેજ રહે છે. તેજ પ્રમાણે અવધિ વિના મનઃ-પર્યાય થાય તેને પણ એજ પ્રમાણે માનીને-સાકારોપયોગવાળુ જ માત્ર ગણીને "તેને દર્શન નથી હોતુ" એમ વિવક્ષા કરીને ઠરાવ્યુ જણાય છે.

બહુ સૂક્ષ્મ વિચારણા કરીએ, તો અવધિજ્ઞાનના અસખ્ય ભેદ માનો એક ભેદ મનોદ્રવ્યના જ્ઞાન પૂરતો માનવા હરકત જણાતી

[illegible]

[illegible]

[illegible] વિપક્ષ અનુમાન શક્તિ ન હોય, તેને [illegible] આપે [illegible] જેમ ઉપરની વિચારણામાં ઉપરથી સામાન્ય [illegible] અપેક્ષાએ મતિજ્ઞાન [illegible], તથા સામાન્યથી અવધિ વિશેષ મન:પર્યવ જ્ઞાન હોય, તો ઉપરની વિચારણા બંધબેસતી થાય છે. પ્રથમ સમયના ઉત્પન્ન થયેલ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદના [illegible]ના અલ્પના અલ્પ જ્ઞાનમાંથી માંડીને કેવળજ્ઞાન સુધીની સર્વજ્ઞાનમાત્રાઓ અસંખ્ય પ્રમાણના ભાગ છે અને અમુક હદમાં અમુક વિશિષ્ટતાવાળા જ્ઞાનમાત્રાઓના સમૂહના મતિજ્ઞાનાદિક નામો પ્રધાનતાની વિવક્ષાએ પાડેલા હોય છે તે રીતની વિચારણાએ ઉપરની વિચારણામાં બંધ બેસતી આવે માટે.

આગળ ચાલતા, [illegible] લોકાલોક=સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ ભાવ, અને સર્વ કાળનું વિગતવાર જ્ઞાન થાય છે.

તે જ્ઞાન ચૈતન્ય સ્વરૂપે કેવળજ્ઞાન ગણાય છે, પરંતુ તે જ્ઞાનમાં દ્રવ્યોનો અને પર્યાયોનો ભાસ પડે છે. દ્રવ્યના ભાસ પૂરતી દર્શનશક્તિ, અને પર્યાયોના ભાસ પૂરતી જ્ઞાનશક્તિ, એ રીતે તેના સાકાર અને નિરાકાર ઉપયોગો સંભવિ શકે છે. ઉભયશક્તિરૂપ અને ઉભય ઉપયોગરૂપ સર્વજ્ઞાનમાત્રાઓનો સમાવેશ કેવળજ્ઞાન રૂપે સામાન્ય

શબ્દમા કરી લેવામાં આવ્યો છે. એટલે પાચ જ્ઞાનના નામમા વપ રાયેલ કેવળજ્ઞાન શબ્દનો અર્થ માત્ર સાકારોપયોગ એટલો જ ન કરવો. એમ કરવાથી કશો વિરોધ આવશે નહીં. તથા વિશિષ્ટ ચૈતન્યશક્તિ સ્વરૂપે એકજ છતાં ઉપયોગ ભેદથી કેવળદર્શન અને કેવળજ્ઞાન નામ આપવામાં આવેલ હોય અને ઉપયોગ ભેદને લીધે લબ્ધિ પણ બે પ્રકારની વર્ણવવામાં આવી હોય, એટલે તે સર્વનો સમાવેશ કેવળજ્ઞાન શબ્દમાં કરી લેવામાં આવેલો જણાય છે.

એટલે ઇંદ્રિયદર્શન, અવધિદર્શન, કેવળદર્શન; ઇંદ્રિય-દર્શનના બે પ્રકારો ચક્ષુરિન્દ્રિયદર્શન અને અચક્ષુરિન્દ્રિય દર્શન. એમ કહીને ચાર પ્રકારના દર્શન ગણાવ્યા. કોઇ પણ પદાર્થના ભેદો અપેક્ષાવિશેષથી પાડવામા આવે છે. તેજ પદાર્થના જુદી અપેક્ષાએ જુદી રીતે પણ ભેદો પાડી શકાય છે. હવે મતિ, શ્રુત, અવધિ મનઃપર્યવ અને કેવળઃ એ પાંચ જ્ઞાનો સાકારોપયોગ ગણાય છે એ પાચ ભેદો પણ અપેક્ષાભેદથી જ છે. મતિશ્રુતને જુદા જણાવ્યા છે પરંતુ શ્રુતનો નિરાકાર ઉપયોગ ન હોય મતિનો જ હોય છે. કેમ શ્રુત સાકાર રૂપ છે નિરાકાર મતિના બે ભેદ પાડ્યા. ચક્ષુર્દર્શન અને અચક્ષુર્દર્શન. અવધિ અને મન.પર્યાયમા અવધિનો જ નિરાકાર ઉપયોગ હોય છે. અને કેવળનો નિરાકાર ઉપયોગ હોય છે એ દર્શનના ચાર ભેદ ગણાવ્યા. ત્રણ અજ્ઞાનોપયોગમા ત્રણ દર્શન જુ લેવાના નથી હોતા. કેમકે-એ ભેદ સાકારમા જ પડે છે

આ પ્રમાણે સાકાર અને નિરાકાર એ બે પ્રકાર ઉપયોગ બતાવ્યા છે. સાકારોપયોગ બે પ્રકારનો હોય છે, અજ્ઞાન સ્વરૂપ ને જ્ઞાન સ્વરૂપ, એટલે મિથ્યાત્વ મોહનીયના ઉદય સહકૃત સાકારોપયોગ તે ત્રણ અજ્ઞાનરૂપ સાકારોપયોગ, અને મિથ્યાત્વ મોહનીય અનુદય સહકૃત સાકારોપયોગ એટલે-

ભેદો બતાવવાની જરૂરજ રહેતી નથી અપેક્ષાએ જોકે મિથ્યાસાકારોપયોગના કારણરૂપ નિરાકારોપયોગ મિથ્યા કહી શકાય. પરંતુ તે નાનીજ વસ્તુ છે. એટલે તેની વિવક્ષા ન કરીએ, તો તેના ભેદો ગણાય નહી. સમ્યગ્દૃષ્ટિને ઇંદ્રિયાદિકની વિકલતાને લીધે કોઈપણ વસ્તુ સંબંધિ ભ્રમ થાય, તો તે જ્ઞાનના પેટામાં સમાયેલા સમજવા.

એટલે ખરી રીતે જ્ઞાન, અજ્ઞાન અને દર્શનની વ્યવસ્થા આધીત જણાય છે. જ્ઞાન તો ચૈતન્યશક્તિરૂપે પાંચ જ હોઈ શકે છે. તેમા નતો દર્શન, નતો અજ્ઞાન હોય છે, એમ સમજાય છે. મતિજ્ઞાનના કે અવધિજ્ઞાનના ઉપયોગ જે કોઈ પદાર્થ વિષે સાકારોપયોગ પ્રવર્તે, ત્યારે તેની સાથેના બીજા પદાર્થો વિષે કે પહેલા જાણેલા તે પદાર્થો વિષે પણ નિરાકારોપયોગ તે વખતે જ પ્રવર્તે છે, તે અનુભવસિદ્ધ છે. અને જેનો નિરાકારોપયોગ પ્રવર્ત્યો હોય છે, તેનોજ વળી કોઈ વખતે વધારે જ્ઞાનવાનનુ વધારે ધ્યાન ખેંચાય તો સાકારોપયોગ પ્રવર્તે છે. અર્થાત સાકારોપયોગ અને નિરાકારોપયોગ એ એકજ જ્ઞાનની બે અવસ્થાઓ છે, એટલે ઉપચારથી નિરાકારોપયોગમા વ્યાપૃત જ્ઞાનમાત્રાનુ નામ દર્શનલબ્ધિ–શક્તિ કહેવાય છે, અને સાકારોપયોગમાં વ્યાપૃત જ્ઞાનાશનું નામ જ્ઞાનલબ્ધિ–શક્તિ કહેવામાં આવે છે, અને જેનો સાકારોપયોગ મિથ્યાત્વોદયસહકૃત હોય છે, તે અજ્ઞાન કહેવાય છે. તેની જ જ્ઞાનલબ્ધિને પણ ઉપચારથી અજ્ઞાન કહેવામા હરકત નથી. અને સૂક્ષ્માર્થની વિવક્ષાએ તેના નિરાકારોપયોગને પણ અદર્શન–મિથ્યાત્વસહકૃતદર્શન કહેવામાં હરકત નથી. આ દૃષ્ટિથી તત્ત્વાર્થાધિગમ સૂત્રના ભાષ્યમા "નયાન્તરની અપેક્ષાએ જ્ઞસ્વાભાવ્યાત્ કોઈ પણ જીવ અજ્ઞાન નથી જ." એમ કહ્યુ છે. તે ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમાત્રાની અપેક્ષાએ.

એટલે–જ્ઞાન, અજ્ઞાન, દર્શન, સાકાર, અનાકાર, વિશેષ આહિત્વ, સામાન્ય આહિત્વ વિગેરે ભેદો ઉપયોગની અપેક્ષાએ જણાય

[illegible] વસ્તુના ખાસ આકારનો નિર્ણય આપનારો જ હોય છે, સ્પષ્ટ—ખાસ નિર્ણય કરતો, તેને પ્રમાણરૂપ ગણાય છે. અને જોયો કે અસ્પષ્ટ નિર્ણય કરતો અથવા ખાસ નિર્ણય ન કરનાર જ્ઞાન અપ્રમાણ ગણાય છે. એટલે નિર્ણય કરનાર જ્ઞાન ઉપયોગ જ છે. ઉપયોગ વગરની કોઈ જ્ઞાનશક્તિ કોઈ પણ નિર્ણય કરી શકતી જ નથી. માટે પ્રમાણ અપ્રમાણ વ્યવસ્થા પણ ઉપયોગને આધારે જ છે. તેમાં પણ સાકારોપયોગ જ ખરો નિર્ણય કરી આપે છે. અનાકારોપયોગ કે જે સામાન્યોપયોગ ખાસ નિર્ણય કરી શકતા નથી. માટે તે બેને પ્રમાણમાં ગણેલ નથી. માટે આ પાંચ પ્રકારના સાકારોપયોગ જ પ્રમાણ ગણાય છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને કેવળજ્ઞાનની સાથેના નિરાકારોપયોગ પ્રવર્તે છે ખરા, પરંતુ તે ખરી વાતનો સ્પષ્ટ નિર્ણય કરી શકતા નથી, માટે તેને પ્રમાણ વ્યવસ્થામાં ગણવામાં આવેલા નથી. તેમજ મિથ્યાત્વસહકૃત મતિ, શ્રુત અને અવધિના સાકારોપયોગો પણ નિર્ણય કરે છે ખરા, પરંતુ ખોટા નિર્ણય કરે છે, એટલે તેઓ પણ પ્રમાણ નથી, પરંતુ પ્રમાણ વ્યવસ્થાની દૃષ્ટિથી અપ્રમાણ ગણાય છે.

આટલા જ માટે તત્ત્વાર્થ ગ્રંથમાં ઉપયોગો ૧૨ ગણાવેલા છે પરંતુ પ્રમાણ તરીકે મતિશ્રુત પરોક્ષ પ્રમાણરૂપે, અને અવધિ મનઃપર્યાય અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણરૂપે ગણાવેલા છે. પ્રથમ

વિગેરે સ્થળે જ્ઞાનપદની પછી અમુક હેતુસર મૂકવામાં આવેલ છે. કેમકે–સામાન્ય રીતે પાંચ આચારમાં જ્ઞાનાચાર પહેલો મૂકવામા આવ્યો છે, તે **અધિગમાત્મક** જ્ઞાનની મુખ્યતાની અપેક્ષાએ છે. કેમકે અધિગમાત્મક જ્ઞાન પછી **સમ્યગ્દર્શન** થાય છે. "**તન્નિસર્ગાદધિગમાદ્વા** ૧–૪ [તત્વાર્થસૂત્ર], પછી સમ્યગ્જ્ઞાન થાય છે. અને પછી દેશ કે સર્વવિરતિરૂપ સમ્યક્ ચારિત્ર થાય છે. એટલે દર્શન સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિ સામાયિક, અને સર્વવિરતિ સામાયિક, એ ક્રમમા વળી વિકાસક્રમની દ્રષ્ટિથી પ્રથમ દર્શનને લઈને ક્રમ બતાવ્યો છે.

પરંતુ પંચાચારમાં **અધિગમાત્મકજ્ઞાન**, પછી **દર્શન**, પછી **દેશ અને સર્વચારિત્ર** અને તપાચાર તથા વીર્યાચાર એ બેને પ્રધાનપણે ચારિત્રાચારના પોષક પ્રધાન અંગ તરીકે જુદા પાડી બતાવ્યા છે. અહીં સર્વત્ર દર્શન શબ્દનો અર્થ સમ્યક્ત્વ કરવાનો છે. નિરાકારોપયોગરૂપ કરવાનો નથી, કેમકે–તેનો સમાવેશ જ્ઞાનમાં–જ્ઞાનાચારમાં થઈ જાય છે. આચારની દષ્ટિથી સાકાર–નિરાકારોપયોગ વ્યવસ્થાની બહુ આવશ્યકતા નથી. પરંતુ જ્ઞાનોપયોગની દૃષ્ટિથી એ ભેદોની આવશ્યકતા છે જ. **તત્વાર્થમાં "તત્વાર્થ-શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્"** ૧–૨ કહીને તેની ઉત્પત્તિના કારણમા **"તન્નિસર્ગાદધિગમાદ્વા"** ૧–૩ કહેલ છે. એટલે કે સમ્યગ્-દર્શન નિસર્ગથી અને અધિગમથી ઉત્પન્ન થાય છે પરંતુ જેને સમ્યગ્દર્શન ઉત્પન્ન કરવું હોય, તેને તો મુખ્યતાએ અધિગમનો જ આશ્રય લેવાનો છે. અને તે અધિગમ **સત્સંખ્યાદિ, નિર્દેશ સ્વામિત્વાદિ,** અનુયોગો તથા **પ્રમાણ** અને **નયો** વડે થાય છે. એટલે શાસ્ત્રબોધ, ઉપદેશ, પઠન–પાઠન વિગેરે કરવાથી અધિગમ થાય છે. તે અધિગમ કરવા માટેના સાધન તરીકે તે કરાવનાર ગ્રંથનું નામ પણ **તત્ત્વાર્થાધિગમસૂત્ર** રાખવામાં આવેલુ છે.

[illegible]

[illegible] છે

[illegible]
[illegible]
કોઈ [illegible]
હશે કે એટલે નિરાવરણથી આત્માને સાકારોપયોગ તો ખુલ્લો નથી રહેતો પરંતુ નિરાકારોપયોગ પણ પ્રવર્તી શકતો નથી તે પણ ઘણો જ ઢંકાઈ જાય છે. છતાં તદ્દન ઉપયોગ રહિત આત્મા થઈ

એ જ પ્રમાણે અજ્ઞાન શબ્દના પણ ઉપર જણાવેલા જ્ઞાન શબ્દના અર્થથી વિપરીત અર્થ કરીને જુદા જુદા અર્થમાં વાપરી શકાય છે.

માટે જ્ઞાન–અજ્ઞાન શબ્દથી આજે ઘણાને ગુંચવણ ઉભી થાય છે, અને ઘણી વખત તેમાથી મોટા વિવાદો પણ ઉભા થાય છે, થયા છે. યુરોપીયનો ભારતવાસીઓને અજ્ઞાની કહે છે. તેનું કારણ એ છે કે–તેઓ જે કેળવણી આપે છે, તે ન લીધેલી હોવાને અંગે અજ્ઞાન, એટલે બિનકેળવાયેલા કહે છે. માટે કેળવણી લેવાની જરૂર જણાવે છે, આપણે તેમને આધ્યાત્મિક જ્ઞાન વિનાની કેળવણીવાળા હોવાથી અજ્ઞાન કહીએ છીએ.

ત્યાજ્ય વસ્તુનું જ્ઞાન છતાં તે વસ્તુનો ત્યાગ ન કરવાથી અજ્ઞાની કહેવાય છે.

અમુક વસ્તુથી જે વ્યક્તિ અજાણ હોય, તેને અજ્ઞાન કહેવામા આવે છે. અમુક વિષયનુ પાંડિત્યપૂર્ણ જ્ઞાન ન હોય, તેને તેનું અજ્ઞાન કહેવામા આવે છે

જ્ઞાનના દુરુપયોગને અજ્ઞાન કહેવામા આવે છે. માટે જ્ઞાનાજ્ઞાન શબ્દોની કોઈપણ ગ્રંથોમા કે કોઈપણ નિબંધો કે લેખોમા થયેલી વપરાશ વખતે ખૂબ ખ્યાલ રાખીને અર્થ કરવો. "જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કરે કઠિન કર્મનો ક્ષય" "પઢમં નાણં તઓ દયા" "अन्नाणी किं काही ?" "અન્નાણ–સમ્મોહ–તમો–હરસ્સ" "જ્ઞાનસ્ય ફલં વિરતિ:" એવા વિવિધ અર્થમા વપરાયેલા જ્ઞાન શબ્દના સેંકડો ઉદાહરણો છે માટે કયે ઠેકાણે કઈ અપેક્ષાએ જ્ઞાન અથવા અજ્ઞાન શબ્દ વાપરવામાં આવેલ છે? તેની ખાત્રી કરીને તે પ્રમાણે અર્થ કરવો. નહીંતર ઘણો ગુંચવાડો ઉભો થાય છે. ગુંચવાડો થયા પછી, ચર્ચા અને ચર્ચામાંથી મર્ચા (વિખવાદ)

અને ક... (...) ... પ્રમાણશાસ્ત્ર અને નય-શાસ્ત્રના [illegible]

[illegible]

વિના [illegible] છે. એટલે ઉપયોગના [illegible] છે, જેમ કહેવામાં હરકત નથી.

આ તરફ આપણે તત્વાર્થાધિગમસૂત્રના ૯મા સૂત્રમાં આવ્યા છે. "सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः १-१" પછી "तत्त्वार्थ-श्रद्धानं सम्यग्दर्शनम् १-२" કહીને તેનુ વિવેચન પૂરું કરી સમ્યગ્જ્ઞાન પરની વ્યાખ્યા કરવાનો પ્રસંગ આવ્યો, ત્યાં मति-श्रुता-वधि-मनःपर्यय-केवलानि ज्ञानम् १-९" કહ્યું. પરંતુ "मति . .नि सम्यग्ज्ञानम्" એમ ન કહ્યું.

કોઈ કહેશે, કે—"પહેલા મૂળ સૂત્રમાં ખરી રીતે તો જ્ઞાન પદ જ છે"

તેના જવાબમાં કહેવાનું કે—ભલે જ્ઞાન પદ છે, પરંતુ સૂત્રકારને તો ત્રણેય રત્ન સાથે સમ્યગ્પદનો સંબંધ અભિમત છે, માટે સમ્યગ્જ્ઞાન કહેવું જોઈએ. પરંતુ તેમ ન કહેતા માત્ર ज्ञानम् શબ્દ કેમ મૂક્યો છે?

તેમાં ગ્રંથકારનો એ આશય જણાય છે કે—સમ્યગ્જ્ઞાનનું વિવેચન પણ જ્ઞાનના વિવેચનને આધિન છે. પદ [illegible] નાવવું, તે પણ તત્ત્વાર્થાધિગમ શાસ્ત્રનો [illegible] છે. [illegible], સ્વરૂપ

બતાવ્યા પછી તેના લબ્ધિ ઉપયોગ: સમ્યગ્: અસમ્યગ્. પ્રમાણ: અપ્રમાણ: સાકાર: નિરાકાર: દર્શન: અજ્ઞાન: વિગેરે જેટલા પ્રકારો બતાવવા હશે, તેટલા બતાવી શકાશે, આજ દૃષ્ટિથી નિરાકારોપયોગ રૂપ દર્શનગુણનુ પણ જ્ઞાન સાથે સાક્ષાત્ સૂત્ર રચીને વિવેચન કરવામા આવ્યુ નથી. માત્ર ઉપયોગમા, ભાવોના ભેદોમા, કર્મના ભેદોમા, સિદ્ધના ગુણોમા, તેનુ વર્ણન તો આપ્યુ છે એટલે ૯ માથી માડીને ૩૩ મા સૂત્ર સુધીમા જ્ઞાન સામાન્યનુ જ વર્ણન છે જેમા તમામ પ્રકારની જ્ઞાનમાત્રાઓનો અને સ્વરૂપોનો સમાવેશ થતો હોય છે, માટે ૫૧ ભેદોમા સર્વ પ્રકારના સાકાર: નિરાકાર: ઉપયોગ· પ્રમાણ અપ્રમાણ· જ્ઞાન–અજ્ઞાન. સમ્યગ્જ્ઞાન: દર્શન: જ્ઞાન: સંજ્ઞા: ચૈતન્યશક્તિ વિગેરે સર્વનો સમાવેશ કરવામા આવેલો છે,

જૈનશાસ્ત્રની પ્રતિપાદન શૈલી ઘણી વિવિધ છે. અનેક અપેક્ષાઓ ધ્યાનમા રાખીને એકજ વસ્તુનું જુદી જુદી અનેક અને વિલક્ષણ રીતે પ્રતિપાદન કરેલુ જોવામા આવે છે. નય, નિક્ષેપ વિગેરેના સગીન જ્ઞાન વિના આ શૈલીએ નો ખ્યાલ પણ આવી શકતો નથી.

"બહુ ભાંતિ કૈલી જૈન શૈલી" દ્રવ્યગુણ પર્યાયનો રાસ ઢાલ–૬

આટલી ભૂમિકા પછી ૫૧ ભેદોનુ અને તેના પેટા ભેદોનુ સક્ષિપ્ત વર્ણન સૂચિત કરી ઉપસહાર કરી જ્ઞાનમીમાસા પૂરી કરીશુ.

કહેવાય છે કે–"સિંહ મરેલા માણસને મારતો નથી" પરતુ ભૂખ્યો હોય, અને શીકાર ન મળ્યો હોય તો જીવતા માણસને અવશ્ય મારે છે "પંજામા સપડાયેલ માણસ જીવે છે કે નહી !' ને સુઘીને તથા તેની હીલચાલ, શ્વાસ, અને નાડીના ધબકારા વિગેરે સાંભળીને, નક્કી કરી શકે છે. જો તેને જરા પણ શકા પડે, તો

[illegible] હોય છે.

[illegible] હોય છે, [illegible] અને [illegible] પણ [illegible] હોય છે. પરંતુ [illegible] સિદ્ધ તે [illegible] છે.

એટલે જ્યારે સિદ્ધને માત્ર સ્વભાવના પરિણામ આવડતા હોય છે, ત્યારે તેના શરીરમાં રહેલો આત્મા તે પ્રકારને જાણ્યા વિના રહેતો નથી. જેમ કે-જેમ આપણી ઉપરના સાથે જ કાનના અંગ-ઓમાં બારીકમાં બારીક અને મોટામાં મોટી જે કોઈ વસ્તુ લાગે ત્યાં તેનું પ્રતિબિંબ પડ્યા વિના રહેતું નથી. બારીકમાં બારીક રજકણોના પણ પ્રતિબિંબ પડે છે. જો કે તે આપણે જોઈ શકતા નથી. જેમ આપણે મુખથી અને બીજી ઇંદ્રિયો મારફત પોતાના વિષયનું પ્રતિબિંબ આત્મામાં પડતાં જ જ્ઞાન ઉપર પણ તેની અસર થયા વિના રહેતી નથી અને ઉપયોગ જાગવા માંડે છે. પરંતુ કેટલીક એટલી બધી બારીક અસર હોય છે, કે આપણા ધ્યાનમાં આવતી નથી. એટલે કે વિષય પકડતા જ જ્ઞાનોપયોગ તો જાગવા માંડે જ છે એ રીતે ઉપયોગના વિષય પકડાય, એટલે વિષય પકડનાર ઉપયોગ, તે જ અવગ્રહ. અવગ્રહ બે પ્રકારનો હોય છે

વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ.

સિદ્ધને જ્યાં સુધી પ્રકારનો વ્યંજનાવગ્રહ થાય છે, ત્યાં

જાય છે. વળી ફરીથી તે વસ્તુ જોવામાં આવે તો પછી તે યાદ આવે છે, એટલે કે સ્મરણ થાય છે પરંતુ જેની અવિચ્યુતિ ધારણા થયા પછી જે વસ્તુનું જ્ઞાન થયું હોય છે, તે જ્ઞાન જો સર્વથા નાશ પામતું હોય, તો તે વસ્તુ ફરીથી જોયા વિના તેનું સ્મરણ ન થાય. પરંતુ સ્મરણ થાય છે, માટે તે અવિચ્યુતોપયોગ પૂરો થયા પછી પણ ક્ષયોપશમરૂપે સંસ્કાર ટકી રહે છે. તેને વાસના ધારણા કહેવામાં આવે છે અને વાસનાના બળથી સ્મરણ થાય છે, અને તે પણ કેટલોક વખત ટકી રહે છે, તે સ્મરણ ધારણા કહેવાય છે અર્થાત્ ધારણાના ત્રણ પ્રકાર છે. અવિચ્યુતિઃ વાસનાઃ અને સ્મૃતિઃ

મન અને આંખ શિવાયથી બહારની અને અંદરની ઇંદ્રિયોની મદદ વિના આત્મા વ્યંજનાવગ્રહ કરી શકતો નથી. માટે ઇંદ્રિયો તેનું સાધન છે. તેથી ઇંદ્રિયો પણ વ્યગ્-જન કહેવાય છે. એટલે કે વિ+અગ્-ज्ञ+अन્ કરણમાં વિગ્રહ કરવાથી–"જે વડે વસ્તુ પ્રગટ કરી શકાય, જાણી શકાય, તે વ્યંજન, એટલે કે ઇન્દ્રિયો. અને કર્મમાં વિગ્રહ કરવાથી વ્યગ્-જન એટલે અપૂર્ણ અર્થરૂપ વસ્તુ, જેનું સ્વરૂપ ઉપર સમજાવેલું છે, તે એટલે કે જે પ્રગટ કરાય, જેનું જ્ઞાન કરાય, તે વ્યગ્-જન અને અવગ્રહ એટલે કે પ્રથમ વિષયને પકડનારા જ્ઞાનોપયોગ એટલે શબ્દોનો સામટો અર્થ એ થયો કે–વ્યંજન વડે–એટલે ઇંદ્રિયો વડે, વ્યગ્-જનનો એટલે વિષયનો–અવગ્રહ, એવો શબ્દ થયો. સંસ્કૃત ભાષાના સમાસના નિયમ પ્રમાણે એક જાતના બે શબ્દો એકઠા થાય, તો અર્થ કાયમ રહે છે. પરંતુ તેમાંનો એક શબ્દ ઉડી જાય છે એટલે વ્યંજનાવગ્રહ શબ્દ રહે છે, વ્યંજનવડે વ્યંજનનો અવગ્રહ=વ્યંજન વ્યંજનાવગ્રહ=વ્યંજનાવગ્રહ.

વ્યંજનાવગ્રહાદિક અજાણી કે થોડા પરિચયવાળી વસ્તુના ધીરે ધીરે થાય છે. પરંતુ જાણીતી વસ્તુના એકદમ થાય છે. છતાં

ધીરે ધીરે થવામાં પણ વધુમાં વધુ વ્યંજનાવગ્રહ થતાં ૨ થી ૯ શ્વાસોશ્વાસ, ૧૨, અર્થાવગ્રહ થતાં તો વધુમાં વધુ અને ઓછામાં ઓછો એક સમય, તથા બાકીનાઓને અન્તર્મુહૂર્ત વખત લાગે છે. આ વાચના સમજવાના [illegible] ટાઇમ છે. તેની [illegible] સ્મરણ જ્ઞાન થાય છે. સ્મૃતિ પણ કેટલાક વખત સુધી ટકી રહે છે.

અવિચ્યુતિ ધારણા થવા પછી જેમ શ્રુતજ્ઞાન થવું હોય, તેની અવિચ્યુતિ ધારણા, પછી મન સાથે જોડાય છે. અને શ્રુતજ્ઞાન થાય છે. શિક્ષક જ્યારે વિદ્યાર્થીઓને શ્રુતલેખન લખાવે છે, ત્યારે પહેલો શબ્દ જે બોલે છે, તેના વ્યંજનાવગ્રહાદિક થતા જ શ્રુતજ્ઞાન થાય છે, કે તરત વિદ્યાર્થી સ્લેટ ઉપર "મહાવીર મહાપુરુષ હતા" એ વાક્ય લખવા જતા પહેલો મહાવીર શબ્દ એકદમ લખે છે. આમાં વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, અવિચ્યુતિ ધારણા એકદમ શ્રોત્ર ઈન્દ્રિય-દ્વારા આત્મામાં થતા જ આત્મા સાથે જોડાયેલું મન-શબ્દ સાંભળવાથી ઉત્પન્ન થયેલા અવિચ્યુતિ ધારણા રૂપ ઉપયોગની સાથે જોડાઈ જાય છે અને કઈ ઇન્દ્રિયનો વિષય છે? "શ્રોત્રઇન્દ્રિયનો વિષય છે." પછી "કયો શબ્દ છે?" આ વિચારણાની સાથે જ "મહાવીર શબ્દ છે" એમ નક્કી કરી લે છે. પરંતુ ફરીથી મને "શિક્ષક લખવાની સૂચના કરી છે" તેના વ્યંજનાવગ્રહાદિક થયા હોય છે. "તે પણ લખવું પડશે" એવું મન દ્વારા શ્રુતજ્ઞાન થએલું હોય છે. તેની સાથે "આ મહાવીર શબ્દ સંભળાયો છે, અને તે લખવો પડશે" એવું જોડાણ થતા જ મન મગજ મારફત હાથના જ્ઞાનતંતુઓને સમાચાર પહોંચાડે છે કે-તુરત "મહાવીર" શબ્દ લખવાની રીત પ્રથમ આત્મા સમજેલો છે, તે રીતનું સ્મરણ થતા જ તે રીત પ્રમાણે લિપિની પદ્ધતિ અનુસાર પાટી ઉપર "**મહાવીર**" શબ્દ લખે છે. અને

"તે ખરો છે?" એમ આંખથી જોતાની સાથે જ મન નક્કી કરી લે છે. આટલા ટુંકા વખતમા મન, ઇંદ્રિયો, જ્ઞાનતંતુઓ, બહારની અને અંદરની ઇન્દ્રિયો, વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહ, અપાય, ધારણા, વાસના, સ્મૃતિ, વિગેરે કઈક પ્રકારના જ્ઞાન પ્રવર્તવાથી મહાવીર શબ્દ પાટી ઉપર લખી શકાય છે પરંતુ તેમા મન કેટલી વાર જોડાય છે? કઈ કઈ ઇન્દ્રિયોના અવગ્રહાદિક પ્રવર્તે છે? નાના મોટા કયા જ્ઞાનો થાય છે? પરસ્પર કેવી રીતે જોડાય છે? કેટલી જાતના સ્મરણો થાય છે? એ વિગેરે એટલા બધા અને સૂક્ષ્મ પ્રવર્તે છે, કે આપણે તેનું પૃથક્કરણ કરી શકતા નથી. એટલે જ્ઞાનના પ્રવર્તનો કેટલા બધા સૂક્ષ્મ છે? અને તેમાં મદદ કરનારા બાહ્ય અને અંદરની ઈન્દ્રિયો, જ્ઞાનતંતુઓ, મન વિગેરેની ક્રિયાઓ કેટલી સૂક્ષ્મ છે? તેમજ તે દરેકના જોડાણો કેવી રીતે થાય છે? તથા દરેક પોતપોતાનું કામ સરળતાથી ઝપાટાબંધ અને ગુંચવાડા વિના કેવી રીતે કરી શકતા હશે? આપણે તે જાણી શકતા નથી. એ બધી યાન્ત્રિક ગોઠવણો કેવી વિચિત્ર હશે? વક્તા વ્યાખ્યાન સડસડાટ સંભળાવ્યે જાય, શ્રોતાઓ સાંભળ્યે જાય, અને તેનાથી થતી વિવિધ લાગણીઓ અનુભવ્યે જાય, ક્ષણવાર હસે, રવે, ક્રોધમા આવે, આશ્ચર્ય પામે કંટાળે, રસમા તલ્લીન થાય, આ બધી હીલચાલ વખતે અંદર કેવા કેવા આંદોલનો ચાલતા હશે? તે જ્ઞાની શિવાય કોઈ પણ કહી શકે નહી. આ બધો સૂક્ષ્મ વિચાર વ્યવસ્થિત રીતે અને તે પણ યોગ્ય પારિભાષિક શબ્દો સાથે જૈન શાસ્ત્રોમા કરવામા આવેલો છે, તેવો આજ સુધી બીજા કોઈએ કરેલો નથી. એટલે મતિજ્ઞાન થવા છતા શ્રુતજ્ઞાન ન થાય તો પછીનો વ્યવહાર આત્મા કરી શકે જ નહી.

આમા એટલું વિશેષ સમજવાનું છે કે–બધા શ્રોતા સરખી રીતે સાંભળી કે સમજી શકતા નથી. જેની જેવી શક્તિ, તે પ્રમાણે તે સમજી શકે છે એટલે શ્રોતાઓને પણ બહુઃ અબહુઃ વિગેરે

વિગે. પ્રકારે જ્ઞાન કરવાની શક્તિ હોય છે. તે તે પ્રકારે તેઓના જ્ઞાન કરી શકે છે. જેમનું સામાન્ય કારણ નથી હોતું તેવી બહુ વિગેરે ભેદોના ગુણાકારે કરી વ્યંજનાવગ્રહાદિના ૧૨ ભેદ કરતાં મતિ-જ્ઞાનના ૩૩૬ ભેદો થાય છે. જે વસ્તુ આપણે પહેલેથી લોકોમાંના રીઢીએ. એટલે કે અમુક શબ્દનો અમુક અર્થ થાય છે, અને અમુક પદાર્થને માટે અમુક શબ્દ છે, એ જાતનું બાળક અવસ્થાથી માંડી સમજ અર્થ જ્ઞાન થયું હોય છે. તે ઉપરથી જ્યારે જ્યારે તે શબ્દ સાંભળવામાં આવે, અને તેનું જ્ઞાન થાય, અથવા તે વસ્તુ જોવામાં આવે અને તેના શબ્દનું જ્ઞાન થાય, તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહે-વાય. નાનું બાળક સૌથી પહેલું પોતાની માને ઓળખે છે, અને તેને માટે જ્યારથી "મા" શબ્દ બોલે છે સૌથી પહેલું જ્યારે તે માને ઓળખવા શીખ્યું. ત્યારપછી જેટલી વાર જુવે, તેટલીવાર મા શબ્દનો શબ્દ પ્રયોગ કરે, દરેક તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય એટલે વ્યંજનાવગ્રહાદિક ૩૩૬ ભેદ શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ગણાય.

શબ્દ અને પદાર્થના અનાદિકાળના લોકસિદ્ધ સંકેતોના પ્રથમ થયેલા શ્રુતજ્ઞાનની મદદથી પછીના જે મતિજ્ઞાન પ્રવર્તે, તે શ્રુત-નિશ્રિત મતિજ્ઞાન. અને જેનું એવી રીતે પહેલાં શ્રુતજ્ઞાન ન થયું હોય, અને મતિજ્ઞાન પ્રવર્તે તે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન આવું જ્ઞાન તીવ્ર અનુમાન શક્તિ અને કુદરતી તીવ્ર બુદ્ધિથી થાય છે. કેટલાય માણુસો થોડામા ઘણું સમજી જાય છે, અથવા વસ્તુ સમજવાને કાંઈ પણ સાધન ન હોવા છતા મન પોતાની કલ્પના અને તર્ક બુદ્ધિથી આશ્ચર્યકારક વસ્તુ અને હકીકત ઉભી કરે છે (તેમા પ્રથમ કોઈ પાસેથી તેને જાણવાની સગવડ નથી મળી હોતી.) આવા મતિ-જ્ઞાનના ચાર પ્રકાર છે. ઔત્પાતિકી, વૈનયિકી, પારિણામિકી અને કર્મજા બુદ્ધિ. આમા પણ વ્યંજનાવગ્રહાદિક પ્રવર્તે છે, પણ તેને ગણતરીમા લીધા નથી. આ ચાર બુદ્ધિના નંદી સૂત્રમા ઘણા

દાખલાઓ અને કથાઓ આપી છે. પરંતુ વિસ્તાર બહુ થાય, તેથી અહીં આપેલ નથી. મતિજ્ઞાન ઉપર ગતિ વિગેરે વીશ માર્ગણાઓ ઘટાવીને તેનો ઘણો જ વિસ્તાર સમજવા જેવો, વિશેષાવશ્યકાદિક બીજા ગ્રંથોમાં છે,

આત્માના અસંખ્ય પ્રદેશો હોય છે, પ્રદેશે પ્રદેશે અનંત અનંત જ્ઞાનાંશો હોય છે. તેનું આવરણ–અનંત અનંત પરમાણુઓના સ્કંધોની બનેલી અનંત અનંત કાર્મણ વર્ગણાના બનેલા કર્મોએ કરેલું હોય છે. એટલા બધા કર્મ અણુઓ ન હોય તો જ્ઞાનનું આવરણ થઈ શકે નહી. સ્હેજ કર્મનું આવરણ ખસે કે આત્મપ્રદેશનો જ્ઞાનાંશ ખુલ્લો થઈ જાય જ. અને વિષય સામે આવે કે ઉપયોગ પ્રવર્ત્યા વિના ન રહે. ઉપયોગ પણ આ રીતે અનંત પ્રકારના પ્રવર્તી શકે છે કાચ જેવી લીસી ચીજને સામાન્ય ચીકાસ ચોટતી નથી. પરંતુ બહુ જ બારીક અણુઓની બનેલી ગાઢ ચીકાસ જ તેને ચોટે છે. કાચ ઉપર રજ પણ બહુજ બારીક હોય, તે જ ટકી શકે છે તે પ્રમાણે આત્માના સૂક્ષ્મ પ્રદેશો અને તેમાની શક્તિઓનું આવરણ કરવાને ઘણા પરમાણુઓના સમૂહરૂપ સૂક્ષ્મ વર્ગણાઓના બનેલા કર્મો જ અસરકારક આવરણ કરી શકે છે આવરણ કરવા માટે આટલા બધા કર્મપરમાણુઓને રોકાવું પડે છે, તે ઉપરથી આત્માની શક્તિનું પણ અગાધ માપ ધ્યાનમા આવી શકે છે. એક એક પ્રદેશમા અનંત જ્ઞાન–દર્શન–ચારિત્ર–વીર્ય વિગેરેના અનંત અનંત અંશો હોય છે એક એક અંશ માટે એક એક પરમાણુ અને અનંત અંશોના સમૂહ માટે એક એક વર્ગણા, એવી રીતે આખા પ્રદેશના સમગ્ર ગુણોમાંના ઘણા ખરા ગુણોના આવરણ માટે અનંત અનંત કાર્મણ વર્ગણાની જરૂર પડે છે, તે સ્વાભાવિક છે.

૨ શ્રુતજ્ઞાન

કોઈ પણ અજાણ્યો શબ્દ સાંભળવામાં આવે છે, ત્યારે આપણે

તેનો અર્થ સમજી શકતા નથી, અથવા કોઈ અજાણી ચીજ જોવામાં ચાખવામાં, સ્પર્શવામાં કે સાંભળવામાં આવે, ત્યારે આપણે તેનું નામ નથી જાણતા હોતા. દાખલા તરીકે-કોઈ બીજા દેશનો માણસ આપણી પાસે પોતાની ભાષાનો અપરિચિત શબ્દ બોલે, આપણે તે શબ્દ સાંભળીએ, ત્યાં સુધી મતિજ્ઞાન થાય છે પરંતુ આપણે તે શબ્દનો અર્થ સમજતા ન હોવાથી તેના અર્થનો-વસ્તુનો ખ્યાલ કરી શકતા નથી. અર્થાત આપણને તેનું શ્રુતજ્ઞાન થતું નથી. તેવી જ રીતે કોઈ જોવા લાયક સ્થળમાં કે કોઈ વેપારીની દુકાને કોઈ અજાણી ચીજ આપણે જોઈએ ત્યારે, એ ચીજને જોઈએ એટલે આપણને તેનું આપણા મતિજ્ઞાન થાય છે. પરંતુ તેનું નામ ન જાણતા હોવાથી આપણને તેનું શ્રુતજ્ઞાન થઈ શકતું નથી, પરંતુ આપણી જાણીતી ચીજનું આપણને મતિજ્ઞાન થતાની સાથે જ શ્રુતજ્ઞાન થાય છે. જેમકે-ગાય જોતાની સાથે-"ગાય આવી" એમ એ પિંડને માટે ગાય શબ્દ તરત જ જોડીને બોલી ઉઠીએ છીએ તથા કોઈ કહે કે- "ગાય લાવો," કે તરત બીજી કોઈ ચીજને ન અડકતા આપણે ગાયને જ હાજર કરીએ છીએ. કેમકે- ગાય જોવા ઉપરથી આપણને તેનું નામ "ગાય" યાદ આવે છે, અને ગાય નામ સાંભળવા ઉપરથી આપણે ગાયને જ પકડી લાવીએ છીએ.

આ પ્રમાણે, વસ્તુને જોયા વિના, શબ્દ ઉપરથી વસ્તુ સમજી લઈએ છીએ, તેવી જ રીતે, કોઈ પણ માણસ નામ બોલ્યો ન હોય, છતા વસ્તુને જોઈને આપણને તેના નામનો ખ્યાલ આવે છે. તે બન્નેય શ્રુતજ્ઞાન ગણાય છે. અર્થાત્ શબ્દ એટલે વાચક, તે ઉપરથી વસ્તુ વાચકવાચ્ય, તેનું આપોઆપ ભાન થાય, અથવા વાચ્ય એટલે વસ્તુ, તે જોઈને તેનું નામ-વાચક પદ યાદ આવે છે, તે બન્નેય શ્રુતજ્ઞાન કહેવાય છે, હવે બરાબર સમજાયુ હશે કે-મતિ-**જ્ઞાન થયા પછી વાચ્ય અને વાચક સંબંધપૂર્વક જે જ્ઞાન થાય, તે શ્રુતજ્ઞાન કહેવાય છે.**

ભગવતના વાક્યો દ્રવ્ય શ્રુત કહેવાય છે. ગણધર ભગવતો તે સાભળે, અને તેને બોધરૂપ શ્રુતજ્ઞાન થાય છે, તે ભાવશ્રુત કહેવાય છે તે ઉપરથી રચાયેલા સૂત્રો દ્રવ્યશ્રુત કહેવાય છે. પરતુ મૂત્રની અપેક્ષાએ ભાવશ્રુત કહેવાય છે એ સૂત્રો લખાવ તો તે દ્રવ્ય કે સ્થાપના સૂત્ર કહેવાય છે. પરંતુ તે સર્વને દ્રવ્ય શ્રુતજ્ઞાન કહેવામા હરકત નથી. વ્યંજનાક્ષર અને સજ્ઞાક્ષર પણ દ્રવ્યશ્રુત છે. લબ્ધ્યક્ષર ભાવશ્રુત છે.

આ ઉપરથી શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રો, એવો પણ અર્થ કરી શકાય છે. જીવોને શ્રુત થાય છે, તેનુ પણ માપ અને સ્વરૂપ આ શ્રુતના અક્ષર તથા તેના પર્યાયો વડે સમજાવેલ છે.

દ્વાદશાંગશ્રુતના ભેદો અને તેનો વિસ્તાર સાથેના કોઠામા આપેલો છે.

બાકીના ત્રણ જ્ઞાન

મતિ અને શ્રુતજ્ઞાન શિવાયના જે જ્ઞાન સાક્ષાત્ આત્મા પોતે સીધે સીધા કરે છે, તેમાં ઇંદ્રિયો વિગેરે કોઈની મદદ લેવાની જરૂર પડતી નથી, તે પ્રત્યક્ષ પ્રમાણરૂપ જ્ઞાનો કહેવાય છે.

કેવલજ્ઞાન સર્વદ્રવ્ય અને સર્વ પર્યાયોનું જ્ઞાન કરે છે, ત્યારે મનઃપર્યાય માત્ર મનોવર્ગણાના પુદ્‌ગલ દ્રવ્યોનું અઢીદ્વીપમાંના સજ્ઞિ-પંચેંદ્રિયજીવોએ પોતાનુ મન બનાવેલું હોય છે. તે મનોદ્રવ્યરૂપમનના વિચાર કરતી વખતે થયેલા આકારો જાણે અને તે ઉપરથી ઓછુ વધતુ અનુમાન કરી શકે. તે આકારોને અક્ષરોની માફક એવી રીતે જાણે કે તેના ઉપરથી ઓછુ અનુમાન કરી શકે, તે ઋજુમતિ મનઃપર્યાય જ્ઞાન. અને વિશેષ અનુમાન કરી શકાય તેવી રીતે અક્ષરોની માફક, આકારો જાણે તે વિપુલમતિ મનઃપર્યાય કહેવાય છે. મનઃપર્યાયજ્ઞાન દ્રવ્ય નથી જાણતુ, પરતુ મનના પર્યાય જાણે છે, પર્યાય એટલે વિશેષ જાણે છે. જેથી તેને દર્શન હોતુ નથી.

પરતુ મનોદ્રવ્ય અને બીજા તમામ પુદ્ગલ દ્રવ્યોને જાણી શકે તે અવધિજ્ઞાન કહેવાય છે. અવધિજ્ઞાનના સબંધમા મૂળ ૭ ભેદો છે. પરતુ ૧૪ દ્વારો સાથે ઘટાવીને સમજાવામા ઘણો વિસ્તાર થાય છે, તેમા ઘણુ સમજવાનુ હોવાથી, તેમજ સૂક્ષ્મ સમજવાનુ હોવાથી, અહી આપેલ નથી. પરતુ વિશેષાવશ્યક ભાષ્ય વિગેરે ગ્રંથોમાથી વિસ્તારથી સમજી લેવુ

	મતિજ્ઞાન	શ્રુતજ્ઞાન	અવધિજ્ઞાન	મન પર્યાય જ્ઞાન	કેવળજ્ઞાન
દ્રવ્ય પર્યાય-ભાવ	સર્વ કેટલાક	સર્વ કેટલાક	સર્વરૂપિ દ્રવ્ય રૂપી દ્રવ્યના તમામ પર્યાય	મનોદ્રવ્ય ચિંતનાનુગત પર્યાય અઢી અગુલ વિગેરે અઢીદ્વીપ	સર્વ સર્વ
ક્ષેત્ર	સર્વ	સર્વ	અસખ્યેય લોકાકાશ પ્રમાણ ખડો જેટલુ		સર્વ
કાળ	સર્વ	સર્વ	અસખ્યાત ઉત્સર્પિણીઅવસર્પિણી	પલ્યોપમના અસખ્યાતમા ભાગ પ્રમાણ અતીત અનાગત કાળ	સર્વ

પાંચ જ્ઞાનનું વિસ્તારથી વિશેષ વર્ણન બીજા શ્રી નંદિસૂત્ર વિગેરે ગ્રન્થોમાં વિસ્તારથી છે.

પ્રથમ કર્મગ્રન્થનો પ્રદીપક સંપૂર્ણ.

કર્મસ્તવ કર્મગ્રન્થ:

કર્મના વર્ણનપૂર્વક શ્રી મહાવીરસ્વામિના સ્તવનનું મંગળાચરણ.

तह थुणिमो वीर-जिणं जह गुण-ठाणेसु सयल-कम्माइं ॥
बंधुदओदीरणया-सत्ता-पत्ताणि खविआणि ॥ १ ॥

શબ્દાર્થ:—તહ=તેમ; થુણિમો=સ્તવીશું, વીર-જિણં=મહાવીરસ્વામીને; જહ=જેમ, ગુણ-ઠાણેસુ=ગુણ ઠાણાઓને વિષે, સયલ=સઘળા; કમ્માઇં=કર્મોને; સયલ-કમ્માઇં=સઘળા કર્મો; બંધ=બંધ; ઉદય=ઉદય; ઉદીરણયા=ઉદીરણા, સત્તા=સત્તાને: પત્તાણિ=પ્રાપ્ત થયેલા. બંધુદઓદીરણયા-સત્તા-પત્તાણિ=બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાના સ્થાનમા પ્રાપ્ત થયેલા. ખવિઆણિ-ખપાવ્યાછે.૧

શબ્દાર્થ:

જે પ્રકારે શ્રી મહાવીર દેવે ગુણઠાણાઓને વિષે બંધ. ઉદય, ઉદીરણા અને સત્તાના સ્થાનમાં પ્રાપ્ત

થયેલા સઘળાં કર્મોને ખપાવ્યાં છે, તે પ્રકારે શ્રી મહાવીર દેવને અમે સ્તવીએ છીએ. ॥ ૧ ॥

વિશેષાર્થ—તે પ્રકારે-અમે શ્રી મહાવીર જિન પ્રત્યે સ્તવીએ છીએ-સ્તવીશું, કે જે પ્રકારે-શ્રી મહાવીરદેવે મિથ્યાત્વાદિક ગુણઠાણાને વિષે અનુક્રમે બંધ ઉદય. ઉદીરણા તથા સત્તા ને પ્રાપ્ત થયેલા સકલ કર્મોને ખપાવ્યાં છે (ક્ષય કર્યાં છે.) ॥ ૧ ॥

ચૌદ ગુણસ્થાનકો—

मिच्छे सासण मीसे अविरय देसे पमत्त अपमत्ते ॥
निअट्टि–अनिअट्टि सुहुमुवसम-खीण-स-जोगि-अ-जोगि गुणा ॥ २ ॥

શબ્દાર્થ:—મિચ્છે=મિથ્યાત્વ ગુણસ્થાનક, સાસણ= સાસ્વાદન સમ્યગ્દષ્ટિ, મીસે=મિશ્ર–સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, અવિરય=અવિરત સમ્યગ્દષ્ટિ. દેસે=દેશવિરતિ; પમત્ત= પમત્ત સંયત, અપમત્તે=અપ્રમત્ત સંયત; નિઅટ્ટિ=નિવૃત્તિ– અપૂર્વકરણ; અનિઅટ્ટિ=અનિવૃત્તિ–બાદર–સંપરાય, સુહુમ= સૂક્ષ્મસંપરાય, ઉવસમ=ઉપશાંત મોહવીતરાગ, ખીણ= ક્ષીણમોહ વીતરાગ; સ-જોગિ=સયોગિ કેવલી, અ-જોગિ= અયોગિ કેવલી, ગુણા=ગુણસ્થાનકો (છે). ॥ ૨ ॥

ગાથાર્થ :

મિથ્યાત્વ: સાસ્વાદન: મિશ્ર: અવિરત· દેશવિરત: પ્રમત્ત· અપ્રમત્ત: નિવૃત્તિ: અનિવૃત્તિ: સૂક્ષ્મ: ઉપ-

શમઃ ક્ષીણઃ સયોગિઃ અયોગિઃ ગુણસ્થાનકો છે. ॥૨॥

વિશેષાર્થ:—ગુણઃ જે જ્ઞાનાદિક, તેહનું સ્થાનક=એટલે શુદ્ધિઃ અશુદ્ધિઃ પ્રકર્ષે કીધો ભેદ, તે **ગુણસ્થાનક** કહીએ. તેમાં—

પ્રથમ, મિથ્યા–ખોટી–વિપરીત દૃષ્ટિ જ્યા છે, તે **મિથ્યા-દૃષ્ટિ ગુણસ્થાનક** કહીએ.

વળી, અહીં કોઈ પ્રશ્ન કરે છે, કે–"વિપરીત દૃષ્ટિ, તે **મિથ્યાદૃષ્ટિ** કહો છો, તો તેને ગુણસ્થાનપણું કેમ કહીએ?"

तन्नोत्तरम्—

જો કે–તેને **જીવઃ અજીવાદિકઃની** પ્રતિપત્તિ વિપરીત છે, તો પણ કાઇક–"આ મનુષ્ય છે, આ પશુ છે" ઇત્યાદિ લોકવ્યવહારની પ્રતિપત્તિ છે તે માટે **ગુણસ્થાન** કહીએ. તથા, **નિગોદિયા** જીવને પણ કાંઇક એક અવ્યક્ત સ્પર્શમાત્ર ઉપયોગ પ્રતિપત્તિ છે. જો ન હોય, તો તે અજીવપણું પામે.

यदागमः—

सव्व–जियाणमक्खरस्स अणंतमो भागो निच्चं उग्घाडियो चिट्ठइ। जइ पुण सोवि आवरिज्जा तेणं जीवो अजीवत्तणं पाउणिज्जा. ॥ १ ॥

તે માટે કાંઇક યથાર્થમતિની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિને પણ ગુણસ્થાનક કહીએ.

તે અંતર્મુહૂર્ત ગયે થકે અંતરકરણને પહેલે સમયે જ ઔપશમિક સમ્યક્ત્વ પામે. મિથ્યાત્વના દળિયા વેદવાના અભાવ થકી. જેમ-દાવાનળ પૂર્વદગ્ધ દેશ તથા ઊખર પ્રદેશ પામીને ઓલવાય, તેમ-મિથ્યાત્વ દાવાનળ પણ અંતરકરણ પામીને ઓલવાય. તે વારે. તે જીવને ઔપશમિક સમ્યક્ત્વનો લાભ થાય.

તેનુ માન અંતર્મુહૂર્તનું છે.

તેમાથી, જઘન્ય-એક સમય: ઉત્કૃષ્ટ-૭ આવલી: થાકતે કોઈક મહાણીકણુ જીવને અનંતાનુબંધિ કષાયનો ઉદય થાય, ત્યારે, તે સમ્યક્ત્વ વમતો સાસ્વાદને વર્તે. જેમ-ખીર. ખાઇ ઘૃત: જમીને ચિત્ત ફર્યે વમન કરતો મનુષ્ય તે આસ્વાદે, તેમ-ઔપશમિક સમ્યક્ત્વ વમતો સમ્યક્ત્વને આસ્વાદે, તે માટે તેનું સાસ્વાદન એવું નામ કહીએ,

તથા, ઉપશમશ્રેણિથી પડતો પણ કોઇક સાસ્વાદને આવે, ત્યા, જઘન્ય-એક સમય: ઉત્કૃષ્ટ-૬ આવલી: રહીને પછી અવશ્ય મિથ્યાત્વે આવે.

એ ગુણઠાણું પડતા જ હોય. ૨.

સમ્યક્ અને મિથ્યા. એ બે સમકાળે દૃષ્ટિ હોય, તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ.

પૂર્વોક્ત વિધિએ લબ્ધ ઔપશમિક પરત્વે, ઔષધિ તુલ્યે કરીને મદનકોદ્રવ સરખું મિથ્યાત્વમોહનીય શોધીને ત્રણ પુંજ કરે—

શુદ્ધ ૧: અર્દ્ધશુદ્ધ ૨: અશુદ્ધ ૩.

તેમાં—

એ ત્રણ પુંજમાથી અર્દ્ધશુદ્ધ પુંજ ઉદયે આવે, ત્યારે તે જીવને જિનધર્મ્મ ઉપર રાગ પણ ન હોય, અને દ્વેષ પણ ન હોય, તે-મિશ્રદૃષ્ટિ કહીએ.

તે અંતર્મુહૂર્ત રહે, પછી અવશ્ય **સમ્યક્ત્વમાં** કે **મિથ્યાત્વમાં** જાય.

એ ગુણઠાણું પડતાં અને ચઢતાં પણ હોય. ૩.

તથા, **અવિરત સમ્યગ્દષ્ટિ:** તે-

પચ્ચક્ખાણ-

ન જાણે: **ન આદરે:** **ન પાળે:**

એ ત્રણ બોલના આઠ ભાંગા થાય:—

SSS–૧,	SIS–૩,	ISS–૫	IIS–૭,
SSI–૨,	SII–૪,	ISI–૬	III–૮.

એ આઠમાં-

પ્રથમના ચાર ભાગે તો મિથ્યાદૃષ્ટિ હોય, અજ્ઞાની માટે. અને છેલ્લે ચાર ભાગે **સમ્યગ્દષ્ટિ** હોય, જ્ઞાની માટે.

તેમાં પણ, ૫-૬-૭મા ભાંગે વિરતિ ઉદયે ન હોય. તે માટે **અવિરત સમ્યગ્દષ્ટિ** ગુણસ્થાની કહીએ.

તે, જઘન્ય-અન્તર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ-૩૩ સાગરોપમ ઝાઝેરા રહે ૪.

કરણત્રય (કરવું, કરાવવું, અનુમોદવું): યોગત્રય (મનઃ વચન કાયા.) વિષયક સર્વ સાવદ્ય યોગની દેશથકી વિરતિ છે, જેને, તે-દેશવિરત કહીયે.

તે, જઘન્ય-અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ-દેશે ઊણી પૂર્વ-કોડિ. લગે રહે. ૫

સર્વ સાવદ્ય યોગની સર્વથી વિરતિ છે, પણ કાંઈક પ્રમાદ-વંતપણે કરી વિશુદ્ધિ-અવિશુદ્ધિનો પ્રકર્ષાઽપકર્ષકૃત ભેદ હોય, **દેશવિરતિની** અપેક્ષાએ ગુણનો-વિશુદ્ધિનો-પ્રકર્ષ. અને અવિશુદ્ધિનો-અપકર્ષ. અને **અપ્રમત્ત સંયતની** અપેક્ષાએ-વિશુદ્ધિગુણનો અપકર્ષઃ અને અવિશુદ્ધિનો પ્રકર્ષ. હોય, તે **પ્રમત્ત ગુણસ્થાન.**

એનું માન, જઘન્ય-એક સમય અને ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત્તઃ૬.

પ્રમાદરહિત સંયમી, તે-**અપ્રમત્ત સંયત ગુણસ્થાન.**

તે, જઘન્ય-એક સમય ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત્તઃ

પ્રમત્તઃ અપ્રમત્તઃ બે મળીને એક જઘન્ય-અંતર્મુહૂર્ત્તઃ ઉત્કૃષ્ટ-દેશે ઊણી પૂર્વ કોડિ. રહે. ૭.

અપૂર્વ-નવું,

પ્રથમ-સ્થિતિઘાત ૧: રસઘાત ૨: ગુણશ્રેણિ ૩: ગુણસંક્રમ ૪: સ્થિતિબંધ ૫:

એ પદાર્થનું કરવું જ્યા હોય, તે-**અપૂર્વકરણ** કહીએ. તેમાં—

મોટી કર્મ્મસ્થિતિને અપવર્તન કરવે કરીને અલ્પસ્થિતિ કરવી, તે **સ્થિતિઘાત ૧:**

તીવ્રરસનુ અપવર્તને કરીને ખંડવું, તે-**રસઘાત ૨:**

કાળથકી હ્રસ્વતર: અને દલિકરચના આશ્રયિને પૃથુતર કરે, તે-**ગુણશ્રેણિ ૩:** બધ્યમાન શુભ પ્રકૃતિને વિષે અબધ્યમાન અશુભ પ્રકૃતિનાં દળિયા પ્રતિ સમયે અસંખ્યગુણ વૃદ્ધિએ વિશુદ્ધિએ કરીને ક્ષેપવવાં, **તે-ગુણસંક્રમ ૪:**

કર્મ્મની સ્થિતિ પૂર્વે મોટી બાંધતો હતો, તે ઇહા, વિશુદ્ધિ વિશેષ હોવાથી અપૂર્વ હ્રસ્વ બાધે, તે **સ્થિતિબંધ ૫:**

એ પાંચે ય વાનાં **અપૂર્વ** કરે છે.

એ બે ભેદે—

ક્ષપક ૧: ઉપશમક ૨:

ક્ષપાવવા: ઉપશમાવવા યોગ્ય, માટે-એમ કહીયે. પણ એ ગુણઠાણે **મોહનીય** ખપાવે નહિ: ઉપશમાવે પણ નહિ:

એ-અપૂર્વકરણ ગુણસ્થાનક કહીયે.

જઘન્ય-એક સમય ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત્ત પ્રમાણ હોય.

એ ગુણસ્થાન-પ્રપન્ન પ્રાણીને કાળત્રયવર્તી અનેક જીવની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રમાણ અધ્યવસાયસ્થાનક હોય, પ્રથમ સમયથકી સમયે સમયે અધિકાઅધિક હોય. એકેક સમયનાં જઘન્યોત્કૃષ્ટ સ્થાનક વિશુદ્ધતાએ છઠ્ઠાણવડિયાં હોય:—

પ્રથમ સમયના જઘન્યઅધ્યવસાયસ્થાનકથકી પ્રથમ સમયનું જ ઉત્કૃષ્ટઅધ્યવસાયસ્થાનક વિશુદ્ધતાએ અનંતગણું હોય,

તે થકી. બીજા સમયનું જઘન્ય અધ્યવસાયસ્થાનક અનંતગણું. તેહ થકી. તેહજ સમયનું ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાનક અનંતગણું. એમ. યાવત્ ચરિમ સમય લગે.

ષટ્સ્થાન· તે—કેમ ?

તે કહે છે—

અનંતભાગવૃદ્ધિ ૧.	**સંખ્યાતગુણ વૃદ્ધિ ૪:**
અસંખ્યાતભાગ વૃદ્ધિ ૨:	**અસંખ્યાતગુણ વૃદ્ધિ ૫:**
સંખ્યાતભાગ વૃદ્ધિ ૩:	**અનંતગુણવૃદ્ધિ ૬:**

અને ઉત્કૃષ્ટથકી જો હીણા વિચારીએ, તો–

અનંતભાગ હીન ૧:	**સંખ્યાતગુણહીન ૪:**
અસંખ્યાતભાગ હીન ૨·	**અસંખ્યાતગુણહીન ૫:**
સંખ્યાતભાગ હીન ૩·	**અનંતગુણહીન ૬: પણ હોય.**

એ છઠ્ઠાણવડિયા જાણવા.

સમકાળે એ ગુણઠાણે પેઠાને પરસ્પર અધ્યવસાયસ્થાનકની નિવૃત્તિ છે, તે માટે–નિવૃત્તિ ગુણઠાણું પણ એને કહીયે. ૮

સમકાળે નવમ ગુણસ્થાનક પ્રતિપન્ન ઘણા જીવના પણ અન્યોન્યે અધ્યવસાયસ્થાનક સરખા હોય.

સૂક્ષ્મ કિટ્ટીકૃત સંપરાયની અપેક્ષાએ ત્યા સ્થૂળ કપાય છે, માટે–બાદર સંપરાય નામ પણ કહીએ.

સંપરાય શબ્દે કષાય જાણવા.

તે માટે-એને **અનિવૃત્તિ બાદરસંપરાય ગુણ**-**સ્થાન** કહીએ.

એનું પણ-અંતર્મુહૂર્ત્ત માન છે. તે અંતર્મુહૂર્ત્ત માંહે જેટલા સમય, તેટલા તિહા પેઠાને અધ્યવસાયસ્થાનક હોય એક સમયે પેઠાને એકજ અધ્યવસાયસ્થાનક હોય, તે પ્રથમ સમયથી માંડીને સમયે સમયે અનંતગુણ વિશુદ્ધ યથોત્તર અધ્યવસાયસ્થાનક હોય.

ત્યાં, કર્મ ખપાવેઃ તથા ઉપશમાવેઃ તે-**ક્ષપકઃ** તથા **ઉપશામકઃ** કહીયે. ૯.

સૂક્ષ્મ છે, સંપરાય. તે-કિટ્ટીકૃત લોભ **કષાયનો** ઉદયઃ જ્યા, તે-**સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક** કહીયે.
તે પણ બે ભેદે—

ક્ષપકઃ અને ઉપશામકઃ

તે, જઘન્ય-એક સમય ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત્ત પ્રમાણ. ૧૦.

ઉપશમાવ્યા છે કષાય જેણે, તે **ઉપશાંત કષાયઃ** તે માટે જ-**વીતરાગ.**

અને-છદ્મ એટલે ઘાતિકર્મઃ તે ઉદય અને સત્તાએ છે જ્યા તે-**છદ્મસ્થ.**

તે માટે-અગીયારમું '**ઉપશાન્તમોહ વીતરાગ છદ્મસ્થ**' ગુણસ્થાન કહીએ

એ ગુણઠાણે અઠ્ઠાવીશ મોહનીયકર્મની પ્રકૃતિ ઉપશમેલી હોય

એની સ્થિતિ-જઘન્ય-એક સમય. ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત.

તે પછી નિશ્ચે તે-ભવક્ષયે અથવા કાળક્ષયે પડે.

તિહાં-આયુ ક્ષયે મરે, તો અનુત્તર વિમાને જાય. તિહાં-પ્રથમ સમયેજ ચોથું ગુણઠાણું પડિવજ્જે.

અને ઉપશાંત ગુણઠાણાનો કાળ પૂરો થયે પડે, તો તે-જે અનુક્રમે ચઢ્યો હોય, તે અનુક્રમે પડે. કોઈ છઠે આવી રહે, કોઈક પાંચમે કે ચોથે રહે, કોઈક સાસ્વાદને આવીને મિથ્યાત્વે ય જાય. ૧૧.

સર્વથા ક્ષીણ થયા છે કષાય જ્યાં, અને વીતરાગ છદ્મસ્થ, તે-ક્ષીણકષાય-વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક બારમું જાણવુ, તે-ક્ષપકને હોય.

જઘન્ય-અને ઉત્કૃષ્ટ-પણ અંતર્મુહૂર્ત પ્રમાણ કાળ, બને ય તુલ્ય જ હોય ૧૨.

મન વચન કાયયોગે સહિત વર્તે, અને ઘાતિકર્મના ક્ષયથકી કેવળજ્ઞાનવંત હોય, તે સયોગી કેવલી ગુણઠાણું તેરમું.

તિહાં, મનોયોગ તે મનઃપર્યવ જ્ઞાની
વાસી દેવતાએ. મને કરી પૂછ્યા સ
જ કરીને દીયે. તે કેવળીના
[illegible] અવધિજ્ઞાને કરી

વચનયોગે દેશના દીયે. **કાયયોગે** મેષોન્મેષાદિકે પ્રવર્તે.

તે ગુણસ્થાનક જઘન્ય-અંતર્મુહૂર્ત: ઉત્કૃષ્ટ-દેશે ઊણી પૂર્વ કોડિ વર્ષ: લગે રહે. ૧૩.

ત્રણે ય યોગનો રોધ કરે જ્યાં, તે-**અયોગિ** કેવલી ગુણસ્થાન: ચૌદમું જાણવું તે કેમ ?

તેરમાને અંતે ભવોપગ્રાહી કર્મ્મ ખપાવવાને કાજે પ્રથમ બાદર કાયયોગે કરીને બાદર મનોયોગ રુંધે,

તે પછી-વચનયોગ રુંધે,

તે પછી-સૂક્ષ્મ કાયયોગે કરીને બાદર કાયયોગ રુંધે.

તે પછી સૂક્ષ્મ મનયોગને,

અને તે પછી સૂક્ષ્મ વચનયોગને,

અને તે પછી-સૂક્ષ્મ કાયયોગને **સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ શુક્લધ્યાનને** ધ્યાવતો થકો રુંધે.

ત્યારે, તે-**અયોગિ** થકો પાંચ હ્રસ્વાક્ષર (अ, इ, उ, ऋ, ऌ) ઉચ્ચારણમાત્ર કાળ **શૈલેશીકરણ** કરે.

शैलेशो मेरु, तस्येयम्-स्थिरतावस्थासाम्यात्-शैलेशी ।

यद्वा, सर्व-संवरशीलेश आत्मा, तस्येयं योगनिरोधावस्थ शैलेशी, तस्यां करणं वेदनीय-नाम-गोत्र-कर्म्मत्रयस्यासंख्येयगुणया श्रेण्या निर्जरणं शैलेशीकरणम् ।

તે કરીને **ઋજુશ્રેણિએ** એક સમયે-સમયાંતરને અણફરસતો થકો **મોક્ષે** જાય. ૧૪.

એ ચૌદ ગુણઠાણાનો વિચાર વિસ્તારે મોટી ટીકાથી જાણવો. ॥ ૨ ॥

૧. બન્ધઃ

૧ બન્ધની વ્યાખ્યા: અને મિથ્યાત્વ ગુણસ્થાનકે પ્રકૃતિબન્ધ :-

अभिनव-कम्म-ग्गहणं बंधो, ओहेण तत्य विस-सयं ।
तित्ययरा-ऽऽहारग-दुग-वज्जं मिच्छंमि सतर-सयं ॥ ३ ॥

શબ્દાર્થ :—અભિનવ-કમ્મ-ગ્ગહણં=નવા કર્મને ગ્રહણ કરવા, બંધો=બંધ, ઓહેણ=ઓઘે. તત્થ=ત્યાં, બધે, વીસ-સયં=એકસોવીશ. તિત્થ-યર=તીર્થંકર નામ-કર્મ, આહારગ-દુગ=આહારકદ્વિક, વજ્જં=વર્જીને, તિત્થ-યરા-ઽઽહારગ-દુગ-વજ્જં=તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક શિવાય મિચ્છંમિ=મિથ્યાત્વે, સતર-સયં=એકસો-સત્તર. ૩.

ગાથાર્થ:—

નવા કર્મો ગ્રહણ કરવા, તે બંધ.

તેમાં-સામાન્યથી એકસોવીશ અને મિથ્યાત્વ ગુણસ્થાનકે તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક નામકર્મ વિના એકસો સત્તર (પ્રકૃતિઓ હોય છે.)૩.

થીણુદ્ધિ ૩ એ થીણુદ્ધિત્રિકઃ ૬. દુર્ભગ ૧, દુઃસ્વર ૨, અનાદેય ૩ એ દુર્ભગત્રિકઃ ૯.—॥ ૪ ॥

મિશ્રગુણસ્થાનકે—

अण–मज्झा-ऽऽगिइ-संघयण-चउनिउज्जोअ-कुखग इत्थि त्ति ।
पणवीसंतो मीसे चउ–सयरि दु–आउअ अ–बंधा ॥५॥

શબ્દાર્થ :—અણ=અનંતાનુબંધિ **મજ્ઝા-ऽऽગિઇ**= મધ્યાકૃતિ. **સંઘયણ**=સંઘયણ. **અણ–મજ્ઝા–ऽऽગિઇ-સંઘયણ–ચઉ**=અનંતાનુબંધીયઃ મધ્યાકૃતિ· અને સંઘયણ ચતુષ્ક. **ચઉ**=એ ત્રણ ચતુષ્ક. **નિ** [અ]=નીચ ગોત્ર. **ઉજ્જો-અ**=ઉદ્યોતનામ. **કુ-ખગઇ**=અશુભ વિહાયોગતિ. **ઇત્થિ**= સ્ત્રીવેદ. **ત્તિ**=એમ. **પણવીસંતો**=પચીશનો અંત **મીસે**= મિશ્ર ગુણઠાણે. **ચઉસયરિ**=ચુમ્મોતેર. **દુ-આઉઅ**=બે આયુ-ષ્યનો. **અ-બંધા**=અબંધ હોવાથી. **૫.**

ગાથાર્થ —

અનન્તાનુબન્ધીય. મધ્યમ આકૃતિ, અને સંઘયણનું ચતુષ્ક· નીચગોત્ર. ઉદ્યોતનામઃ અશુભવિહાયોગતિઃ અને સ્ત્રીવેદઃ એમ પચ્ચીશનો અંત કરવાથી અને બે આયુષ્યનો અબંધ થવાથી મિશ્રમાં ચુમ્મોતેર. ૫.

વિશેષાર્થ:—અનંતાનુબંધિ ક્રોધ ૧, માન ૨, માયા ૩, લોભ ૪. એવં ૧૩. પહેલું અને છેલ્લું વર્જીને વચલી ચાર આકૃતિ. તે–સંસ્થાન—ન્યગ્રોધ ૧, સાદિ ૨,

વામન ૩, કુબ્જ ૪. એવં ૧૭, મધ્ય સંઘયણ, તે- ઋષભ નારાચ ૧, નારાચ ૨. અર્ધનારાચ ૩, કીલિકા ૪. એવ ૨૧, નીચગોત્ર ૨૨, ઉદ્યોત નામ ૨૩. અશુભવિહાયોગતિ ૨૪, સ્ત્રીવેદ ૨૫ઃ

એ પચ્ચીશ પ્રકૃતિનો અનંતાનુબંધી પ્રત્યયિક બંધ છે, તે માટે-સાસ્વાદનને અંતે એનો પણ અંત થાય, ત્યારે મિશ્ર ગુણઠાણે ચુમ્મોતેર ૭૪ પ્રકૃતિનો બંધ હોય.

એકસો એક માહેથી પચીસ કાઢીયે, ત્યારે તો ૭૬ઃ રહે, ઇહા-મનુષ્યાયુઃ દેવાયુ. ૨, એ બે આયુઃ પણ ન બાંધે, તેથી ૭૪ રહે. કેમકે-મિશ્રદષ્ટિ પરભવાયુ ન બાંધે, તેમ મરે પણ નહિ.

सम्मा-मिच्छा-दिट्ठी आउयबंधं पि न करेइ-त्ति ॥५॥

૪થે, ૫મે ગુણસ્થાનકે—

सम्मे सग-सयरि जिणा-ऽऽउ बंधि, वइर-नर-तिअ-विअ-कसाया।
उरल-दुगंतो देसे सत्तट्ठी, तिअ-कसायंतो ॥ ६ ॥

શબ્દાર્થ.—સમ્મે-સમ્યગ્દષ્ટિમા સગસયરિ=સિત્તેર- જિણ=જિન નામ. આઉ=આયુષ્યો. જિણા-ऽऽઉ-બંધિ= જિનનામકર્મ અને [બે] આયુષ્યનો બંધ હોવાથી બંધિ= બધ હોવાથી. વઇરિ=વજ્રઋષભનારાચ. નર-તિઅ=મનુષ્યત્રિક. બીઅ-કસાયા=બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કષાયો ઉરલ- દુગંતો-ઔદારિકદ્વિકનો અંત કરે, દેસે-દેશવિરતિએ, સત્તટ્ઠી=સડસઠ; તિઅ=ત્રીજા પ્રત્યાખ્યાનીય, કસાયતો=

કષાયનો અંત (કરે) તીઅ—કસાયંતો=ત્રીજા કષાયનો અંત કરવાથી. ૬.

ગાથાર્થ:—

જિનનામકર્મ, અને આયુષ્યોનો બંધ કરવાથી અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનકે સત્યોત્તેર વજ્રઋષભનારાચ સંઘયણ, મનુષ્યત્રિક, બીજા કષાય; અને ઔદારિકદ્વિકનો અંત થવાથી દેશવિરતિ ગુણસ્થાનકે સડસઠ. ત્રીજાકષાયનો અંત કરવાથી-૬.

વિશેષાર્થ:-અવિરત સમ્યક્ત્વગુણઠાણે સિત્તોતેર બાંધે, તે કેમ? જિનનામ ૧, મનુષ્યઆયુ: ૨, દેવાયુ: ૩, એ ત્રણ ૭૪માં ભેળવીએ એટલે ૭૭ થાય.

કેમકે-જિનનામનો બંધ તો સમ્યક્ત્વ પ્રત્યયિક જ છે, તે માટે કોઇક ઇહા બાધે અને સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય કે તિર્યંચ: દેવાયુજ બાધે, (તથા-દેવ અને નારક મનુષ્યાયુ બાંધે) તે માટે.

વળી, વજ્રઋષભનારાચ સંઘયણ ૧, મનુષ્યગતિ, મનુષ્યાયુ, મનુષ્યાનુપૂર્વી, એ નરત્રિક ૩: બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કષાય ક્રોધ, માન, માયા અને લોભ: તથા ઔદારિક શરીર, અને ઔદારિકાંગોપાંગ, ૨: એ દશનો અંત કરીએ, તે વારે-દેશવિરતિ ગુણઠાણે સડસઠ ૬૭ બંધાય, એ દશ દેશવિરતિ ન બાધે, તે માટે.

વળી, ત્રીજા પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન માયા, લોભ: એ ચારનો અંત કરીએ-ટાળીયે, તે વારે-॥૬॥

પ્રમત્ત ગુણસ્થાનકે—

तेवट्ठि पमत्ते, सोग अरइ अथिर-दुग अ-जस अ-स्सायं ।
वुच्छिज्ज छच्च सत्त व नेइ सुराउं जया निट्ठं ॥७॥

શબ્દાર્થ:—તેવટ્ઠિ=ત્રેસઠ પમત્તે=પ્રમત્ત ગુણસ્થાનકે સોગ=શોક મોહનીય, અરઇ=અરતિ મોહનીય: અથિર-દુગ=અસ્થિરદ્વિક: અજસ=અયશ નામકર્મ; અસ્સાયં= અસાતા વેદનીય, વુચ્છિજ્જ=વિચ્છેદ પામે છચ્ચ=છ પ્રકૃતિ સત્ત=સાત. વ=અથવા સુરાઉં=સુરાયુને. જયા= જ્યારે. નિટ્ઠં=સંપૂર્ણતાએ નેઇ=પમાડે, પહોચાડે. બંધ સંપૂર્ણ કરે ૭

ગાથાર્થ:—

પ્રમત્તમાં ત્રેસઠ.

શોક: અરતિ: અસ્થિરદ્વિક: અપયશ: અસાતા-વેદનીય: એ છનો અથવા દેવાયુ: ને જો અહીં જ પૂરું કરે, તો સાતનો વિચ્છેદ થાય—૭.

વિશેષાર્થ:—પ્રમત્તગુણઠાણે ત્રેસઠ પ્રકૃતિનો બંધ હોય. ત્યાં શોક ૧, અરતિ ૨, અસ્થિરનામ ૧ અશુભ નામ ૨: એ અથિર દુગ. એવં ૪, અયશ ૫, અસા-તાવેદનીય ૬, એ છ પ્રકૃતિ વ્યુચ્છેદ પામે.

જો કોઇક પ્રમત્ત સંયત: દેવાયુ બાંધવા માંડે, અને સંપૂર્ણ કરી નિષ્ઠા (અંત) પમાડે, તો સાતનો અંત કરે.—॥ ૭ ॥

गुणसट्ठि अप्पमत्ते, सुराऽऽउ बंधंतु जइ इहाऽऽगच्छे ।
अन्नह अट्ठावन्ना, जं आहारग-दुगं बंधे ॥ ८ ॥

શબ્દાર્થ:-ગુણ-સટ્ઠિ=ઓગણસાઠ, અપ્પમત્તે=અપ્રમત્તે સુરાઽઽઉ=સુરાયુ. બંધંતુ=બાધતો. જઇ=જો. ઇહ=અહીં આગચ્છે=આવે તો, અન્નહ=અન્યથા, નહીંતર. અટ્ઠાવન્ના=અઠાવન, જં=જે કારણ માટે, આહાર-દુગં=આહારકદ્વિક બંધે=બાંધે, બંધમાં હોય. ૮.

ગાથાર્થ:—

કેમકે—બંધમાં આહારકદ્વિક હોય, એટલે-જો દેવનું આયુષ્ય બાંધતો બાંધતો આ ગુણઠાણે આવે, તો અપ્રમત્ત ગુણઠાણે ઓગણસાઠ, નહીંતર અઠ્ઠાવન. ૮.

વિશેષાર્થ:—ત્રેસઠમાથી પૂર્વોક્ત છ પ્રકૃતિનો અંત કરીને આહારકદ્વિક ભેળવીએ, ત્યારે ઓગણસાઠ પ્રકૃતિ અપ્રમત્ત ગુણઠાણે બંધાય.

દેવતાનું આયુ: તો પ્રમત્ત જ બાધવા માડે, પણ અપ્રમત્ત બાધવા ન માડે, કેમકે-તે તો અતિ વિશુદ્ધ છે, અને સ્થિર પરિણામી છે. આયુ તો ઘોલના પરિણામે જ બંધાય તે માટે-કોઈક પ્રમત્તે જ તે આયુ બાધી રહે અને કોઈક તે બાધતો જ અપ્રમત્ત ગુણઠાણે આવે, અને તિહાં પૂરું કરે, ત્યારે અપ્રમત્તે પણ દેવાયુનો બંધ કહીયે-

ત્યારે, છ નો અંત, અને આહારકદ્વિક મેળવતાં ૫૯ બાંધે.

અન્યથા, **પ્રમત્ત** થકોજ દેવાયુ બાંધી રહ્યો હોય, અથવા, દેવાયુ બાંધતો જ ન હોય, ત્યારે ૬૩ માથી ૭ કાઢીએ અને બે ભેળવીએ, ત્યારે ૫૮ બાંધે.

જે માટે—

આહારક શરીર ૧, આહારકાંગોપાંગ ૨,

એ બે પ્રકૃતિ **અપ્રમત્તજ** બાંધે, પણ **પ્રમત્ત** ન બાંધે. ॥ ૮ ॥

૮ મે અપૂર્વકરણ સ્થાનકેઃ—

अडवन्न अपुव्वाइम्मि निद-दुगंतो छपन्न पण-भागे ।
सुर दुग-पणिंदि-सुखगइ-तस-नव-उरल-विणु-तणुवंगा ॥९॥
समचउर-निमिण-जिण-वन्न-अगुरुलहु-चउ छलंसि तीसंतो ।
चरमे छ-वीस-बंधो हास-रइ-कुच्छ-भय-भेओ ॥१०॥

શબ્દાર્થઃ—અડવન્ન=અઠાવન. અપુવ્વા-ऽऽઇમ્મિ=અપૂર્વકરણના પ્રથમ ભાગે. નિદ્દ-દુગ તો=નિદ્રાદ્વિકનો અંત કરે, છપન્ન=છપ્પનનો બંધ, પણ-ભાગે=પાંચ ભાગે, સુર-દુગ=સુરદ્વિક, પણિંદિ=પંચેંદ્રિય જાતિ, સુખગઇ=શુભ વિહાયોગતિ, તસ-નવ=ત્રસ-નવક; ઉરલ-વિણુ=ઔદારિક વિના, તણુ=શરીર ચાર, ઉવંગા=ઉપાંગ-વૈક્રિય અંગોપાંગ તથા આહારક અંગોપાંગ. ૯.

સમ-ચઉર=સમચતુરસ્ર સંસ્થાન, નિમિણ=નિર્માણ નામ, જિણ=જિન નામઃ વન્ન=વર્ણચતુષ્કઃ અ-ગુરુ-લહુ-ચઉ=અગુરુલઘુ ચતુષ્કઃ છલંસિ=છઠે ભાગેઃ તીસંતો=

ત્રીશનો અંત થવાથી: ચરમે=છેલ્લે ભાગે: છવ્વીસ-બંધો =છવ્વીસનો બંધ: હાસ-રઈ-કુચ્છ-ભય=હાસ્ય: રતિ: દુગંછા: અને ભયનો. ભેઓ=અંત-નાશ થવાથી. હાસ-રઇ-કુચ્છ-ભય-ભેઓ=હાસ્ય, રતિ, દુગંચ્છા, અને ભયનો અંત થવાથી. ૧૦.

ગાથાર્થ:—

અપૂર્વકરણના શરૂઆતના ભાગમાં અઠ્ઠાવન, નિદ્રા દ્વિકનો અંત થવાથી પાંચ ભાગ સુધી છપન્ન, દેવ-દ્વિક: પંચેન્દ્રિયજાતિ: શુભવિહાયોગતિ· ત્રસનવક: ઔદારિક સિવાયના શરીરો અને અંગોપાંગો: ૯.

સમચતુરસ્ર સંસ્થાન: નિર્માણ નામકર્મ: તીર્થંકર નામકર્મ: વર્ણાદિચતુષ્ક: અગુરુલઘુ ચતુષ્ક: એ ત્રીશનો છટ્ઠે ભાગે અંત કરવાથી, છેલ્લે ભાગે છવ્વીશ. હાસ્ય: રતિ: જુગુપ્સા: અને ભયનો અંત કરવાથી-૧૦.

વિશેષાર્થ :—હવે અપૂર્વકરણ ગુણઠાણાના સાત ભાગ કરીએ, તેમાં—

પહેલે ભાગે એ જ પૂર્વોક્ત ૫૮ પ્રકૃતિ બાંધે.

એ અઠ્ઠાવન માંહેથી—નિદ્રા ૧, પ્રચલા ૨,

એ બેનો અંત કરીએ, ત્યારે-બીજો, ત્રીજો, ચોથો, પાંચમો અને છઠ્ઠો એ પાચ ભાગને વિષે છપ્પન-૫૬ પ્રકૃતિનો બંધ હોય. દેવગતિ ૧, દેવાનુપૂર્વી ૨ એ દેવદ્વિક; પચેંદ્રિય જાતિ ૧, શુભવિહાયોગતિ ૧, ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, પ્રત્યેક ૪, સ્થિર ૫, શુભ ૬, સુભગ ૭, સુસ્વર

૮, આદેય ૯ એ ત્રસ નવક, ઔદારિક વિના વૈક્રિય ૧, આહારક ૨, તૈજસ ૩, કાર્મણ ૪, એ ચાર શરીર અને વૈક્રિયોપાગ ૧, આહારકોપાંગ ૨ એ બે ઉપાગ, સમચતુરસ્ર સંસ્થાન ૧, નિર્માણનામ ૧, જિનનામ ૧; વર્ણ ૧, ગંધ ૨, રસ ૩. સ્પર્શ ૪ એ વર્ણચતુષ્ક, અગુરુલઘુચતુષ્ક તે અગુરુલઘુ ૧, ઉપઘાત ૨, પરાઘાત ૩, ઉશ્વાસ ૪ એ ચાર, એમ ત્રીશ પ્રકૃતિનો છઠ્ઠા ભાગને છેડે છપ્પન-૫૬ માહેથી અંત કરીએ, ત્યારે-છેલ્લે-**સાતમે** ભાગે છવ્વીસ ૨૬ પ્રકૃતિનો બંધ હોય.

હવે, તે છવ્વીસ માહેથી—

હાસ્ય ૧, રતિ ૨, જુગુપ્સા ૩, અને ભય ૪.

એ ચારનો ભેદ એટલે અંત કરીએ, ત્યારે—॥૯. ૧૦॥

૯. મેઃ અને ૧૦ મે ગુણસ્થાનકે :-

अ-निअट्टि-भाग—पणगे इगेग—हीणो दु-वीस-विह—बंधो ।
पुम संजलण-चउण्हं कमेण छेओ सतर सुहुमे ॥११॥

શબ્દાર્થ :—**અનિઅટ્ટિ**=અનિવૃત્તિનાઃ **ભાગપણગે**=પાચ ભાગેઃ **અનિયટ્ટિ-ભાગ-પણગે**=અનિવૃત્તિના પાંચ ભાગમા **ઇગેગહીણો**=એકેક પ્રકૃતિ ઓછી થવાથીઃ **દુ-વીસ-વિહ-બંધો**=બાવીશ પ્રકૃતિનો બંધ હોય **પુમ**=પુરુપવેદઃ **સંજલણ**=સંજ્વલન **ચઉણ્હં**=ચતુષ્ક. **સંજલણ-ચઉણ્હં**=સંજ્વલનચતુષ્કનો. **કમેણ**=અનુક્રમે. **છેઓ**=છેદ થવાથી. **સતર**=સત્તરઃ **સુહુમે**=સૂક્ષ્મસંપરાય ગુણઠાણે.

ઉચ્ચૈર્ગોત્ર જસ-યશ નામકર્મ: નાણુ=જ્ઞાનાવરણીય અને વિગ્ઘ=પાંચ અંતરાય. દસગં=એ દશક. ચઉ-દંસણુચ્ચ-જસ નાણુ-વિગ્ઘ-દસગં=ચાર દર્શન ઉચ્ચગોત્ર યશનામ-કર્મ: જ્ઞાનાવરણીય અને અંતરાય દશક. તિ-ઇતિ, એ પ્રમાણે, સોલસ-સોલનો. ઉચ્છેઓ=વિચ્છેદ હોવાથી: તિસુ=ત્રણ ગુણઠાણે સાય-બંધ=સાતાવેદનીયનો બધ: છેઓ=છેદ થાય: સ-જોગિ=સયોગિને અંતે. બંધંતુ=સાતા-વેદનીયના બંધનો અંતઃ અણંતો=અનંતો ૧૨.

ગાથાર્થ:—

ચાર દર્શન. ઉચ્ચગોત્ર: યશનામકર્મ. જ્ઞાનાવરણીય અને અંતરાય દશકઃ એમ સોળ પ્રકૃતિઓનો અંત થાય છે, એટલે ત્રણને વિષે સાતાવેદનીયનો બંધ હોય છે.

સજોગિમાં (તેનો પણ) છેદ થવાથી બંધનો અનંત અંત થાય છે. ૧૨.

વિશેષાર્થ:—ચક્ષુ. અચક્ષુ: ૨. અવધિ ૩, અને કેવળ ૪, એ ચાર દર્શનાવરણીય

ઉચ્ચૈર્ગોત્ર ૧, યશનામ ૧, જ્ઞાનાવરણીય પાંચ: અને અંતરાય પાંચ મળી દશ,

એમ સર્વ મળીને સોળ પ્રકૃતિનો સાંપરાયિક બંધ છે, તે માટે, દશમાને અંતે છેદ થાય, કેમકે-આગળ સાંપરાયિક બંધ નથી.

ઉપશાન્તમોહ ૧, ક્ષીણમોહ ૨, અને સયોગી ૩, એ ત્રણ ગુણઠાણે કેવળ યોગપ્રત્યયિક-એક **સાતાવેદનીયનો** બંધ છે. તે પણ બે સમયની સ્થિતિનો છે.

એક સમયે બાંધે. બીજે સમયે વેદે. અને ત્રીજે સમયે નિર્જરે. તે **સયોગિ ગુણઠાણાને** અંતે **સાતાવેદનીયના** બંધનો પણ અંત કરે, તે અંત, અનંતો છે; એટલે-હવે ફરી કોઈ વારે બાંધશે નહીં. ॥ ૧૨ ॥

इति बन्धाधिकारः संपूर्णः

૨. ઉદય

૨. ઉદયની વ્યાખ્યાઃ ઓઘઃ અને પ્રથમ ગુણસ્થાનકેઃ પ્રકૃતિઓ–

उदओ विवाग-वेअणमुदीरणम-पत्ति, इह दु-वीस-सयं ।
सतर-सयं मिच्छे मीस-सम्म-आहार-जिण-ऽणुदया ॥ १३ ॥

શબ્દાર્થઃ-ઉદઓ=ઉદય (તે): **વિવાગ**=વિપાક (કાળે), અનુભવ વડે, **વેઅણં**=વેદવું, **ઉદીરણં**=ઉદીરણા (તે) અપત્તિ=(કાળ) અણ પહોંચ્યે, ખેંચીને વેદવું: ઇહ=અહીં; ઉદય-ઉદીરણામાં: **દુ-વીસ-સયં**=એકસો બાવીશ: **સત્તર-સયં**=એકસો સત્તર: **મિચ્છે**=મિથ્યાત્વે. **મીસ**=મિશ્ર મોહનીયનો: **સમ્મ**=સમ્યક્ત્વ મોહનીયનો: **આહાર**=આહારકદ્વિકનો: **જિણ**=જિનનામ કર્મનો: **અણુદયા**=ઉદય ન હોવાથી

બંધયંત્રયમ્.

૪૧	ગુણસ્થાનેષુ	મૂલપ્રકૃતિ	ઉત્તરપ્રકૃતિ	જ્ઞાના૦	દર્શના૦	વેદનીય	મોહનીય	આયુઃ	નામકર્મ	ગોત્ર	અંતરાય	અબંધ
	ઓઘે	૮	૧૨૦	૫	૯	૨	૨૬	૪	૬૭	૨	૫	૦
૧	મિથ્યાત્વે	૮	૧૧૭	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫	૩
૨	સાસ્વાદને	૮	૧૦૧	૫	૯	૨	૨૪	૨	૫૧	૨	૫	૧૯
૩	મિશ્રે	૭	૭૪	૫		૨	૧૯	૦	૩૬	૧	૫	૪૬
૪	અવિરતે	૮	૭૭	૫	૬	૨	૧૯	૨	૩૭	૧	૫	૪૩
૫	દેશવિરતે	૮	૬૭	૫	૬	૨	૧૫	૧	૩૨	૧	૫	૫૩
૬	પ્રમત્તસંયતે	૮	૬૩	૫	૬	૨	૧૧	૧	૩૨	૧	૫	૫૭
૭	અપ્રમત્તે	૮/૭	૫૯/૫૮	૫	૬	૧	૯	૧/૦	૩૧	૧	૫	૬૧/૬૨
૮	ભાગ ૧	૭	૫૮	૫	૬	૧	૯	૦	૩૧	૧	૫	૬૨
અનિવૃત્તિબા. ૫. ૯ અપૂર્વકરણના ૭	૨	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫	૬૪
	૩	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫	૬૪
	૪	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫	૬૪
	૫	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫	૬૪
	૬	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫	૬૪
	૭	૭	૨૬	૫	૪	૧	૯	૦	૧	૧	૫	૯૪
	ભાગ ૧	૭	૨૨	૫	૪	૧	૫	૦	૧	૧	૫	૯૮
	૨	૭	૨૧	૫	૪	૧	૪	૦	૧	૧	૫	૯૯
	૩	૭	૨૦	૫	૪	૧	૩	૦	૧	૧	૫	૧૦૦
	૪	૭	૧૯	૫	૪	૧	૨	૦	૧	૧	૫	૧૦૧
	૫	૭	૧૮	૫	૪	૧	૧	૦	૧	૧	૫	૧૧૨
૧૦	સૂક્ષ્મસંપ૦	૬	૧૭	૫	૪	૧	૦	૦	૧	૧	૫	૧૦૩
૧૧	ઉપશાંત૦	૧	૧	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧૧૯
૧૨	ક્ષીણમોહે	૧	૧	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧૧૯
૧૩	સયોગિ૦	૧	૧	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧૧૯
૧૪	અયોગિ૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧૨૦

મીસ-સમ્મ-આહાર-જિણુડ-ણુદયા=મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય, આહારકદ્વિક અને જિનનામકર્મનો અનુદય થવાથી ૧૩.

ગાથાર્થ:—

વિપાકે વેદવું, તે ઉદય: અપ્રાપ્ત (વિપાકે) વેદવું તે ઉદીરણા: એ બન્નેયમાં એકસો બાવીશ (પ્રકૃતિઓ) હોય.

મિશ્રમોહનીય: અને સમ્યક્ત્વ મોહનીય: આહારકદ્વિક. અને જિનનામકર્મ:નો અનુદય થવાથી મિથ્યાત્વગુણસ્થાનકે એકસો સત્તર: હોય. ૧૩.

વિશેષાર્થ.—હવે ઉદય કહે છે-

વિપાકે-અનુભવવે કરીને કર્મ્મનું વેદવું-ભોગવવું. તે ઉદય કહીયે.

કર્મ્મપુદ્ગળ યથાસ્થિતિએ બાંધ્યા અને ઉદયપ્રાપ્ત ન થયા હોય, તેને ઉદયે આણવા, તે ઉદીરણા કહીયે.

એ ઉદયે અને ઉદીરણાએ ઓઘે-સામાન્યપણે-એકસો બાવીશ પ્રકૃતિઓ હોય. તે કઇ ?

જ્ઞાનાવરણીય ૫. વેદનીય ૨. આયુ: ૪. ગોત્ર ૨. દર્શનાવરણીય ૯. મોહનીય ૨૮. નામકર્મ ૬૭. અંતરાય ૫. એ રીતે ૧૨૨;

તેમા-મિથ્યાત્વગુણઠાણે એકસો સત્તરનો ઉદય હોય, અને પાચનો ન હોય

તે પાચ કઈ?

મિશ્રમોહનીય ૧, સમ્યક્ત્વમોહનીય ૨, આહારકદ્વિક ૪, જિનનામ ૫, એ પાંચનો ઉદય ન હોય. તેનુ કારણ એ કે-

મિશ્રનો ઉદય તો મિશ્રગુણઠાણેજ હોય.

સમ્યક્ત્વ (મોહનીય)નો ઉદય ચોથાથીજ હોય

આહારકદ્વિકનો ઉદય તો પ્રમત્તગુણઠાણે જ હોય.

જિનનામનો ઉદય તેરમે અને ચૌદમે ગુણઠાણે જ હોય. તે માટે-અહી મિથ્યાત્વે ન હોય. ૧. ॥ ૧૩ ॥

૨ જે ગુણસ્થાનકે :—

सुहुम-तिगा-ऽऽयव मिच्छं मिच्छंतं सासणे इगार-सयं ।
निरया-ऽणुपुव्वि-ऽणुदया अण-थावर-इग-विगल-अंतो ॥१४॥

શબ્દાર્થ:—સુહુમ-તિગ=સૂક્ષ્મત્રિક. આયવ=આતપ નામ મિચ્છં=મિથ્યાત્વ મોહનીય. મિચ્છંતં=મિથ્યાત્વ ગુણઠાણે અંત થાય: સાસણે=સાસ્વાદને. ઇગાર-સયં= એકસો અગિયાર. નિરયા-ઽણુપુવ્વિ-ઽણુદયા=નારકાનુપૂર્વિનો. અનુદય હોવાથી: અણ=અનંતાનુબંધિ ચાર: થાવર=સ્થાવર નામ: ઇગ=એકેંદ્રિય જાતિ: વિગલ=વિકલેંદ્રિય જાતિનો: અંતો=અંત હોય: ૧૪.

વિશેષાર્થ:—અને મિશ્રગુણઠાણે—

તિર્યગાનુપૂર્વી ૧, મનુષ્યાનુપૂર્વી ૨. દેવાનુપૂર્વી ૩. એ ત્રણય આનુપૂર્વીનો પણ ઉદય ન હોય.

કેમકે- મિશ્રમાં મરે નહીં, અને આનુપૂર્વીનો ઉદય તો વિગ્રહગતિએ જ હોય. તે માટે ૧૧૧ માથી બાર કાઢીએ, અને મિશ્રમોહનીયનો ઉદય મિશ્ર ગુણઠાણેજ હોય, તે માટે-તે એક ભેળવીએ, ત્યારે ૧૦૦ સો પ્રકૃતિનો ઉદય મિશ્ર ગુણઠાણે હોય, ૩.

હવે, મિશ્રમોહનીયનો અંત કરીએ, અને સમ્યક્ત્વ મોહનીય અને ચાર આનુપૂર્વી ક્ષેપવીએ (ભેળવીએ), ત્યારે અવિરતિ ગુણઠાણે એકસો ચારનો ઉદય હોય.

અવિરતિ સમ્યગ્દષ્ટિ મરીને ચારેય ગતિએ જાય, ત્યારે વાટે (રસ્તામાં) ચારેય આનુપૂર્વી ઉદયે આવે. ૪.

હવે, દેશવિરતિ ગુણઠાણે બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કપાય એટલે અપ્રત્યાખ્યાનીય ક્રોધ, અપ્રત્યાખ્યાનીય માન, અપ્રત્યાખ્યાનીય માયા, અપ્રત્યાખ્યાનીય લોભ. એ ૪—॥૧૫॥

૫ મે ૬ઠે અને ૭ મે ગુણસ્થાનકે.—

मणु तिरि-ऽणुपुव्वि-विउव-ऽट्ठ-दुहग-अणाइज्ज-दुग-सतर-छेओ ।
सगसीइ देसि—तिरि—गइ—आउ निउज्जोअ ति-कसाया ॥१६॥
अट्ठ—च्छेओ इगसी पमत्ति आहार—जुअल—पक्खेवा ।
थीण-तिगा-ऽऽहारग-दुग-छेओ छ—स्सयरि अ—पमत्ते ॥१७॥

શબ્દાર્થ :—માનુ-તિરિ=મનુષ્ય અને તિર્યંચની. આણુપુવ્વિ=આનુપૂર્વી. વિઉવ્વટ્ઠ=વૈક્રિયાષ્ટક. દુહગ=દૌર્ભાગ્ય. અણાઈજ્જ-દુગ=અનાદેયદ્વિક. સત્તર-છેઓ=સત્તરનો વિચ્છેદ. સગસીઇ=સત્યાશી દેસિ=દેશવિરતિએ. તિરિ-ગઇ-આઉ=તિર્યંચગતિ, તિર્યંચાયુ. નિ=નીચગોત્ર ઉજ્જોઅ=ઉદ્યોતનામ. તિ=ત્રીજા (પ્રત્યાખ્યાનીય) કસાયા=કષાયો, (કષાયની ચોકડી) અટ્ઠ-ચ્છેઓ=આઠનો વિચ્છેદ. ઇગસી=એકાશી. પમત્તિ=પ્રમત્ત ગુણઠાણે આહાર-જુઅલ=આહારક યુગલને પક્ખેવા=પ્રક્ષેપવાથી. થીણ-તિગ=થીણદ્ધિત્રિક. આહારગ-દુગ=આહારકદ્વિક. છેઓ=વિચ્છેદ થાય છસ્સયરિ=છોતેર અ-પમત્તે=અપ્રમત્ત ગુણઠાણે. ૧૭

ગાથાર્થ :—

મનુષ્યઃ અને તિર્યંચઆનુપૂર્વીઃ વૈક્રિયાષ્ટકઃ દુર્ભગઃ અને અનાદેયદ્વિકઃ એ સત્તરનો અંત થવાથી દેશવિરતિ ગુણસ્થાનકે સત્યાશી (પ્રકૃતિઓ) હોય.

તિર્યંચ ગતિઃ અને આયુષ્યઃ નીચગોત્રઃ ઉદ્યોત નામકર્મઃ ત્રીજા કષાયો—૧૬

એ આઠનો અંત થવાથી અને આહારકદ્વિક ઉમેરવાથી એક્યાશી પ્રમત્તગુણસ્થાનકે હોય.

થિણદ્ધિત્રિક. અને આહારકદ્વિકઃનો અંત થવાથી અપ્રમત્ત ગુણસ્થાનકે છોંતેર હોય. ૧૭

વિશેષાર્થઃ—મનુષ્યાનુપૂર્વી ૧, તિર્યંચાનુપૂર્વીનો

(૧૭) કાઢીએ, ત્યારે-દેશવિરતિ ગુણઠાણે સત્યાસી (૮૭)નો ઉદય હોય. ૫ હવે—

તિર્યંચની ગતિ ૧, તિર્યંચનું આયુ ૨:

એહને તો જાતિ સ્વભાવે જ **પ્રમત્ત** ગુણઠાણું ન હોય,

અને **નીચૈર્ગોત્ર** તો ગુણપ્રત્યયે **પ્રમત્તને** ન હોય,

ઉદ્યોત નામ તો **તિર્યંચમાં** જ હોય,

અને **ત્રીજા પ્રત્યાખ્યાનીય** કષાય તો **સર્વવિરતિના** ઘાતક છે

તે માટે એ આઠનો છેદ કરીએ-૮૭ માહેથી ૮ કાઢીએ, અને **આહારકદ્વિક** ભેળવીએ, ત્યારે છટ્ઠે **પ્રમત્ત સંયત** ગુણઠાણે ૮૧ પ્રકૃતિનો ઉદય હોય.

આહારકદ્વિક તો **પ્રમત્ત સંયતજ** કરે, તે માટે છટ્ઠેજ ઉદયે હોય ૬ વળી—

નિદ્રાનિદ્રા ૧, પ્રચલાપ્રચલા ૨, થીણદ્ધિ ૩, એ થીણદ્ધિત્રિક અને **આહારકદ્વિક:**

એ પાંચનો ૮૧ માહેથી છેદ કરીએ, ત્યારે **અપ્રમત્ત** ગુણઠાણે **છોંતેર** ૭૬નો ઉદય હોય.

એ પાંચ પ્રકૃતિ પ્રમાદ રૂપ છે, તે માટે તે **અપ્રમત્તને** ન હોય.

યદ્યપિ-**આહારક શરીર** તો **પ્રમત્ત સાધુ** કરે, પણ પછી વિશુદ્ધ પરિણામે **આહારકવંત** થકો **અપ્રમત્ત** ગુણ-

(૧૭) કાઢીએ, ત્યારે–દેશવિરતિ ગુણઠાણે સત્યાશી (૮૭)નો ઉદય હોય. ૫ હવે—

તિર્યંચની ગતિ ૧, તિર્યંચનું આયુ ૨:

એહને તો જાતિ સ્વભાવે જ **પ્રમત્ત** ગુણઠાણું ન હોય,

અને **નીચૈર્ગોત્ર** તો ગુણપ્રત્યયે **પ્રમત્તને** ન હોય,

ઉદ્યોત નામ તો **તિર્યંચમાં** જ હોય,

અને **ત્રીજા પ્રત્યાખ્યાનીય** કષાય તો **સર્વવિરતિના** ઘાતક છે

તે માટે એ આઠનો છેદ કરીએ–૮૭ માહેથી ૮ કાઢીએ, અને **આહારકદ્વિક** ભેળવીએ, ત્યારે છટ્ઠે **પ્રમત્ત સંયત** ગુણઠાણે ૮૧ પ્રકૃતિનો ઉદય હોય.

આહારકદ્વિક તો **પ્રમત્ત સંયતજ** કરે, તે માટે છટ્ઠેજ ઉદયે હોય ૬ વળી—

નિદ્રાનિદ્રા ૧. પ્રચલાપ્રચલા ૨, થીણદ્ધિ ૩, એ થીણદ્ધિત્રિક અને **આહારકદ્વિક:**

એ પાંચનો ૮૧ માહેથી છેદ કરીએ, ત્યારે **અપ્રમત્ત** ગુણઠાણે છોંતેર ૭૬નો ઉદય હોય.

એ પાંચ પ્રકૃતિ પ્રમાદ રૂપ છે, તે માટે તે **અપ્રમત્તને** ન હોય.

યદ્યપિ–**આહારક શરીર** તો **પ્રમત્ત સાધુ** કરે, પણ પછી વિશુદ્ધ પરિણામે **આહારકવંત** થકો **અપ્રમત્ત** ગુણ-

ઠાણે આવે, ત્યારે **અપ્રમત્તને** પણ **આહારકનો** ઉદય હોય પણ અલ્પકાલીન, માટે–આચાર્યે–વિવક્ષ્યું નથી. ૭. ૧૬-૧૭

૮ માઃ ૯ માઃ ૧૦ માઃ અને ૧૧ઃ ગુણસ્થાનકેઃ—

सम्मत्तंतिम–संघयण–तिअग–च्छेओ बिसत्तरि अ-पुव्वे ।
हासा-ऽऽइ–छक्क–अंतो छसट्ठि अनिअट्टि वेअ–तिगं ॥१८॥
संजलण–तिगं छ–छेओ सट्ठी सुहुमंमि तुरिअलोभंतो ।
उवसंत–गुणे गुण–सट्ठि रिसह–नाराय-दुग-अंतो ॥१९॥

શબ્દાર્થ :—સમ્મત્ત=સમકિત મોહનીય **અંતિમ**=છેલ્લાં. **સંઘયણ–તિયગ**=સંઘયણત્રિકનો. **ચ્છેઓ**=વિચ્છેદ **સમત્તંતિમ–સંઘયણ–તિયગ–ચ્છેઓ**=સમ્યક્ત્વ મોહનીય અને છેલ્લા ત્રણ સંઘયણોનો વિચ્છેદ **બિસત્તરિ**=બહોતેર. **અ–પુવ્વે**=અપૂર્વકરણે. **હાસાઇ**=હાસ્યાદિ. **છક્ક**=ષટ્કનો. **અંતો**=અંત. **હાસા–ऽऽइછક્ક–અંતો**=હાસ્યાદિ છનો અંત. **છસટ્ઠિ**=છાસઠ. **અનિઅટ્ટિ**=અનિવૃત્તિગુણઠાણે **વેઅ–તિગં**=વેદત્રિક ૧૮

સંજલણ–તિગં=સંજ્વલનત્રિક. **છ–ચ્છેઓ**=છનો વિચ્છેદ. **સટ્ઠી**=સાઠ. **સુહુમંમિ**=સૂક્ષ્મ સંપરાયે **તુરિય**=ચોથા. **લોભંતો**=લોભનો અંત. **ઉવસંત–ગુણે**=ઉપશાંતમોહ ગુણઠાણે **ગુણસટ્ઠિ**—ઓગણસાઠ. **રિસહનારાય–દુગ–અંતો**=ઋષભનારાચદ્વિકનો અંત (થાય) ૧૯.

શબ્દાર્થઃ

સમ્યક્ત્વ મોહનીયઃ અને છેલ્લા ત્રણ સંઘયણ

નો અંત થવાથી અપૂર્વકરણગુણસ્થાનકે બોંતેર.

હાસ્યાદિષટ્કનો અંત થાય, ત્યારે-અનિવૃત્તિ ગુણસ્થાનકે છાસઠ. વેદત્રિકઃ—૧૮

સંજ્વલનત્રિકઃ એ છનો અંત થાય, ત્યારે-સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે સાઠ.

ચોથા લોભનો અંત થવાથી ઉપશાંતમોહગુણ-સ્થાનકે ઓગણસાઠ.

ઋષભનારાચદ્વિકનો અંત થવાથી—૧૯

વિશેષાર્થ:—સમ્યક્ત્વ મોહનીય ૧,

અંતિમ એટલે છેલ્લા ૩ સંઘયણ—

અર્દ્ધનારાચ ૧, કીલિકા ૨, છેવઠું ૩.

એ ચાર પ્રકૃતિ ૭૬ છોતેર માંહેથી બાદ કરીએ, ત્યારે અપૂર્વકરણ ગુણઠાણે બ્હોતેર પ્રકૃતિનો ઉદય હોય.

સમ્યક્ત્વ મોહનીય ઉપશમાવે તથા ક્ષય કરે, ત્યારે જ શ્રેણિએ ચઢે. ત્યાં-ઔપશમિક તથા ક્ષાયિક સમ્યક્ત્વ હોય, તે અપૌદ્ગલિક છે. તે માટે-સમ્યક્ત્વમોહ-નીય ન હોય, અને છેલ્લા ત્રણ સંઘયણવાળા તો મંદ વિશુ-દ્ધિવાળા હોય, માટે શ્રેણિએ ચઢે જ નહિ, તે માટે છેલ્લા ત્રણ સંઘયણ ન હોય ૮.

હાસ્ય ૧, રતિ ૨, અરતિ ૩, શોક ૪, ભય ૫, જુગુપ્સા ૬. એ. હાસ્યાદિ ષટ્ક સંકિલષ્ટપરિણામરૂપ છે,

ઉદીરણા-યંત્ર

૧૪	ગુણસ્થાનકે	મૂલપ્રકૃતિ	ઉત્તરપ્રકૃતિ	જ્ઞાનાવરણ	દર્શનાવરણ	વેદનીય	મોહનીય	આયુ	નામકર્મ	ગોત્રકર્મ	અંતરાય	વિચ્છેદ
	ઓઘે	૮	૧૨૨	૫	૯	૨	૨૮	૪	૬૭	૨	૫	૦
૧	મિથ્યાત્વે	૮	૧૧૭	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫	૫
૨	સાસ્વાદન	૮	૧૧૧	૫	૯	૨	૨૫	૪	૫૯	૨	૫	૧૧
૩	મિશ્રે	૮	૧૦૦	૫	૯	૨	૨૨	૪	૫૧	૨	૫	૨૨
૪	અવિરતે	૮	૧૦૪	૫	૯	૨	૨૨	૪	૫૫	૨	૫	૧૮
૫	દેશવિરતે	૮	૮૭	૫	૯	૨	૧૮	૨	૪૪	૨	૫	૩૫
૬	પ્રમત્ત સયતે	૮	૮૧	૫	૯	૨	૧૪	૧	૪૪	૧	૫	૪૧
૭	અપ્રમત્ત સયતે	૬	૭૩	૫	૬	૦	૧૪	૦	૪૨	૧	૫	૪૯
૮	અપૂર્વ કરણે	૬	૬૯	૫	૬	૦	૧૩	૦	૩૯	૧	૫	૫૩
૯	અનિવૃત્ત	૬	૬૩	૫	૬	૦	૭	૦	૩૯	૧	૫	૫૯
૧૦	સૂક્ષ્મ સંપરાગે	૬	૫૭	૫	૬	૦	૧	૦	૩૯	૧	૫	૬૫
૧૧	ઉપશાંત મોહે	૫	૫૬	૫	૬	૦	૦	૦	૩૯	૧	૫	૬૬
૧૨	ક્ષીણમોહે	૫	૫૪/૫૨	૫	૬/૪	૦	૦	૦	૩૭	૧	૫	૬૮/૭૦
૧૩	સયોગિ કેવલી	૨	૩૯	૦	૦	૦	૦	૦	૩૮	૧	૦	૮૩
૧૪	અયોગિ કેવલી	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧૨૨

૪. સત્તા

સત્તાની વ્યાખ્યા: ઉપશાંતમોહ ગુણસ્થાનક સુધી: અને બીજા–ત્રીજા:માં સત્તા:

सत्ता कम्माण ठिई बंधाऽऽइ–लद्ध–अत्त–लाभाणं ।
संते अडयाल-सयं जा उवसमु, वि–जिणु बिअ-तइए ॥२५॥

શબ્દાર્થ—સત્તા=સત્તા· કમ્માણ=કર્મોની: ઠિઈ=સ્થિતિ, અવસ્થાન. બંધા–ઽઽઇ=બંધ આદિએ કરી· લદ્ધ=પ્રાપ્ત કર્યું છે. અત્ત=આત્મ, પોતાનુ: લાભ=સ્વરૂપ: બંધા–ઽઽઇ–લદ્ધ-અત્ત-લાભાણં=બંધાદિકે કરી પ્રાપ્ત કરેલ છે સ્વ–સ્વરૂપ જેઓએ: સંતે=સત્તામા· અડયાલ–સયં=એકસો અડતાલીસ. જા=યાવત્· ઉવસમુ=ઉપશાતમોહ ગુણઠાણું: વિ–જિણુ=જિનનામ વિના. બિઅ=બીજે: તઇએ=ત્રીજે. ૨૫.

ગાથાર્થ:—

બંધાદિકે કરીને જેઓએ પોતાનું (તે તે કર્મ તરીકેનું) સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે, તેવા કર્મોની વિદ્યમાનતા, તે સત્તા.

સત્તામાં ઉપશાંતમોહ (ગુણસ્થાનક) સુધી એકસો અડતાલીસ પ્રકૃતિઓ હોય છે,

બીજે અને ત્રીજે (ગુણસ્થાનકે) જિનનામકર્મ વિના (૧૪૭ની સત્તા) હોય છે. ૨૫

નરક અને તિર્યગાયું બાંધીને તો ઉપશમશ્રેણિ કરે નહિ, અને બંધ તથા ઉદય વિના તો આયુ.કર્મની સત્તા હોય નહિ તથા-છટ્ઠે કમ્મગ્રંથે પણ આયુઃ કમ્મના ભાગા કર્યા છે, ત્યા-૮-૯-૧૦-૧૧ ગુણઠાણે નરક-તિર્યગાયુની સત્તા નથી કહી. તો તે કેમ ઘટે? तत्रोत्तरं—

શ્રેણિએ નરકં અને તિર્યગાયુઃની સત્તા ઘટે તો નહિ, પણ કોઇક જીવ ઉપશમશ્રેણિથી પડીને ચારેય ગતિને પણ ફરસે, તે માટે-તે સંભવ સત્તાની વિવક્ષાએ ઈહાં ગ્રંથકારે સત્તા રાખી દીસે છે. [દર્શનસપ્તકને નહિ ખપાવનારા અવિરત સમ્યગદષ્ટિ વગેરેને ૧૪૮ ની સત્તા સંભવે છે.] ॥ ૨૫ ॥

ઉપશમશ્રેણિને આશ્રયિને-૮ માથી ૧૧ મા સુધી ૨ જો વિકલ્પ અને ક્ષાયિક સમ્યક્ત્વને આશ્રયિને-૪ થી ૭ મા સુધી ૨ જો વિકલ્પં

अपुव्वाऽऽइचउक्के अणतिरिनिरयाऽऽउविणु बियाल-सयं ।
सम्मा-इ-चउसु सत्तग-खयंमि इग-चत्त-सयमहवा-॥२६॥

શબ્દાર્થ —અપુવ્વા-ઽઽઇ-ચઉક્કે=અપૂર્વકરણાદિક ચાર ગુણઠાણે અણ-તિરિ-નિરયાઽઽયુ-વિણુ=અનંતાનુબંધીય-તિર્યંચ અને નારકીના આયુષ વિના બિયાલસયં= એકસો બેતાલીશ સમ્માઽઽઇચિઉસુ=સમ્યકત્વઆદિ ચાર ગુણઠાણે સત્તગ-ખયમ્મિ=સાતનો ક્ષય થયે ઇગ-ચત્ત-સયં=એકસો એકતાલીશઃ અહવા=અથવાઃ-૨૬.

ગાથાર્થ:—

અપૂર્વકરણાદિક ચાર ગુણસ્થાનકોમાં અનંતાનુબંધીયઃ તિર્યગાયુઃ નરકાયુઃ વિના એકસો બેતાલીશ.

સપ્તકનો ક્ષય થયો હોય. તો અવિરત સમ્યગ્દૃષ્ટિ વિગેરે ચાર ગુણસ્થાનકોમાં એકસો એકતાલીશ. અથવા—૨૬.

વિશેષાર્થ.—તથા, જેણે અનંતાનુબંધિયા ૪ ક્ષય કર્યા છે, દેવાયુ બાધ્યું છે, મનુષ્યાયુ વેદે છે, અને ઉપશમશ્રેણિએ ચઢે છે. તેહને અપૂર્વાદિક ૮, ૯, ૧૦, ૧૧, એ ચાર ગુણઠાણે—

અનંતાનુબંધી ૪, તિર્યગાયુઃ ૧, નરકાયુઃ ૧. એ ૭ વિના એકસો બેતાલીશની સત્તા હોય.

એ મોહનીયની ૨૪ પ્રકૃતિની સત્તાવાળો ઉપશમ-સમ્યક્ત્વી દેવગતિનો જનાર જાણવો.

અવિરતાદિ [૪, ૫, ૬, ૭] ચાર ગુણઠાણે અનંતાનુબંધીય ૪, અને સમ્યક્ત્વ ૧: મિશ્ર ૨: મિથ્યાત્વ ૩: એ ત્રણ મોહનીયઃ એવં ૭ સાતઃ પ્રકૃતિને ક્ષયે એકસો એકતાલીશની સત્તા હોય.

એ શ્રેણિ વિના ક્ષાયિક સમ્યક્ત્વીને જાણવી.

અથવા—॥ ૨૬ ॥

ક્ષપકશ્રેણિને આશ્રયીને નવમાના પહેલા ભાગ સુધી બીજો વિકલ્પઃ

"સૂત્રાર્થના એક પદની પણ અશ્રદ્ધા રાખે તો મિથ્યાદૃષ્ટિ સમજવો."

"સૂત્રમાં બતાવેલ એક પદ કે અક્ષરને જે અસદ્દહતો હો બાકી બધું સદ્દહતો હોય, તો પણ **જમાલિની** પેઠે મિથ્યાદૃષ્ટિ સમજવો, કેમકે—વાસ્તવિક રીતે પ્રભુના વચનમાં અવિશ્વાસ થવો તે મિથ્યાદૃષ્ટિ ગણાય."

પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ **નવતત્ત્વમાં** ટુંકામાં આપેલ વિશેષ **પાંચમા કર્મગ્રન્થમાં** આવશે.

બીજું ગુણસ્થાનક.

નદી ઘોલના—નદીમાં અથડાવું. **અનાભોગપણું**—ઈરાદા વિના. **યથાપ્રવૃત્તિકરણ** નામનું સમકિત પામતાં પહેલાંનું કરણ-આત્માનો પ્રયત્ન વિશેષ. ઘન—ઘણા અત્યંત. દુર્ભેદ્ય—ન ભેદાય તેવી ગાંઠ, અત્યન્ત તીવ્ર રસવાળું મિથ્યાત્વ મોહનીય કર્મ.

"જ્યાં સુધી ગાંઠ છે, ત્યાં સુધી પહેલું, તેનો ભેદ કરે, ત્યારે બીજું, અને જેની પછી તુરત જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લેવાય છે, તે વખતે ત્રીજું—અનિવૃત્તિકરણ હોય છે."

ઉપશમ સમકિત પામવાનો ક્રમ—

૧ અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવ—જે સમકિત પામવાનો હોય, તે ત્રણ કરણ કરે છે.

૧ યથાપ્રવૃત્તિકરણ. ૨ અપૂર્વકરણ. ૩ અનિવૃત્તિકરણ

યથાપ્રવૃત્તિકરણ—આયુઃ સિવાયના સાત કર્મની—પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યુન એક કોડાકોડી સાગરોપમની સ્થિતિ રાખે છે અર્થાત્ ઘણી સ્થિતિ ઓછી કરી નાખે છે. છતાં મિથ્યાત્વ મોહનીય કર્મનો તીવ્ર રસ રૂપી ગાંઠ હોય છે, તે રસ કદી ઓછો

પણ અતરકરણ કરવાની ક્રિયા થતી વખતે ભોગવવાની અંતર્મુહૂર્તની સ્થિતિના દળીયા અને તેની સ્થિતિ.

૨. **અંતરકરણના** દળિયા અને તેની સ્થિતિ ૩ **અંતરકરણ** પછી ભોગવવાના દળિયા અને તેની સ્થિતિ.

તેમાં–પહેલી સ્થિતિને અંતરકરણની **ઉપરની સ્થિતિ**, અને ત્રીજી સ્થિતિને અતરકરણની **હેઠની સ્થિતિ** એવી સજ્ઞા પાડવાથી સમજવામા અનુકૂળતા રહેશે.

છેલ્લા સખ્યાતમા ભાગનો પણ વખત અંતર્મુહૂર્તનો જ છે. અને તે વખતે ભોગવવાની એટલે **અંતરકરણની** ઉપગની સ્થિતિ પણ અતર્મુહૂર્તની છે, અને અંતરકરણ પછી ભોગવવાની એટલે કે અંતરકરણની હેઠેની સ્થિતિનો કાળ ઘણો છે.

જ્યારે આત્મા ઉપરની સ્થિતિમા રહેલો હોય છે, ત્યારે તેને ઉદયમા મિથ્યાત્વ મોહનીય તો હોય છે જ, પરતુ તેનો ઉદય ચાલુ હોય છે. અને તે ઉપરની સ્થિતિ ભોગવવાનો વખત તે અંતરકરણ કરવાની ક્રિયાનો વખત છે. ત્યારે તેમા નીચે પ્રમાણેની ઘટનાઓ બને છે :-

૧. **અંતરકરણના** એટલે કે બીજા કે બીજા ભાગના દળિયાઓને પહેલી સ્થિતિ–ઉપરની સ્થિતિના–દળિયામાં અને હેઠેની–ત્રીજી સ્થિતિના દળિયામાં નાંખે છે. એમ કરીને તે દળિકાને ખલાસ કરીને તેટલા ભાગને સાફ–તદ્દન સાફ કરવાનું કામ કરે છે.

૨. સાથે સાથે ઉપરની પહેલી સ્થિતિમાં રહેલા આત્માને મિથ્યાત્વ મોહનીયનો ઉદય ચાલુ હોય છે, તેની ઉદયાવલિકાઓમાં પહેલી સ્થિતિના દળિયાની ઉદીરણા કરીને, અને હેઠલી સ્થિતિના [illegible]યાની પણ ઉદીરણા કરીને નાંખ્યે જાય છે, અને ખપાવ્યે જાય

ગુણસંક્રમ ચાલે છે. અને મિથ્યાત્વમાથી શુદ્ધિના બળે મિશ્ર અને સમ્યક્ પુંજોમાં વધારો થયે જાય છે.

હવે–ઉપશમસમકિતનો એટલે કે અંતરકરણનો અંતરમુર્હૂર્તનો વખત પૂરો થવા આવતા નીચે પ્રમાણેની ઘટનાઓ બને છે.

અંતરકરણ પૂરુ થાય એટલે પછી તો ઉપશમ સમકિત ટકી શકે જ નહી, કેમકે તેટલા વખતનું જ મિથ્યાત્વના ઉદયમા ગાબડું પડયુ હતું, પછી તો મિથ્યાત્વનો ઉદય પાછો ચાલુ થવો જ જોઈએ. પરંતુ સત્તામાયે મિથ્યાત્વ કેવળ રહ્યુ નથી તેને ત્રણ ભાગમાં વ્હેચી નાખ્યુ છે. શુદ્ધઃ અર્ધશુદ્ધઃ અને અશુદ્ધઃ એ ત્રણ ભાગમા મિથ્યાત્વ વ્હેંચાયુ છે.

મિથ્યાત્વના શુદ્ધ થયેલા દલિકોનું નામ સમ્યક્ત્વ મોહનીય છે. અર્ધ શુદ્ધનુ નામ મિશ્ર મોહનીય છે, અને અશુદ્ધનું નામ મિથ્યાત્વ મોહનીય છે. આ વાત યાદ રાખવી.

૧. હવે જો, અંતરકરણ પૂરું થતાં જ સમ્યક્ત્વ મોહનીય કર્મનો પુંજ ઉદયમાં આવે, તો ઉદયમાં આવીને નાશ પામ્યે–ક્ષય પામ્યે જાય અને બાકીની પ્રકૃતિઓનો ઉપશમ રહે છે. એટલે ઉપશમ સમ્યક્ત્વ પછી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ થાય છે

૨. અને જો મિશ્ર મોહનીય કર્મનો પુંજ ઉદયમા આવે તો ઉપશમ સમકિત પછી અંતર્મુર્હૂર્ત સુધી મિશ્ર સમકિત થાય છે. અને પછી ક્ષયોપશમ સમકિત કે મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે

૩. જો ત્રીજો એટલે અશુદ્ધ એટલે મિથ્યાત્વ મોહનીય પુંજ ઉદયમાં આવે; તો અંતરકરણ પૂરું થતાં પહેલાં, વધારેમાં વધારે

૪ થું ગુણસ્થાનક—

૧ ન જાણે, ન આદરે, ન પાળે, ૨ ન જાણે, ન આદરે, પાળે, ૩ ન જાણે, આદરે, ન પાળે, ૪ ન જાણે, આદરે, પાળે, ૫ જાણે, ન આદરે, ન પાળે, ૬ જાણે, ન આદરે, પાળે, ૭ જાણે, આદરે, ન પાળે, ૮ જાણે, આદરે, પાળે.

પ્રથમના ૪ **ભાંગે મિથ્યાત્વી** હોય, ત્રણ **ભાંગે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ** હોય, અને છેલ્લા ભાગે **વિરતિવાળો** હોય આ ગુણસ્થાનકે જન્મ, મરણ, આયુષ્યબંધ, પરભવગમન વિગેરે હોય.

૫ મું દેશવિરતિ ગુણસ્થાનક—

આ ગુણસ્થાને વર્તનાર જીવ થોડો પણ ત્યાગ આદરથી કરે છે, નવકારશીના પ્રત્યાખ્યાનથી માંડીને યાવત્ સમ્યક્ત્વમૂલ-બાર વ્રત અને એકંદર શ્રાવકને શકય પંચ આચારના પાલનમાથી ઓચ્છામા ઓચ્છુ એકાદ વ્રત કે એકાદ આચારનુ પાલન તો કરે જ, તે પણ **દેશવિરતિ** ગણાય છે આ ગુણસ્થાનક મનુષ્યો અને તિર્યંચોને જ હોય છે. **સ્વયંભૂરમણ** સમુદ્રના મત્સ્યો જિનપ્રતિમા અને જિન-મુનિના આકારના બીજા મત્સ્યોને જોઇને **જાતિસ્મરણ** પામીને સમ્યક્ત્વ તથા દેશવિરતિનો મનથી સ્વીકાર કરે છે, તેથી તેઓને પણ **દેશવિરતિનો** સંભવ હોય છે

૬ ઠું ગુણસ્થાનક—

પાચ પ્રમાદ–મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા, એ પાચેય તથા પાચમાનો કોઇ પણ એક પણ પ્રમાદ કહેવાય છે, તે હોવા સાથે જેમાં સર્વવિરતિ ચારિત્ર હોય, તે **પ્રમત્ત સર્વવિરતિ** ગુણસ્થાનક કહેવાય છે. ચઉદ પૂર્વધરો આ ગુણસ્થાનકે આહારક લબ્ધિ ફોરવે છે

૭ મું ગુણસ્થાનક—

છઠ્ઠા અને આ ગુણસ્થાનકમા માત્ર એટલો જ ફરક છે, કે આ

ફળરૂપ છે. અને ૧૪ મુ મોક્ષાવસ્થાની તૈયારીની પ્રાથમિક ભૂમિકારૂપ છે. ૮ માથી વિશિષ્ટ યોગી તરીકેની આત્માની અવસ્થા શરૂ થાય છે.

અર્થાત્—ઔપશમિક કે ક્ષાયિક ભાવરૂપ વિશિષ્ટ ફળ ઉત્પન્ન કરવા માટે ઉપશમના અને ક્ષપણા કરવી પડે છે.

તે કરવાને પણ ત્રણ કરણ કરવા પડે છે. **યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ.** તેમાંનુ યથાપ્રવૃત્તિકરણરૂપ સાતમું ગુણસ્થાનક છે. અને અપૂર્વકરણરૂપ આઠમુ ગુણસ્થાનક છે. અને અનિવૃત્તિકરણરૂપ નવમું ગુણસ્થાનક છે. અને કેટલીક અતરકરણ ક્રિયાઓ નવમા ગુણસ્થાનકમા જ સખ્યાત ભાગ પછી શરૂ થાય છે. એવા ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિવાર ૨૧ અંતરકરણો થાય છે. અને જ્યારે માત્ર સૂક્ષ્મ લોભના અંશો ઉપશમાવવાના કે ખપાવવાના બાકી રહે છે, ત્યારે તેટલા વખત પૂરતુ ૧૦ મુ ગુણસ્થાનક કહેવાય છે. પછી ઉપશાતમોહરૂપ અગ્યારમું અને ક્ષીણમોહરૂપ બારમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે.

આઠમા ગુણસ્થાનકમાં—ત્રણેય કાળના જેટલા ચડનારા હોય, તે દરેક જીવોના અધ્યવસાયો જુદા જુદા હોય છે. તે પ્રમાણે નવમામા નથી હોતા, પરતુ ત્રણેય કાળના જીવોના અમુક સમયમાં અધ્યવસાય સ્થાનો સરખા જ હોય છે. પ્રથમના સમયો કરતાં પછી પછીના સમયોના અધ્યવસાય સ્થાનો તો દરેકના વિશેપ વિશેપ શુદ્ધ હોય છે.

આઠમા ગુણસ્થાનકમાં—ભૂમિકા તૈયાર કરવા માટે—સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને અપૂર્વ સ્થિતિબંધ થાય છે. એટલે કે—તેથી કર્મોની સ્થિતિ, રસ અને પ્રદેશો ઘટાડે છે. નવો બધ ઓચ્છો કરે છે. અને ગુણશ્રેણી કરીને ઉદી-

આવવાની તૈયારી કરે છે. અને તુરત જ અધ્યવસાય ત્યાંથી નીચે ઉતરવા માંડે છે. એટલે અનુક્રમે ૧૦ મે ૯ મે ૮ મે થઇને વખતે ૭–૬–૫–૪–૨–૧ પણ પહોચી જાય છે. અને આયુષ્યનો ક્ષય થયે પડે તો ૪ થે આવીને અનુત્તર વિમાનમા પણ ઉત્પન્ન થાય છે.

૧૨ મું ગુણસ્થાનક—

મોહનીય કર્મનો સર્વથા ક્ષય થયા પછી જ આ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. એમ મૂળભૂત મોહનીય કર્મનો નાશ થયા પછી બીજા કર્મોના મૂળ કંપી ઉઠે છે. અને અંતર્મુહૂર્તમાજ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ બાકીના ત્રણ ઘાતી કર્મોનો ક્ષય થઇ જાય છે, ને તુરત કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

૧૩ મું ગુણસ્થાનક—

કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એટલે ૧૩ મું ગુણસ્થાનક પ્રાપ્ત થયુ જ ગણવાનું, તે ગુણસ્થાનકે વધારેમા વધારે કાંઈક ન્યૂન ક્રોડ પૂર્વ સુધી કેવળી ભગવાન વિચરી શકે છે, તેમાના તીર્થંકર ભગવાન હોય, તે તીર્થ સ્થાપે છે અને દેશના આપીને તીર્થ પ્રવર્તાવે પણ છે હવે, કોઇ કેવળી ભગવંતને જો આયુષ્યકર્મ કરતાં બાકીના ૩ અઘાતી કર્મો વધારે હોય, તો તેને ખપાવવા એટલે આયુષ્ય જેટલા કરવા, ૧૩ માના છેલ્લા અંતર્મુહૂર્ત પહેલા તે આઠ સમયનો કેવળી સમુદ્ઘાત કરીને કર્મો ખપાવી આયુષ્ય કર્મ જેટલા રાખે છે, પરતુ જેને આયુષ્ય પૂરું થતા જ બધા કર્મ ખપી જઈ શકે તેટલા સરખા હોય, તેમને સમુદ્ઘાત કરવાની જરુર પડતી નથી. સમુદ્ઘાતનુ સ્વરૂપ સમજવું.

પછી છેલ્લું અંતર્મુહૂર્ત બાકી રહે છે, ત્યારે દરેક કેવળી આયોજીકરણ કરે છે એ આયોજી કરણમા શુક્લ ધ્યાનની ઉજ્વળતાના બળથી યોગના સ્થૂલ અને સૂક્ષ્મ ટુકડા કરે છે, અને તેનો

અનિવૃત્તિ બાદર સંપરાય સહકૃત સંકલેશ નિમિત્તક- સંજ્વલન ક્રોધ-માન, માયા, લોભ. પુરુષ વેદ ૫

અપૂર્વકરણ નિવૃત્તિ બાદર સંપરાય સહકૃત સંક્લેશ નિમિત્તક—હાસ્ય, રતિ, જુગુપ્સા, ભય, નિદ્રા, પ્રચલા, દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, શુભવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, વૈક્રિય શરીર, તૈજસ શરીર, કાર્મણ શરીર, વૈક્રિયાંગોપાંગ, સમચતુરસ્ર સંસ્થાન, નિર્માણ- નામ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત. શ્વાસોચ્છ્વાસ. ૩૩

(પૂર્વકરણ) યથાપ્રવૃત્તિ અપ્રમાદભાવ સહકૃત સંક્- લેશ નિમિત્તક—આહારક શરીર, આહારક અંગોપાંગ ૨

પ્રમાદભાવ સહકૃત સંક્લેશ નિમિત્તક—શોક, અરતિ, અસ્થિર, અશુભ, અયશ, અસાતા, દેવાયુ ૭.

પ્રત્યાખ્યાની કષાય સહકૃત સંકલેશ નિમિત્તક— પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ. ૪.

અપ્રત્યાખ્યાનીય સહકૃત સંકલેશ નિમિત્તક—અપ્રત્યા- ખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ. ૪ તથા મનુષ્યત્રિક ઔદારિકદ્વિક વજ્રઋષભનારાચ સંઘયણ. ૧૦

અનંતાનુબંધીય કષાય સહકૃત સંક્લેશ નિમિત્તક— તિર્યંચગતિ, તિર્યંચાનુપુર્વી, તિર્યંચાયુ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ, દૌર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અનંતાનુબંધીય ક્રોધ, માન, માયા, લોભ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કિલિકા એ ચાર સંઘયણ, ન્યગ્રોધ, સાદિ, વામન, કુબ્જ, એ ચાર સંસ્થાન, નીચ- ગોત્ર, ઉદ્યોત નામકર્મ, અશુભ વિહાયોગતિ. સ્ત્રીવેદ. ૨૫.

જેનો ઉદયમા આવવાનો વખત પૂરો થયો ન હોય, છતાં તે કર્મો આત્માના કરણવિશેષથી–અધ્યવસાયવિશેષથી ઉદયાવળિકામા પ્રવેશ કરી ઉદયમાં આવવા લાગે, તે ઉદીરણા કહેવાય છે.

સમ્યક્ત્વ મોહનીય કર્મનો ઉદય ૪ થી ૭ મા સુધી જ હોય છે. જિન નામકર્મનો રસોદય ૧૩–૧૪ ગુણસ્થાનકે હોય છે, અને પ્રદેશોદય ૪ થી શરૂ હોય છે.

૧૪ મી ગાથા—

નરકાનુપૂર્વીનો ઉદય ન હોય–ઔપશમિક સમ્યક્ત્વ વમતા સાસ્વાદન ગુણઠાણે રહેલો નરકગતિમાં જાય નહી, મિથ્યાત્વ પામીને જ જાય. એટલે નરકગતિમાં જતાં સાસ્વાદન ગુણઠાણું ન હોવાથી નરકાનુપૂર્વીનો ઉદય ન હોય.

મિથ્યાત્વી હોય—સૂક્ષ્મ, લબ્ધિ અપર્યાપ્ત, અને સાધારણ મિથ્યાત્વી જ હોય.

૧૭ મી ગાથા—

જાતિ સ્વભાવે જ–જ્ઞાતા ધર્મકથાંગમાં નંદમણીયારનો જીવ દેડકો થાય છે, તેને સવ્વં પાણાઈવાયં પચ્ચક્ખામિ પાઠનો ઉચ્ચાર કરીને અનશન કરાવાય છે, તે પણ દેશવિરતિના પરિણામ રૂપજ સમજવુ. સર્વવિરતિપણું જો તિર્યંચને હોય, તો કેવળજ્ઞાનનો પણ સંભવ માનવો પડે.

૧૯ મી ગાથા—

સ્ત્રીવેદ—સ્ત્રીવેદના અધ્યવસાય સ્થાનમા અવસ્થિત પ્રથમ સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદનો ક્ષય કરે, પુરુષવેદમા અવસ્થિત તો પુરુષ, સ્ત્રી અને નપુંસક વેદ ખપાવે. નપુંસકવેદમા અવસ્થિત નપુંસક, સ્ત્રી અને પુરુષ વેદ ખપાવે.

યદ્-અવિનાભાવિ પ્રકૃતિઓના નિમિત્તો	કુલ પ્રકૃતિ	ગુણસ્થાન ૧	,, ૨	,, ૩	,, ૪	,, ૫
કેવળજ્ઞાન	૧					
મિશ્ર ગુણસ્થા૦	૧			૧		
ક્ષયોપશમ સમ્યક્ત્વ	૧					
પ્રમત્ત સંયત	૨					
મિથ્યાત્વ	૫	૫				
જન્માન્તર	૪	૪	૩	૦	૪	
અનંતાનુબંધીય	૯	૯	૯			
અપ્રત્યાખ્યાનીય	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	
પ્રત્યાખ્યાનીય	૮	૮	૮	૮	૮	૮
પ્રમાદભાવ સંક્લેશ	૩	૩	૩	૩	૩	૩
યથાપ્રવૃત્તિ-પૂર્વકરણ	૩	૩	૩	૩	૩	૩
તથાવિધ સંક્લિષ્ટ પરિણામ	૬	૬	૬	૬	૬	૬
બાદરકષાય	૬	૬	૬	૬	૬	૬
અયથાખ્યાત ચારિત્ર	૧	૧	૧	૧	૧	૧
અક્ષપક ભાવ	૨	૨	૨	૨	૨	
છાદ્મસ્થિક ભાવ	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬
બાદરકાય-વાગ્યોગ	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯
સંસારીજીવન	૨	૨	૨	૨	૨	૨
માનવભવ	૨	૨	૨	૨	૨	૨
સિદ્ધત્વસ્પર્શી પુણ્ય	૮	૮	૮	૮	૮	૮
કુલ નિમિત્તો	૨૦	૧૬	૧૫	૧૪	૧૫	૧૩
કુલ પ્રકૃતિઓ	૧૨૨	૧૧૭	૧૧૧	૧૦૦	૧૦૪	૮૭
કેટલી પ્રકૃતિઓ ન હોય	૦	૫	૧૧	૨૨	૧૮	૩૫

૧ કેવળજ્ઞાન અવિનાભાવિ પ્રકૃતિઓ—જિનનામ કર્મોદય ૧

૨ મિશ્રગુણસ્થાનક અવિનાભાવિ—મિશ્ર મોહનીય કર્મોદય ૧

૩ ક્ષયોપશમ સમ્યક્ત્વ અવિનાભાવિ—સમ્યક્ત્વ મોહનીય કર્મોદય ૧

૪ પ્રમત્ત સંયત અવિનાભાવિ-આહારક શરીર અને આહારક અંગોપાંગનામકર્મનો ઉદય ૨

૫ મિથ્યાત્વોદય અવિનાભાવિ—સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, આતાપ નામકર્મ, મિથ્યાત્વમોહનીય કર્મોદય ૫

૬ જન્માન્તર અવિનાભાવિ—નરકાનુપૂર્વી-મનુષ્યાનુપૂર્વી-તિર્યગાનુપૂર્વી-દેવાનુપૂર્વીનો ઉદય ૪

૭ અનન્તાનુબન્ધીયકષાયોદયાવિનાભાવિ-અનન્તાનુબન્ધીય ક્રોધ, માન, માયા, લોભ, સ્થાવર, એકેન્દ્રિય-બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિન્દ્રિય જાતિ નામકર્મનો ઉદય ૯.

૮ અપ્રત્યાખ્યાનીય કષાયોદયાવિનાભાવિ-અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ, દેવગતિ, દેવાયુ, નરકગતિ, નરકાયુ, વૈક્રિય, વૈ. અંગોપાંગ, દૌર્ભાગ્ય, અનાદેય, અયશનામ કર્મોદય ૧૩

૯ પ્રત્યાખ્યાનીય કષાયોદયાવિનાભાવિ—પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ, તિર્યંચગતિ, તિર્યંચાયુઃ નીચગોત્ર, ઉદ્યોત નામકર્મોદય. ૮

૧૦ પ્રમત્તભાવાવિનાભાવિ—નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિનો ઉદય. ૩

૧૧ પૂર્વકરણાવિનાભાવિ—અર્ધનારાચ, કિલિકા, છેવઠા સંઘયણનો ઉદય ૩.

સત્તામાં સદ્ભાવ સત્તા અને **સંભવ** સત્તાનુ સ્વરૂપ સમજી લેવાથી કાંઇક સરળતા થશે, જેમકે–કેટલીક પ્રકૃતિઓ અમુક વખતે સત્તમાં ન હોય, પરતુ ભવિષ્યમા અવશ્ય સત્તામાં હોવાનો સભવ માનીને તેની સત્તા ગણાવવામા આવી હોય છે, તે **સંભવ સત્તા** કહેવાય છે, અને કેટલીક પ્રકૃતિઓની તે કાળે સત્તા હોય છે, તે **સદ્ભાવ સત્તા** કહેવાય છે દાખલા તરીકે–નરકાયુષની અને તિર્યંચાયુષ્યની સત્તાવળા ઉપશમશ્રેણી જ ન માડે, તો ૧૧ મે ગુણઠાણે ૧૪૮ ની સત્તા શી રીતે હોય? પરંતુ દેવાયુ કે મનુષ્યાયુ બાંધ્યું હોય, તો તેની તો **સદ્ભાવ સત્તા** ગણાય જ. પરંતુ ઉપરના બે બે આયુષ્યની સદ્ભાવ સત્તા ન ગણાય. પરતુ ૧૧ મે થી પડીને, પછી તે આયુષ્ય બાધનાર હોય, તે અપેક્ષાએ સત્તા ગણાવવાથી **સંભવ સત્તા** ગણાય છે **સંભવ સત્તા** અને **સદ્ભાવ સત્તામાં** પણ **પૂર્વબદ્ધાયુ** અને **અબદ્ધાયુ** એવા બે પ્રકાર પડે છે. અને તેમા પણ નાના–જુદા જુદા **અનેક** જીવ આશ્રયિને, અને એક–જીવ આશ્રયિને સત્તાનો વિચાર કરવામા આવ્યો હોય છે તેમજ ઉપશમશ્રેણિ, ક્ષપકશ્રેણિને આશ્રયિને પણ વિચાર કરવાનો રહે છે. તેમા પણ **અનન્તાનુબંધીય વિસંયોજક** અને **અવિસંયોજકને** આશ્રયિને, તેમજ ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યક્ત્વને આશ્રયિને વિચાર કરવાનો રહે છે.

વિસયોજના કરનાર તે **વિસંયોજક**. વિસયોજના એટલે દર્શનસપ્તકમાથી અનંતાનુબંધીય ચારનો ક્ષય થાય, અને બાકીની ત્રણનો ક્ષય ન થયો હોય એટલે મિથ્યાત્વ મોહનીય કર્મ સત્તામા હોવાથી તેનો ઉદય થાય, ત્યારે ફરીથી અનંતાનુબધીય બધાય એટલે જે જાતના ક્ષય પછી ફરીથી બધનો સભવ ઉભો રહે, તેવા ક્ષયનું નામ અહી **વિસંયોજના** છે અને જે ક્ષય થયા પછી ફરીથી ન બંધાય, ક્ષય તે કાયમી ક્ષય, તે ક્ષય કહેવાય છે. આ પ્રમાણે ખાસ કરીને અનતાનુબધીય કષાયમા વિસયોજના બને છે.

એક જીવની અપેક્ષાએ વિચારતા અન્યગતિના આયુષ્યના બંધકજીવને ૧૩૯ પ્રકૃતિ હોય. તે તદ્‌ગતિના આયુષ્યના બંધક જીવને ૧૩૮ પ્રકૃતિ સત્તામાં હોય.

૮. **અનાદિ મિથ્યાત્વી: ત્રસપણું પામેલ: અબદ્ધાયુ: ભવ્ય** આવા જીવોની સત્તા બે પ્રકારે વિચારવી.

૧. સદ્‌ભાવ સત્તા. ૨. સંભવ સત્તા.

જે જીવો, તેજ ભવે મોક્ષમાં જવાના છે અને વિદ્યમાન કર્મ-પ્રકૃતિઓની સત્તાવાળા છે, તે બન્નેય પ્રકારના જીવોનો સમાવેશ **સદ્‌ભાવ સત્તામાં** થાય છે.

જે જીવોને આયુષ્યના બંધનો સંભવ છે, તે જીવોનો **સંભવ-સત્તામાં** સમાવેશ થાય છે.

સદ્‌ભાવ સત્તાવાળા જીવોને સમ્યક્ત્વ મોહનીય વિગેરે સાત અને ત્રણ આયુષ્ય, એ દસ પ્રકૃતિ વિના ૧૩૮ પ્રકૃતિની સત્તા હોય. તેમા ભોગવાતુ જ આયુષ્ય હોય.

સંભવ સત્તાવાળા જીવોમા (૧) **અનેક જીવની** અપેક્ષાએ ચારેય આયુષ્ય ગણવાથી ઉપરોક્ત સાત પ્રકૃતિ વિના ૧૪૧ પ્રકૃતિ હોય.

(૨) **એક જીવની** અપેક્ષાએ **અન્ય ગતિના** આયુષ્યના બંધકને ૧૩૯ પ્રકૃતિ હોય.

(૩) **તદ્‌ગતિના** આયુષ્યના બંધકને ૧૩૮ પ્રકૃતિની સત્તા હોય.

હવે, તે સર્વ ભાગાઓને ગતિની અપેક્ષાએ વિચારીએ

૧. નરકગતિ.

આ ગતિના જીવો મનુષ્ય અને તિર્યંચાયુષ્ય જ બાંધી શકે,

તેથી તે બે આયુષ્ય અને ભોગવાતું નરકાયુ, એ ત્રણ આયુષ્ય, અનેક જીવની અપેક્ષાએ, સત્તામા હોઈ શકે.

તથા, ઉપરોક્ત આઠ ભાગામાથી ત્રસપણુ પામેલ એવા ચાર ભાગાજ અહી કલ્પે, તે અનુક્રમે ત્રીજો, ચોથો, સાતમો અને આઠમો. એ ચાર ભાગાની સત્તા નરકગતિમા–પૂર્વબદ્ધાયુને, અનેક જીવની અપેક્ષાએ, સમ્યક્ત્વ મોહનીય આદિ સાત તથા દેવાયુ વિના ૧૪૦ પ્રકૃતિ સત્તામા હોય સભવસત્તામા પણ ઉપરોક્ત રીતિએજ સત્તા હોય

તથા એક જીવની અપેક્ષાએ ૧૩૯નીઃ તથા અબદ્ધાયુને ૧૩૮ સત્તા હોય.

૨. તિર્યંચગતિ.

આ ગતિમા પૂર્વોક્ત આઠેય વિકલ્પ સભવી શકે, તથા, તેજ પ્રમાણે સત્તા સભવી શકે પરતુ વિશેષ એ છે કે–ત્રસપણુ પામેલ જીવો તેઉ વાઉમા આવે, ત્યારે દેવદ્વિક અથવા નરકદ્વિક ઉવેલે, તે, અન્ય ગતિમા નહિ જતા હોવાથી તદ્યોગ્ય દેવ, મનુષ્ય અને નરકાયુ, અનાદિ મિથ્યાત્વી હોવાથી સમ્યક્ત્વ મોહનીય વિગેરે સાત, એ બાર પ્રકૃતિ વિના એક જીવની અપેક્ષાએ ૧૩૬, તથા ઉપરના બે દ્વિકમાથી બાકી રહેલુ એક દ્વિક, અને વૈક્રિય ચતુષ્ક, એ વૈક્રિયષટ્ક ઉવેળ્યે, ૧૩૦, ઉચ્ચગોત્ર ઉવેળ્યે ૧૨૯, ને મનુષ્યદ્વિક ઉવેળ્યે ૧૨૭ પ્રકૃતિની સત્તા હોય.

પૃથ્વી, અને અને વનસ્પતિ જીવો નરકદ્વિક યા દેવદ્વિક ઉવેલે, તો અનાદિ મિથ્યાત્વી હોવાથી સમ્યક્ત્વ મોહનીયાદિ ૭. દેવ તથા નરકમા નહિ જતા હોવાથી તેના બે આયુષ્ય, એમ કુલ ૯ પ્રકૃતિ વિના અનેક જીવની અપેક્ષાએ ૧૩૯, કારણકે–કોઈ નરકદ્વિક ઉવેલે, **અથવા** તો કોઈ દેવદ્વિક ઉવેલે, પરતુ અનેક જીવની **અપેક્ષાએ બને** દ્વિક સત્તામાં હોય. અમુક એકજ જાતનુ દ્વિક ઉવેલે,

વિનાના, સમ્યક્ત્વ મોહનીય, અને મિશ્ર મોહનીયના ઉદ્‌વેલક. ૧૦ ઉપર પ્રમાણેજ, પણ પૂર્વબદ્ધાયુને બદલે અબદ્ધાયુવાળા.

જેઓ જિનનામની સત્તાવાળા હોય, તેઓને આહારક ચતુષ્કની સત્તા આ ગુણસ્થાનકે હોય જ નહિ.

૧. જિનનામની સત્તાવાળા : પૂર્વબદ્ધાયુવાળા : સાદિ મિથ્યાત્વી :

આ જીવોને આહારક ચતુષ્ક, તિર્યંચાયુ, અને દેવાયુ. એ ૭ પ્રકૃતિ વિના ૧૪૨.

૨. જિનનામની સત્તાવાળાઃ અબદ્ધાયુવાળાઃ સાદિ મિથ્યાત્વી.

આ જીવો નરકાયુનીજ સત્તાવાળા હોવાથી બાકીના ત્રણ આયુષ્ય અને આહારક ચતુષ્ક એ સાત પ્રકૃતિ વિના ૧૪૧ની સત્તા હોય.

૩. આહારક ચતુષ્કની સત્તાવાળાઃ પૂર્વબદ્ધાયુવાળા સાદિ મિથ્યાત્વી :

આ જીવોને જિનનામ સિવાય **અનેક જીવની** અપેક્ષાએ ૧૪૭ની સત્તા હોય. એક જીવની અપેક્ષાએ તેજ ગતિનુ આયુષ્ય બાધનારને ૧૪૪, અને અન્ય ગતિનુ આયુ બાંધનારને ૧૪૫ ની સત્તા હોય.

૪. આહારક ચતુષ્કની સત્તાવાળાઃ અબદ્ધાયુઃ સાદિ મિથ્યાત્વીઃ

અ જીવો ચારેય ગતિમા ભિન્ન ભિન્ન આયુષ્યની સત્તાવાળા હોવાથી અનેક જીવની અપેક્ષાએ જિનનામ વિના ૧૪૭. એક જીવની અપેક્ષાએ ૧૪૪ની સત્તા.

૫ સાદિ મિથ્યાત્વી જિનનામ અને આહારક ચતુષ્કની સત્તા વિનાના: પૂર્વબદ્ધ આયુષ્યવાળા.

આ જીવોને જિનનામ અને આહારક ચતુષ્ક વિના સર્વ જીવની અપેક્ષાએ ૧૪૩ એક જીવની અપેક્ષાએ તદ્દગતિના આયુષ્યના બંધકને ૧૪૦, અને અન્ય ગતિના બંધકને ૧૪૧ની સત્તા હોય.

૬. જિનનામ અને આહારક ચતુષ્ક વિનાના. અબદ્ધાયુવાળા સાદિ મિથ્યાત્વી.

આ જીવો ચારે ગતિમા ભિન્ન ભિન્ન આયુષ્યની સત્તાવાળા હોવાથી અનેક જીવની અપેક્ષાએ ૧૪૩ એક જીવની અપેક્ષાએ ૧૪૦ ની સત્તા.

૭. જિનનામ અને આહારક ચતુષ્ક વગરના: સમ્યક્ત્વ મોહનીયના ઉદ્વેલક. પૂર્વબદ્ધાયુવાળા: સાદિ મિથ્યાત્વી:

આ જીવોને સર્વ જીવની અપેક્ષાએ જિનનામ, આહારક ચતુષ્ક અને સમ્યક્ત્વ મોહનીય વિના ૧૪૨. એક જીવની અપેક્ષાએ તદ્દગતિના આયુષ્યના બંધકને ૧૩૯ અન્ય ગતિના આયુષ્યના બંધકને ૧૪૦ ની સત્તા હોય.

૮. જિનનામ અને આહારક ચતુષ્કની સત્તા વગરના: સમ્યક્ત્વ મોહનીય ઉદ્વેલક: અબદ્ધાયુ વાળા: સાદિ: મિથ્યાત્વી:

આ જીવો ચારે ગતિમા હોવાથી જિનનામ અને આહારક ચતુષ્ક તથા સમ્યક્ત્વ મોહનીય વિના અનેક જીવની અપેક્ષાએ એક જીવની અપેક્ષાએ ૧૩૯.

જિનનામ અને આહારક ચતુષ્ક

સમ્યક્ત્વ મોહનીય તથા મિશ્ર મોહનીયના ઉદ્વેલકઃ પૂર્વ-બદ્ધાયુવાળાઃ સાદિ મિથ્યાત્વીઃ

આ જીવો અનેક જીવની અપેક્ષાએ જિનનામ અને આહારક ચતુષ્ક, સમ્યક્ત્વ મોહનીય, અને મિશ્ર મોહનીય વિના ૧૪૧. એક જીવની અપેક્ષાએ તેજ ગતિના બધકને ૧૩૮, અન્ય ગતિના બધકને ૧૩૯

૧૦. જિનનામ અને આહારક ચતુષ્ક વગરનાઃ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયના ઉદ્વેલકઃ અબદ્ધાયુવાળા સાદિ મિથ્યાત્વી

આ જીવો ચારેય ગતિમા હોવાથી સાત પ્રકૃતિ વિના અનેક જીવની અપેક્ષાએ ૧૪૧.

એક જીવની અપેક્ષાએ ૧૩૮ પ્રકૃતિ સત્તામા હોય.

આહારક ચતુષ્કની સત્તાવાળો સમ્યક્ત્વ મોહનીયની સત્તા સહિત પહેલે ગુણસ્થાને હોય. જિનનામની સત્તાવાળો પણ તેજ પ્રમાણે હોય, તથા સમ્યક્ત્વ મોહનીય ઉવેલાયા પછી જ પહેલે ગુણસ્થાનકે મિશ્ર મોહનાય ઉવેલાય

હવે ગતિ આશ્રયી વિચારીએ.—

નરકગતિ—

આ ગતિમા અનેક જીવની અપેક્ષાએ પૂર્વબદ્ધાયુવાળા, દેવાયુ ન બાધે માટે ૧૪૭.

એક જાતનુ આયુષ્ય બાંધનાર અનેક જીવની અપેક્ષાએ ૧૪૬. અબદ્ધાયુવાળા અનેક જીવની અપેક્ષાએ ૧૪૫ની સત્તા હોય.

તથા, જિનનામની સત્તાવાળા પહેલે ગુણસ્થાનકે નરકગતિમા

૧૩૮, અને ત્યાર પછી દેવદ્વિક અથવા નરકદ્વિક ઉવેલે ૧૩૬ અનેક જીવની અપેક્ષાએ ૧૩૮, ત્યાર પછી વૈક્રિયષટ્ક ગયે ૧૩૦. ઉચ્ચ-ગોત્ર ગયે ૧૨૯. અને મનુષ્યદ્વિક ગયે ૧૨૭.

આ સત્તા તેઉ વાયુમાંથી આવેલ અન્ય તિર્યંચોને પણ અલ્પકાળ હોય. અન્ય સ્થાવરોને ૧૩૦ સુધીની સત્તા, તેઉ વાયુમાંથી ન આવ્યો હોય તો પણ હોય, તથા ૧૩૦ ની સત્તાવાળા મનુષ્યાયુ બાંધે તો ૧૩૧ ની પણ સત્તા હોય.

૩. મનુષ્યગતિ—

આ ગતિમાં અનેક જીવની અપેક્ષાએ પૂર્વબદ્ધાયુને ૧૪૮. અન્ય એકજ ગતિના બધક એવા અનેક જીવની અપેક્ષાએ ૧૪૬. તેજ ગતિના બધક એવા અનેક જીવની અપેક્ષાએ ૧૪૫. અબદ્ધને પણ ૧૪૫.

આહારકચતુષ્કની સત્તાવાળાઓને પૂર્વબદ્ધાયુ અનેક જીવની અપેક્ષાએ ૧૪૭ અને તદ્દગતિના આયુષ્યના બધકને ૧૪૪. અન્ય ગતિના બંધકને ૧૪૫. અબદ્ધને ૧૪૪.

સમ્યક્ત્વ મોહનીયના ઉવેલનારને જો તે પૂર્વબદ્ધાયુ હોય તો અનેક જીવની અપેક્ષાએ જિનનામ, આહારક ચતુષ્ક અને સમ્યક્ત્વ મોહનીય વિના ૧૪૨. એક જીવની અપેક્ષાએ અન્ય ગતિના આયુ-ષ્યના બંધકને ૧૪૦. તેજ ગતિના બધકને ૧૩૯. અબદ્ધને પણ ૧૩૯. તથા દેવદ્વિક કે નરકદ્વિક ઉવેળેલ હોય તો પૂર્વબદ્ધાયુ અનેક જીવની અપેક્ષાએ જિનનામ અને આહારક ચતુષ્ક વિના ૧૪૩

સમ્યક્ત્વ મોહનીય ઉવેલે તો ૧૪૨, નરકદ્વિક કે દેવદ્વિક ઉવેલે તો અનેક જીવની અપેક્ષાએ ૧૪૨. એક જાતનુ દ્વિક ઉવેળેલ અનેક જીવની અપેક્ષાએ ૧૪૦, તેજ ગતિના બધકને ૧૩૭ અન્ય ગતિના બધકને ૧૩૮. તેવી રીતે અનેક જીવની અપેક્ષાએ અનુક્રમે ૧૩૮.

અને ૧૩૯. તેવી રીતે મિશ્રના ઉદ્‌વેલકને જ્યાં–૧૪૨. ૧૪૦. ૧૩૮. ૧૩૭ ની સત્તા હોય ત્યા ૧૪૧, ૧૩૯, ૧૩૭, ને ૧૩૬ ની સત્તા સમજવી.

૪. દેવગતિ—

આ ગતિમાં અનેક જીવની અપેક્ષાએ વિચારીએ તો જિનનામ અને નરકાયુ એ બે વિના આ ગુણસ્થાનકે ૧૪૬. એક જીવની અપેક્ષાએ ૧૪૫. અબદ્ધને ૧૪૪. આહારક ચતુષ્કની સત્તા વિનાનાને પૂર્વબદ્ધાયુ અનેક જીવની અપેક્ષાએ ૧૪૨. એક જીવની અપેક્ષાએ ૧૪૧ અબદ્ધને: ૧૪૧.

આ પ્રમાણે પહેલે ગુણસ્થાનકે–૧૨૭. ૧૨૯ ૧૩૦. ૧૩૧. ૧૩૬. ૧૩૭. ૧૩૮. ૧૩૯. ૧૪૦. ૧૪૧. ૧૪૨. ૧૪૩. ૧૪૪. ૧૪૫. ૧૪૬. ૧૪૭ અને ૧૪૮. એ સત્તર સત્તાસ્થાનકોનો વિચાર કર્યો.

સાસ્વાદન ગુણસ્થાનક.

૧. આ ગુણસ્થાનકે જિનનામની સત્તા હોય જ નહિ.

૨. જેઓને દેવદ્વિક, નરકદ્વિક, અને વૈક્રિયચતુષ્ક સત્તામાં હોય, તેઓજ આ ગુણસ્થાનકે આવે, તથા આહારક ચતુષ્કની સત્તાવાળા પણ આવે.

૩. આ ગુણસ્થાનક પડતાનેજ હોય.

અહીં, સામાન્યથી પૂર્વબદ્ધાયુ અને અબદ્ધાયુ એ બે પ્રકારના જીવો પર સત્તા ઘટાવીશું, તેમા પણ આહારકની સત્તાવાળા અને નહિ સત્તાવાળા, એમ ચાર પ્રકાર થશે.

૧. આહારક ચતુષ્કની સત્તાવાળાઃ પૂર્વબદ્ધાયુવ સાસ્વાદની.

અનેક જીવની અપેક્ષાએ પૂર્વબદ્ધાયુવાળાને ૧૪૩. અબદ્ધાયુ-વાળાને ૧૪૩. એક જીવની અપેક્ષાએ અન્ય ગતિના આયુષ્ય બાંધેલ હોય તો ૧૪૦. ન બાંધેલને પણ ૧૪૦. સમ્યક્ત્વ મોહનીય પહેલે ગુણસ્થાને ઉવેલ્યા, બાદ મિશ્ર મોહનીય ઉવેલતા આ ગુણસ્થાને આવે તો, તેની અપેક્ષાએ એકેક પ્રકૃતિ ઓછી હોય, એટલે કે ઉપર જ્યાં ૧૪૩, ૧૪૧ અને ૧૪૦ ની સત્તા હોય, ત્યા અનુક્રમે ૧૪૨. ૧૪૦ અને ૧૩૯ ની હોય.

અનંતાનુબંધી વિસંયોજકને પણ ચાર પ્રકૃતિ ઓછી ગણવી. એટલે જ્યાં ૧૪૩, ૧૪૧ અને ૧૪૦ની સત્તા હોય, ત્યાં અનુક્રમે ૧૩૯. ૧૩૮ અને ૧૩૭ ની સત્તા હોય,

સમ્યક્ત્વ મોહનીયની સત્તા વગરનાને અનતાનુબધીની વિસ-યોજના ન હોય; કારણ કે સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વની સત્તા છતે પહેલે ગુણસ્થાનેજ ઉવેલાય છે. અને ત્યાં અનંતાનુબધીની વિસંયોજના થતી નથી. પરંતુ ત્યાં તે સત્તા વિનાનાને પણ તેની સત્તા થાય છે, અને તેવા જીવો મિશ્ર મોહનીય ઉવેલતા કદાચ મિશ્ર ગુણઠાણે આવે છે. અને વિસયોજક તો ઉપરના ગુણસ્થાનેથી આવે છે, અને ત્યા મિથ્યાત્વની સત્તા હોવા છતા સમ્યક્ત્વ મોહનીયનો ઉદ્વેલનાર, વિસંયોજક ન હોય

હવે ગતિ આશ્રયી વિચાર કરીએ

૧. નરકગતિ—

આ ગતિમા સત્તા તો પૂર્વોક્ત રીતિએજ હોય, માત્ર, દેવાયુ સત્તામાં ન હોય, તેથી જ્યા આગળ દેવાયુ ગણવામાં આવ્યુ હોય, ત્યાં તે એક પ્રકૃતિ ઓછી કરવી.

જેમકે—અનેક જીવ આશ્રયી ૧૪૭ ગણી છે, તેને બદલે ૧૪૬ ગણવી.

૨. તિર્યંચગતિ—

અહી પૂર્વોક્ત રીતિએજ સત્તા હોય.

૩. મનુષ્યગતિ—

અહીં પણ પૂર્વોક્ત રીતિએજ સત્તા હોય.

૪. દેવગતિ—

આ ગતિમાં નરકાયુની સત્તા ન હોય, દેવાયુની હોય.

બાકી નરક પ્રમાણે એ રીતે ૧૩૭. ૧૩૮. ૧૩૯. ૧૪૦. ૧૪૧. ૧૪૨. ૧૪૩ ૧૪૪. ૧૪૫ ૧૪૬ અને ૧૪૭ એ અગીયાર સત્તાસ્થાનકો વિચારવા.

૪. અવિરતિ ગુણસ્થાનક.

અહી, સામાન્યથી ૧૪૮ પ્રકૃતિ સત્તામા હોય, તથા એક જીવની અપેક્ષાએ અન્ય ગતિનુ આયુષ્ય બાંધનારને ૧૪૫ની સત્તા હોય.

પરંતુ, વિશેષ વિચારતાં ઉપરની સત્તા તો માત્ર અનેક જીવની અપેક્ષાએ કહી છે, એટલે કે-સર્વ જાતના સમ્યક્ત્વી જીવોની અપેક્ષાએ વિચારી છે, પરંતુ સમ્યક્ત્વ વાર સત્તા વિચારતા તો ઉપશમ સમ્યક્ત્વી, ક્ષાયોપશમિક સમ્યક્ત્વી, ક્ષાયિક સમ્યક્ત્વીઃ એ ત્રણ પ્રકારના સમ્યક્ત્વી જીવો ઉપર સત્તા વિચારવી પડશે

૧. ઉપશમ સમ્યક્ત્વી, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ.

જે જીવો મોહનીયની પ્રકૃતિઓને ઉપશમાવવાનો પ્રયત્ન કરે તે ઉપશમ સમ્યક્ત્વી. તેના બે પ્રકાર છે. ૧. અવિસંયોજક. ૨. વિસંયોજક.

અવિસંયોજક—

આ જીવોમા અવિસંયોજક અનેક જીવની અપેક્ષાએઃ

પૂર્વબદ્ધાયુ જીવોને: ૧૪૮ પ્રકૃતિ. એક જીવની અપેક્ષાએ અન્ય
ગતિનું આયુષ્ય બાંધ્યુ હોય, તેઓને ૧૪૬, તેજ ગતિનું બાંધ્યું
હોય, તેને ૧૪૫, અબદ્ધને અનેક જીવની અપેક્ષાએ ૧૪૮ અને
એક જીવની અપેક્ષાએ ૧૪૫.

વિશેષતા, જેઓને જિનનામ સત્તામાં ન હોય, તેઓને એક
પ્રકૃતિ ઓછી કહેવી, એટલે જ્યાં ૧૪૮, ૧૪૬ અને ૧૪૫ હોય ત્યાં
૧૪૭, ૧૪૫ અને ૧૪૪ પ્રકૃતિ અનુક્રમે કહેવી

અને જો આહારક ચતુષ્ક ન હોય, તો ૧૪૮, ૧૪૬ ને ૧૪૫
ને બદલે ૧૪૪, ૧૪૨ ને ૧૪૧ કહેવી. જિનનામ અને આહારક
ચતુષ્ક સત્તામાં ન હોય તો અનુક્રમે ૧૪૮, ૧૪૬ ને ૧૪૫ ને બદલે
૧૪૩, ૧૪૨, ને ૧૪૦ પ્રકૃતિ કહેવી.

વિસંયોજક

જેને અનંતાનુબંધી ચતુષ્ક સત્તામાં ન હોય, તો પણ તેનું
મૂળ જે મિથ્યાત્વ, તે સત્તામાં હોય, તેને વિસંયોજક કહેવાય છે.

માટે પૂર્વબદ્ધાયુષ્યવાળા અનેક જીવની અપેક્ષાએ અનંતાનુ-
બંધી ચતુષ્ક વિના ૧૪૪ ની સત્તા હોય.

એક જીવની અપેક્ષાએ અન્ય ગતિનું આયુષ્ય બાંધ્યુ હોય,
તેને ૧૪૨. તેજ ગતિનું બાંધ્યું હોય, તેને ૧૪૧. અબદ્ધને અનેક
જીવની અપેક્ષાએ ૧૪૪. એક જીવની અપેક્ષાએ ૧૪૧.

વિશેષતા:—

જેને જિનનામની સત્તા ન હોય, તેને ૧૪૪, ૧૪૨ ને ૧૪૧ ને
બદલે અનુક્રમે ૧૪૩, ૧૪૧ ને ૧૪૦ ની સત્તા હોય.

આહારક ચતુષ્ક ન હોય, તો ૧૪૪, ૧૪૨, ને ૧૪૧ને બદલે
અનુક્રમે ૧૪૦, ૧૩૮ ને ૧૩૭ ની સત્તા હોય.

૧૪૦ ને ૧૩૯ ને બદલે અનુક્રમે ૧૩૭, ૧૩૫ ને ૧૩૪ની સત્તા હોય.

ક્ષાયિક સમ્યક્ત્વી–

જેઓને અનંતાનુબંધી ચાર, અને દર્શન મોહનીય સત્તામાં ન હોય, તે ક્ષાયિક સમ્યક્ત્વીને અનેક જીવની અપેક્ષાએ પૂર્વબદ્ધાયુને ૧૪૧, એક જીવની અપેક્ષાએ અન્ય ગતિનુ આયુષ્ય બાંધ્યુ હોય તો ૧૩૯. તેજ ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તો ૧૩૮. અબદ્ધને પણ ૧૩૮.

જિનનામ સત્તામા ન હોય તો ૧૪૧, ૧૩૯, અને ૧૩૭ ને બદલે ૧૪૦, ૧૩૮ અને ૧૩૬ હોય. આહારક ચતુષ્ક સત્તામાં ન હોય, તો ૧૪૧, ૧૩૯ ને ૧૩૮ના બદલે ૧૩૭, ૧૩૫ ને ૧૩૪. જિનનામ અને આહારક ચતુષ્ક સત્તામા ન હોય, તો ૧૪૧, ૧૩૯ અને ૧૩૮ ને બદલે અનુક્રમે ૧૩૬, ૧૩૪ અને ૧૩૩ ની સત્તા હોય.

હવે આપણે ગતિ આશ્રયી વિચારીએ.

નરક ગતિ–

વિશેષતા– આ જીવોને, દેવાયુ સત્તામાં હોય નહિ. જેને જિન-નામ સત્તામાં હોય તેઓને આહારક ચતુષ્ક હોય નહિ, આહારક ચતુષ્ક હોય તેને જિનનામ હોય નહિ, ક્ષાયિક સમ્યક્ત્વ નવુ ન પામે, મિથ્યાત્વ અને મિશ્ર મોહનીય ઉવેલે નહિ, પૂર્વ ભવે સમ્યક્ત્વ મોહનીય ઉવેલતા કાળ કરે, અને જો પૂર્વે નરકાયુ બાંધ્યું હોય, તો નરકગતિમા આવી ઉવેલવાની ક્રિયા પૂરી કરે. તેથી સમ્યક્ત્વ મોહનીય ઉવેલનાર હોય, બાકી ઉવેલવાની ક્રિયાની શરૂઆત ન કરે.

ઉપશમ સમ્યક્ત્વી અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકવાળા–

અનેક જીવની અપેક્ષાએઃ પૂર્વબદ્ધાયુવાળા જીવોની અપેક્ષાએ દેવાયુ સત્તામાં ન હોય માટે ૧૪૭. અન્ય એકજ પ્રકાર-નું આયુ બાંધ્યું હોય, તેવા અનેક જીવની અપેક્ષાએ ૧૪૬. અબ–

ક્ષાયુ વાળાઓને ૧૪૫. જિનનામની સત્તા હોય તેવા અનેક જીવની અપેક્ષાએ દેવાયુ અને આહારક ચતુષ્ક વિના પૂર્વબદ્ધાયુ વાળાઓને ૧૪૦. એક જીવની અપેક્ષાએ ૧૪૨. અબદ્ધને ૧૪૧. આહારક ચતુષ્કની સત્તાવાળાને પૂર્વબદ્ધાયુ અનેક જીવની અપેક્ષાએ જિનનામ અને દેવાયુ વિના ૧૪૬ એક જીવની અપેક્ષાએ ૧૪૫. અબદ્ધને ૧૪૪.

જિનનામ અને આહારક ચતુષ્ક સત્તામાં ન હોય, તો જિન-નામ, આહારક ચતુષ્ક, ને દેવાયુ એ છ પ્રકૃતિ વિના પૂર્વબદ્ધાયુ અનેક જીવની અપેક્ષાએ ૧૪૨, એક જીવની અપેક્ષાએ ૧૪૧. અબદ્ધને ૧૪૦.

આ જીવો વિસયોજક હોય નહિ, કારણ કે ઉપશમશ્રેણિનું ઉપશમ સમ્યક્ત્વ જેઓને હોય, તેઓ ઉપશમ સમ્યક્ત્વી વિસં-યોજક હોઈ શકે. અન્ય જીવો ઉપશમ સમ્યક્ત્વે વિસંયોજક ન હોય. નરકગતિના જીવોને ત્રણ કરણ કરીનેજ નવું ઉપશમ સમ્યક્ત્વ થાય છે, તે હોય છે, પરંતુ શ્રેણિનું હોતુ નથી, માટે તેઓ વિસં-યોજક ન હોય

ક્ષાયોપશમ સમકિતી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ—

આ જીવો અવિસયોજક અને વિસયોજક એમ બે પ્રકારના હોય છે. તેઓની સત્તા ઉપશમ સમ્યક્ત્વીમા કહી ગયા તેજ પ્રમાણે વિચારવી, પરંતુ ખાસ વિશેષતા એ છે કે—જે જીવો સમ્યક્ત્વ મોહ-નીય ઉવેલતાં અહીં આવ્યા હોય, તેઓને અનેક જીવના અપેક્ષાએ દેવાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ, મિથ્યાત્વ મોહનીય અને અનતાનુબંધી ચતુષ્ક એ નવ પ્રકૃતિ સત્તામા ન હોય, કારણ કે તેઓને આયુષ્યનો બંધ પોતાના આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે થાય છે. જ્યારે સમ્યક્ત્વ મોહનીય ઉવેલતા કાળ કરીને અહી આવેલ જીવ થોડા કાળમા ક્ષાયિક સમકિતી થાય છે. (જો કે, "ક્ષાયોપશમિક સમ્ય-ક્ત્વી, નરકગતિમાં સમ્યક્ત્વ વમ્યા પછી જ આવે છે" એમ :

છે. પરંતુ સમ્યક્ત્વ મોહનીય ઉવેલનાર સમ્યગ્દૃષ્ટિ ચારે ગતિમાં જાય છે. એમ છઠ્ઠા **કર્મગ્રંથમાં** પણ કહ્યું છે, તેથી વિસંવાદ ન જાણવો પરંતુ સમ્યક્ત્વ મોહનીય આદિ પ્રકૃતિઓની ઉવેલના કરનાર ક્ષાયિક સમ્યક્ત્વની તૈયારી કરે છે તેની અપેક્ષાએ, તેને ક્ષાયિક પણ કહેવાય માટે વિસવાદ ન જાણવો)

તેથી સમ્યક્ત્વ મોહનીય ઉવેલતો એવો નારકી સર્વ જીવની અપેક્ષાએ ૧૩૯ ની સત્તા હોય. એક જીવની અપેક્ષાએ જિનનામની સત્તાવાળાને આહારક ચતુષ્ક વિના ૧૩૫, આહારક ચતુષ્કની સત્તાવાળાને જિનનામ વિના ૧૩૮ની સત્તા હોય, પરતુ જિનનામ અને આહારક ચતુષ્કની સત્તા ન હોય તેવા જીવોને ૧૩૪ની સત્તા હોય.

ક્ષાયિક સમ્યક્ત્વીઃ નારકી અવિરત સમ્યગ્દૃષ્ટિ-

આ જીવોને દર્શન સપ્તક સત્તામા હોય જ નહિ, તથા ચોથા ગુણસ્થાનકથી કદી પતિત ન થતા હોવાથી મનુષ્યાયુષ્યજ બાંધે, માટે બાકીના ત્રણ ન હોય, એટલે નવ પ્રકૃતિ વિના અનેક જીવની અપેક્ષાએ પૂર્વબદ્ધાયુવાળાઓને ૧૩૯ની સત્તા **અબદ્ધને** ૧૩૮.

જિનનામની સત્તા રહિત જીવોને પૂર્વબદ્ધાયુ હોય, તો આહારક ચતુષ્ક વિના પૂર્વબદ્ધાયુને ૧૩૫. અબદ્ધાયુને ૧૩૪

જિનનામ અને આહારકચતુષ્ક ન હોય, તો પૂર્વબદ્ધાયુને ૧૩૪. **અબદ્ધને** ૧૩૩.

તિર્યંચગતિ—

આ જીવોને જિનનામની સત્તા હોતી જ નથી તેથી ઉપશમ સમ્યક્ત્વીને અનેક જીવની અપેક્ષાએ પૂર્વબદ્ધાયુષ્યને ૧૪૭. અન્ય ગતિના આયુષ્યના બંધકને એક જીવની અપેક્ષાએ ૧૪૫. **અબદ્ધને**

તથા તેજગતિના બધકને ૧૪૪. આહારકચતુષ્કની સત્તા ન હોય તેને ૧૪૭, ૧૪૫ ને ૧૪૪ ને બદલે ૧૪૩, ૧૪૧ ને ૧૪૦

તથા, અહી અવિસંયોજક અને વિસયોજક એવા બે પ્રકાર હોતા નથી, કારણ કે–પહેલે ગુણસ્થાનકે ત્રણ કરણ કરીને જે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, તે સમ્યક્ત્વ તેઓને હોય છે, પરંતુ શ્રેણીનુ સમ્યક્ત્વ હોતુ નથી.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વી તિર્યંચને પૂર્વબદ્ધાયુ અને૮ જીવની અપેક્ષાએ ૧૪૭ એક જીવને અન્ય ગતિનુ આયુષ્ય બાધ્યુ હોય તો ૧૪૫. તેજ ગતિનુ બાધ્યુ હોય તેને, તથ **અબદ્ધને** ૧૪૪.

આહારક ચતુષ્ક સત્તામા ન હોય, તો ૧૪૭, ૧૪૫, ને ૧૪૪ ને બદલે ૧૪૩, ૧૪૧ ને ૧૪૦ હોય ઉપરની સત્તા અવિસયોજકને તો ૧૪૭, ૧૪૫, ૧૪૪, ૧૪૩, ૧૪૧, ૧૪૦ ને બદલે ૧૪૩, ૧૪૧, ૧૪૦, ૧૩૯, ૧૩૭ ને ૧૩૬ ની સત્તા હોય તથા મિથ્યાત્વ અને મિશ્ર મોહનીય સત્તામા ન હોય તો જિનનામ, અનતાનુબંધી ચતુષ્ક, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, દેવાયુ ને નરકાયુ એ દશ વિના ૧૩૮

